ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ.૧૯૨૯થી) Prabuddh Jeevan

Vol No.: 8 • Issue:9 • Mumbai • December 2020 • Pages : 44 • Price 30/-
ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૯૧) • અંક–૯ • ડીસેમ્બર ૨૦૨૦ • પાનાં – ૪૪ • કિંમત રૂા. ૩૦/–



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯થી ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષક બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી.

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી અંગ્રેજીમાં.
- 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકો પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધ:

- પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે, પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે,
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન પી.ડી.એફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી (૧૯૨૯ થી ૧૯૩૨)
ચંદ્રકાંત સુતરિયા (૧૯૩૨ થી ૧૯૩૭)
રતિલાલ સી. કોઠારી (૧૯૩૩ થી ૧૯૩૩)
તારાચંદ કોઠારી (૧૯૩૫ થી ૧૯૩૬)
મણિલાલ મોકમચંદ શાહ (૧૯૩૯ થી ૧૯૫૧)
પરમાણંદ કુંવરજી કાપડિયા (૧૯૫૧ થી ૧૯૭૧)
જટુભાઈ મહેતા
ચીમનલાલ ચકુભાઈ શાહ (૧૯૭૧ થી ૧૯૮૧)
ડૉ. રમણલાલ ચી. શાહ (૧૯૮૨ થી ૨૦૦૫)
ડૉ. ધનવંત તિલકરાય શાહ (૨૦૦૫ થી ૨૦૧૬)
ડૉ. સેજલ એમ. શાહ (એપ્રિલ ૨૦૧૬...)


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


# સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | ચાલો સાંભળીએ | સેજલ શાહ | ૩ |
| ૦૨. | આગમાગરનું એક મોતી | કુમારપાળ દેસાઈ | ૬ |
| ૦૩. | અર્વાચીન ભક્તિ કાવ્યોનો આસ્વાદ | નરેશ વેદ | ૧૦ |
| ૦૪. | ખ્રિસ્તી ધર્મ અને તેની લાક્ષણિક્તાઓ | તત્વચિંતક વિ. પટેલ | ૧૨ |
| ૦૫. | પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં ભણતર | જશવંત મહેતા | ૧૬ |
| ૦૬. | वज्जालग्गं – प्राकृत सुभाषितसंग्रह लेख – २ | રવિન્દ્ર ખાંડવાળા | ૧૭ |
| ૦૭. | ગાંધી મનન યાત્રા ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલે | સોનલ પરીખ | ૧૮ |
| ૦૮. | Introduction to Jain Thinkers-1 | Kamini Gogri | ૨૦ |
| ૦૯. | અષ્ટપ્રકારી પૂજાનો આસ્વાદ | આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૨૩ |
| ૧૦. | The Sagacious Omniscient – Omnipotent | Prachi Dhanvant Shah | ૨૫ |
| ૧૧. | જાત ન પૂછીએ સંતની... | નિરંજન રાજ્યગુરુ | ૨૭ |
| ૧૨. | કચ્છીઓનું ગૌરવ: મુંબઈની ભાત બજારનો ફૂવારો | નરેશ અંતાણી | ૨૯ |
| ૧૩. | શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૩૧ |
| ૧૪. | જ્ઞાન-સંવાદ – ૩ | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૩૩ |
| ૧૫. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૩૮ |
| ૧૬. | અતીતની બારીએથી | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૭. | જો આ મારો અંતિમ પત્ર હોય તો... | રોહિત શાહ | ૪૪ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • માગસર સુદ ૨

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## ચાલો સાંભળીએ

જીવનનો એક અર્થ આજે જે વ્યાપ્ત છે તે છે પ્રાપ્તિ. સમગ્ર જીવનનું કેન્દ્ર એ પ્રાપ્તિની આસપાસની ક્રિયાઓને ગોઠવવામાં, એ ક્રિયાઓની યોગ્યતાને સ્થાયી કરવામાં જાય છે. સ્થિર થવાની ખેવના છે પણ સ્થિર થવું એટલે શું? શરીરને સ્થિર કરવું, મનને કે શ્વાસને કે ત્રણેયને ? પણ જ્યારે વાત પ્રાપ્તિની હોય છે ત્યારે સ્થિરતા ક્યાંથી લાવવી ? પ્રશ્નો અનંત છે, પણ મજા અછે કે અનંત પ્રશ્નો સાથે પનારો પાડવા માટે મન પાસે પણ બે-લગામ વિચારો છે. આ વિચારો સ્થિરતા નથી આપતા. આ વિચારો જીવનની ભૌતિક સ્થિરતા કરવા માટે સતત મથે છે. જીવનના પ્રયત્નો એ રહે છે કે ભૌતિક સ્થિરતા પ્રાપ્ત થાય અને મન અને બુદ્ધિ મથે છે કે આધ્યાત્મિક સ્થિરતા પ્રાપ્ત થાય અને આ બેની વચ્ચે જે ક્રિયાઓ થાય છે એનો કોઈ ઉદ્દેશ્ય જ નથી સમજાતો. તાત્કાલિક સફળતાની સુખલક્ષી ક્રિયાની વચ્ચે આ જીવનને આપણે આકાર વગરનું, નકશા વગરનું કરી દીધું છે.

આ અંકના સૌજન્યદાતા
પુણ્ય સ્મૃતિ
પિતાશ્રી શ્રી દીપચંદ ગાર્ડી
હસ્તે : શ્રી હસમુખભાઈ દીપચંદ ગાર્ડી

ધ્યાનમાં બેસીને વિચારીએ છીએ કે, આ શ્વાસની અવરજવરની વચ્ચે મારા આત્માહિતાર્થે શું કરું ? ધ્યાન પૂરું થાય એટલે જે શરીર છે તેનું આલંબન આપણને કાબૂમાં લઈ લે છે. બન્નેનો નકાર નથી થઈ શકતો. સાવ સાચું. જો આપણને આપણા વિશે કોઈ કહી શકતું હોય તો તે મન છે. ચાલો, મનને જ કેળવીએ.

હમણાં-હમણાં આ ક્રિયાઓની વચ્ચે એક 'સ્વાસ્થ્ય' નામનો શબ્દ પ્રવેશે છે અને કોઈ કહે છે કે જો યોગા કરશો તો સ્વસ્થ રહેશો અને સમગ્ર દેશના વિચારકોમાં એ 'ક્રિયા', શબ્દ પ્રચલિત થઈ જાય છે. આજે ધર્મ અને વિજ્ઞાનનો સુમેળની વિચારણા સૌથી પ્રચલિત છે. બૌદ્ધિકજનોના ઘરની બહાર એ જ નેમપ્લેટ જોવા મળે છે, 'અમે વૈજ્ઞાનિક ધર્મને અનુસરીએ છીએ'. આ કોણ કોને શું સમજાવી રહ્યું છે, તમને સમજાય છે? 'ધર્મમાં વિજ્ઞાન નહોતું', એવું ભણેલાં વર્ગે ઠેરવ્યું અને પછી એક 'સગવડનો ધર્મ' જેને વૈજ્ઞાનિક ધર્મ કહેવામાં આવ્યો. અરે, સખા આપણે ક્રિયાને ધર્મ

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web editor : Hitesh Mayani - 9820347990

માની લીધો હતો અને પછી આપણે, આપણને જ સાચા કરવાં બધી વિચારણાને ઉપર-નીચે કરી દીધી. તપના આનંદનું ઉજમણું કે અન્ય ઉજમણા પાછળ આનંદ અને ગમતાના ગુલાલ સાથે સહુને પ્રોત્સાહિત કરવાની મૂળ ભાવનાનો આમ છેદ ઉડાવી દેવાનો? લગ્ન કરતી વખતે રસ્તા પર નાચતા લોકો કંઈ લગ્નની જાહેરાત નથી કરતા, એ તો આનંદ વ્યક્ત કરવાની એક રીત છે તેમ જ તપનું ઉજમણું કરવું એ પણ આનંદ વ્યક્ત કરવાની રીત. એને આત્માહિતાર્થે થતી ક્રિયા સમજનારની સમજણને શું કહેવું!

ક્રિયા બે રીતે થાય છે, એક સંપૂર્ણ આંતરિક અને એક બાહ્યાચાર માટે. એક વર્ગ આ બાહ્યાચારમાં ખુશ છે, કારણ એમને ક્ષણિક આનંદમાં રસ છે. એમને બહારનો ઘોંઘાટ અને વેશ ગમે છે અને તે પોતાના શરીર સાથે જીવે અને શરીર સાથે મૃત્યુ પામે છે. બીજો એક વર્ગ પોતાના આત્મા સાથે જીવે છે, એ પણ બધી જ બાહ્યચારની ક્રિયા કરે છે, પણ એ આવશ્યક્તાનો ભાગ હોય છે. પ્રાપ્તિનો અર્થ સમજવાનો પ્રયત્ન કરી રહી છું.

આ યોગની એક અત્યંત મહત્ત્વની બાબત એટલે ધ્યાન.

ધ્યાન શું છે, રસોડામાં રસોઈ કરતી મમ્મીની એક આંગળી બહાર ઘોડિયામાં સૂતેલાં બાળકનાં સળવળાટને સાંભળીને એ તરફ દોરાય છે અને બીજી તરફ ગૅસ પર મૂકેલા અન્નને પણ યોગ્ય રીતે આરોગવા માટે ઉત્તમ બને તેનો ખ્યાલ રાખે છે અને સાથે ઘરના સભ્યોના સ્વાદ અનુસાર જેમના માટે જે અનુકૂળ હોય તે મુજબ અલગ પણ કાઢતા જાય છે અને આમ કરતી વખતે તેનું સમગ્ર ચિત્ત ક્યારેય ભૂલ નથી જ કરતું. એને માટે તો જાણે આખી એ રીતિ ગોઠવાઈ ગઈ છે. આથી ઉત્તમ ધ્યાન કોને કહું ? આત્મિક સત્ય સ્વ-હિતાય હોય પણ સમાજમાં રહ્યા પછી પર-હિતાયને વિસરી ન જ શકાય. બંનેનું નિરંતર બૅલેન્સ જાળવવાનું છે. બાહ્ય સાથે પૂરેપૂરું જોડાણ સાધી એને સર્વસ્વ નથી માનવાનું, એને સાવ અવગણીએ નહીં ચાલે. આ બેધારી તલવાર જેવી પરિસ્થિતિની વચ્ચે ખૂબ શાંતિથી રસ્તો મળી શકે, કઈ રીતે ? કેટલાક સહજ મુદ્દાઓ.

એક, આ જગતમાં જે કંઈ થાય છે તે પ્રત્યેક બાબત સાથે જાતને ન જોડીએ. મારે મારું કાર્ય કરવાનું છે પણ અન્યના કાર્યને પણ કાબૂમાં નથી કરવાનું. હું જગતનું બધું જ કામ નહિ કરી શકું, તે જાણું છું. એટલે જે કામ જેને સોંપ્યું છે, તેને તે કામની શ્રદ્ધા અને જવાબદારી પર સોંપવી. આપણે આ જગતના નિર્ણાયક બળ નથી. ખૂબ સામાન્ય માનવી છીએ અને છીએ ત્યાં સુધી જ નામ પણ છે, પછી એ પણ નહીં રહે.

બે, સત્ય માત્ર અને માત્ર મારા જ પક્ષે છે, એવી ભૂલભરી માન્યતાથી મુક્ત થઈએ. દરેકને એમ જ લાગે છે કે એ જે જાણે છે તે જ સત્ય છે. ના, સત્યનો ચહેરો જોવાની, સમજવાની અને પારખવાની આપણી પોતાની મર્યાદા છે. આ મર્યાદાને અહંકારમાં ન પલટાવો.

ત્રણ, કોઈ પણ બાબત, કોઈ પણ વસ્તુ, કોઈ પણ પ્રસંગ કે કોઈ પણ વ્યક્તિ તમને એ નહીં જ આપે જે તમે હંમેશાં ચાહો છો. બીજા પાસેથી ચાહત ઓછી કરીએ, જાત પાસે વધુ ઈચ્છીએ અને જાતને જ પૂછીએ કે મેળવવું એટલે શું અને મેળવવાની આવશ્યક્તા કોના માટે છે? પોતાના મનનો સમગ્ર કારભાર પોતાના આધારે કરીએ, બીજાના આધારે નહીં. આ તો મનનું અંગત વિશ્વ છે, એમાં બીજાના ઓરડા કેટલા બાંધશું ? જે છે તે, તે ક્ષણ પુરતું છે, પછી એ નથી.

સામાજિક પરિસ્થિતિએ આપેલો શબ્દ 'ન્યૂ નૉર્મલ' સમજીએ, માણીએ અને અવગણનાનો ડોળ કર્યા વગર તેને સ્વીકારી અંદરના બદલાવને નજરઅંદાજ ન કરીએ. જ્ઞાન અમાપ છે, પણ એ જેટલું મેળવીએ એટલું ઓછું છે. સામાજિકતા અને અધ્યાત્મને એકબીજાના પૂરક ગણીએ, નહીં કે વિરોધી. વાડા મનના છે, જ્ઞાનના નહીં અને જ્યાં વિભાજન છે, સમગ્રતા નથી ત્યાં જ્ઞાન નથી, માહિતી છે.

જીવનમાં અનેક વ્યાપ્ત સંકેતોની વચ્ચે રોજરોજ આવતા અનુભવોના સિંચનનું બળ જાતને વધુ ને વધુ કેળવે છે. અનંતસૃષ્ટિના અનેક રંગોનો અનુભવ વારાફરથી વારા થયા કરે છે, તેમ તેમ વધુ ને વધુ રંગો સ્પષ્ટ થતા જાય છે. આ અનુભવ મળ્યા એ જ મોટી વિરાસત, પણ કોઈ પણ એક અનુભવમાં સ્થિર નથી થઈ જવું, જીવનને વહેતું રાખવું છે, ગળાડૂબ વહેતું. આ વહેણમાં અનેક બીજા પ્રવાહો આવે છે. કેટલાંક પ્રવાહો તો મૂળને બદલવાનો પ્રયત્ન કરે છે, ન બદલવાનું એ જ રહેવું, જે તમે અંદરથી સત્ય માનો છો. સફળતા, જીત અને પ્રાપ્તિ

એટલે શું અને કેટલી વિશાળ આ સંજ્ઞા કોતરવી છે, તેનો નિર્ણય જાત સિવાય બીજું કોઈ નથી લેતું. જાતને પૂછવાની, જાતને ઝીલવાની અને જાતનો સામનો કરવાની હિમ્મત કેળવી લઈએ, બાકી બધું તો આપોઆપ જ સમજાઈ જશે.

બીજું, જીવનના વ્યાપ્ત સંકેતની વચ્ચે સતત કામ કરતાં એક ઠહેરાવ આવે છે, જ્યાં રોકાઈને જોઈ લેવું કે આજ મારગની કલ્પના હતી કે આ મારગ બીજો છે. ઘણીવાર એમ બને કે આ અંદરના વિસામાની ક્ષણે વર્ષો ગાળ્યા બાદ ખબર પડે કે મારગ ફંટાઈ ગયો છે.

ક્ષણિક અને પોકળ સાથે અનન્ય સંબંધ બંધાઈ ગયો છે. પ્રકૃતિના સનાતન સત્યને બદલે મકાનોના ચોસલામાં મન થીજી ગયું છે. સંબંધ એટલે તો સગવડનાં ચોસલામાં ગોઠવાયેલા રંગીન પીછાં. ક્યારે ઊડી જાય તે કહેવાય નહીં. એમાં વાંક મનુષ્ય-વૃત્તિનો છે, કોઈ એક જણ કદી ખરાબ નથી હોતું પણ તેની વૈચારિક શક્તિની મર્યાદાથી તે અજાણ હોય છે અને તેથી તે મર્યાદિત નિર્ણય લઈને બધું જ વિખેરી દે તેવું લાગે. એ નિર્ણય એ વ્યક્તિની અનુકૂળતા અને અન્યની અનુકૂળતા. આની વચ્ચે હું અને તમે કોણ, જે નક્કી કરીએ કે આ સાચું અને આ ખોટું !

પસંદગી સાથે જ આપણે કેટલાક વિકલ્પોને આપણી તરફ આવતા બંધ કરી દેતા હોઈએ છીએ. ખરેખર તો પસંદગી પ્રવાહી હોવી જોઈએ, તે ઓળખનો ભાગ ન બને ત્યાં સુધી ઉત્તમ, પણ પસંદગીનું શાસ્ત્ર જ્યારે થોપી બેસાડાય છે ત્યારે એ મર્યાદિત બનતી હોય છે. મારી પસંદગી, મારી ઓળખ ન બને એ તો જરૂરી જ વળી. પણ મારી ઓળખ કોઈ ચોક્કસ મર્યાદા કે વિચારની સીમિત રેખાઓમાં ગોઠવાઈ જાય ત્યારે સમજવું કે હવે આપણે જીવતા નથી, કાટ ખવાઈ ગયો છે અને ભરભર ભૂક્કો ખર્યા કરશે. આ ભૂક્કો બનીએ, એ પૂર્વે પાછા આપણી મૂળ સંરચના જાણી, સમજી લઈએ અને માણીએ એક આપણું ઉત્તમોત્તમ અકલુષિત સ્પર્શર્યા વગરનું ઋત, જે અંદર છે, બધામાં છે, જોઈએ કોણ દ્વાર ઉઘાડશે!!

❖ ❖ ❖ ❖

**– ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૪.૦૦ થી રાતના ૭.૦૦ સુધી)

આમ ને આમ ક્યાં સુધી ?
લગીર તો વિચાર કર
શબ્દને અડક્યા વિના તું
અર્થનો અહેસાસ કર

જો ધરા હુંફાળી ના મળે
તો પથ્થરે પમરાટ કર
ભટકીશ ના એ શ્રૃંગારમાં
તું મોરપીંછનું પાન કર

સાગરની શું વાત કરે છે ?
ઝરણાંને પોતાનું કર
ચોઘડિયાની છોડ કરામત
પનિહારીનું સ્વાગત કર

રજકણના સંભળાય ધ્વનિ
સૌથી સરવા કાન કર
તારા સૂર ને તારા સ્વરમાં
કોકિલકંઠી ટહુકા કર

ટહુકે ટહુકે પીગળી રાધા
મીરા બનીને નર્તન કર
શબરી માફક શાંત રહી ને
ગુરુવચનનો આદર કર

આંખ મીંચી થયું જાગરણ
ખુલ્લી આંખે નિંદ્રા કર
શામળિયાના શ્યામલ રંગે
હોંશીલી રંગપૂરણી કર

।। કલાધર આર્ય।।

# આગમવાણીનું મહાસાગરનું એક મોતી

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

મન પણ કેવું છે! ક્યાં ને ક્યાં ઊડતું રહે છે અને કેવી નવી નવી દિશાઓમાં ઘૂમતું રહે છે. આવું મન જ્યારે ભગવાન મહાવીરના જીવન વિશે વિચાર કરે છે, ત્યારે કેટલાય નવા અર્થો, નવા સંદર્ભો, નવા વિચારો અને નવાં દર્શનો જાગે છે. એમનાં અનુપમ જીવનનો વિચાર કરીએ ત્યારે એમ લાગે કે એમને કેટકેટલા ઉપસર્ગો સહન કરવા પડ્યા. કેવું ભવ્ય જીવન, કેવી અનુપમ સાધના અને અધ્યાત્મની કેવી ઊંચાઈ અને તેમ છતાં સાડા બાર વર્ષની સાધના દરમિયાન કુલ તેર જેટલા ઉપસર્ગો સહન કર્યા.

શૂલપાણી યક્ષે અસ્થિકગ્રામમાં આ એકાકી, એકલવીર મહાવીરને પરેશાન કરવામાં કશું બાકી રાખ્યું નહીં. અસ્થિકગ્રામ એટલે કે હાડકાંઓનો સમૂહ ધરાવતી જગા. એ ગામની બહાર આવેલા ટેકરા પર માત્ર એક જ રાતમાં શૂલપાણીએ ભયંકર વીતકોનો વરસાદ વરસાવ્યો. યક્ષનું રાક્ષસીબળ મહાવીરના આત્મબળ સમક્ષ પરાજિત થયું. સાધક મહાવીરને કૂવામાં ઝબોળવું, માર મારીને દોરડા સાથે બાંધવા, માત્ર માનવો જ નહીં, પણ કટપૂતના જેવી વ્યંતરી દ્વારા ઉપસર્ગો કરવા, કર્મારગામમાં પહેલો ઉપસર્ગ ગોવાળિયાએ કર્યો અને તેરમા વર્ષે ષમ્મણિ ગામમાં ગોવાળ દ્વારા કાનમાં કાષ્ઠશૂળ ખોસવાનો ઉપસર્ગ થયો.

ક્ષમાના અવતાર એવા પ્રભુ મહાવીરને કેવા કેવા પ્રકારના દ્વેષનો કેવો સામનો કરવો પડ્યો! માત્ર માનવીઓ જ એમનો દ્વેષ કરતા નહોતા, બલ્કે વ્યંતર અને દેવો પણ એમનો દ્વેષ કરતા હતા. આવે સમયે મનમાં એ વિચાર જાગે કે ભગવાન મહાવીરના જીવનને લક્ષ્યમાં રાખીને વર્તમાન સમયે સર્વત્ર વ્યાપ્ત એવી દ્વેષવૃત્તિની ચિકિત્સા કરીએ. વિચાર કરીએ કે ભગવાન મહાવીરે જેનો જીવનભર અનુભવ કર્યો, તે દ્વેષ વિશે એમણે શું કહ્યું છે?

પ્રથમ દૃષ્ટિપાત કરીએ શ્રી સ્થાનાંગ સૂત્ર નામના આગમ પર, જે આગમમાં તેઓ કહે છે, '**दुविहे बंधे–पेज्जबंधे चेव दोसबंधे चेव।**' અર્થાત્ 'બંધન બે પ્રકારનાં હોય છેઃ પ્રેમનું બંધન અને દ્વેષનું બંધન.'

અહીં ભગવાન મહાવીરસ્વામીનું એક વિશિષ્ટ દર્શન પ્રગટ થાય છે. સામાન્ય રીતે જગત પ્રેમના બંધનને જાણે છે. પ્રેમના બંધન વિશે ઘણું કહે છે, પણ અહીં એક બીજું બંધન તે દ્વેષનું બંધન હોય છે એમ કહે છે. આપણા જીવનમાં જોઈએ તો કોઈક વ્યક્તિ સાથે આપણે ગાઢ પ્રેમથી બંધાયેલા હોઈએ છીએ. એ વ્યક્તિને જોતાં કે પછી એનું સ્મરણ થતાં આપણા હૃદયમાં સ્નેહભાવની સ્ફુરણા થાય. એમ કહેવાય છે કે પ્રેમ અતૂટ હોય છે. એમાંથી માણસ મુક્ત થઈ શકતો નથી. કિંતુ અહીં એક નવી વાત દ્વેષના બંધનની કરી છે. જેના તરફ પ્રેમ હોય એને જોતાં અંતરમાં ઉમળકો આવે છે, એ જ રીતે જેના પ્રત્યે દ્વેષ હોય, એને જોતાં અંતરમાં વેરના અગ્નિની આગ ફેલાય છે. આપણી આંખો તો એની એ જ છે, પણ પ્રિયજનને જોતાં એમાં જે ભાવો જાગે છે તે વિરોધીને જોતાં પ્રગટતા નથી. જેમ પ્રેમ માણસને બાંધી રાખે છે, એ જ રીતે દ્વેષ પણ તેમને બાંધી રાખે છે! એકમાં ઉષ્મા છે, તો બીજામાં તિરસ્કાર છે. એકમાં શીતળ જળની ધારા વહે છે, તો બીજામાં બાળી નાખનારો અગ્નિ પ્રજ્વલિત હોય છે.

ભગવાન મહાવીર આ બંને બંધનથી મુક્ત થવાનું કહે છે. જેમ પ્રેમનું બંધન જકડી રાખે છે, એ જ રીતે દ્વેષનું બંધન પણ જકડી રાખતું હોય છે. દ્વેષનું બંધન વ્યક્તિની આંખમાં એવો ભાવ જગાડે છે કે એને સામી વ્યક્તિ માટે તિરસ્કાર થાય છે. જો એ વ્યક્તિ સત્તા કે સંપત્તિ ધરાવતી હોય, તો સામેની વ્યક્તિ તરફ તિરસ્કાર કે દ્વેષ દાખવશે, જો એ બંને બરોબરિયા હશે, તો દ્વેષી એની નિંદા કરશે. જેમ ઘુવડ દિવસે જોઈ શકતું નથી, તેમ દ્વેષી વ્યક્તિ અન્યની પ્રગતિને જોઈ શકતી નથી. એ મનોમન ગુસ્સાથી ધૂંધવાયેલી રહે છે. દ્વેષને પણ બંધનરૂપ કહીને ભગવાને એનાથી મુક્ત થવાનું કહ્યું છે. માત્ર રાગથી મુક્ત થયે ન ચાલે. દ્વેષથી પણ મુક્ત થવું જોઈએ.

જેમ રાગ અવરોધરૂપ છે એમ દ્વેષ પણ સાધકને માટે અવરોધરૂપ છે. દ્વેષના બંધનથી બંધાયેલો માનવી રામાયણની મંથરા જેવી વૃત્તિ ધરાવે છે. અયોધ્યા નગરીના મહેલ પર રામનો રાજ્યાભિષેક થતો હોવાને લીધે દીવાઓ પ્રકાશિત થતા હોય છે અને એનું તેજ આખી નગરીને એક અનુપમ શોભા આપતું હોય છે, કિંતુ દ્વેષ ધરાવતી મંથરાને અયોધ્યાની નગરી પરના દીવાઓનું તેજ દઝાડે છે અને એના મનમાં દ્વેષ જગાડે છે. ભગવાન મહાવીરની વાણીનો મહિમા એ છે કે માલકૌંસ રાગમાં વહેતી એ વાણી અત્યંત સરળ અને હૃદયમાં ઊતરી જાય તેવી છે. એ સમયે મગધ દેશની ભાષા અર્ધમાગધી હતી અને ભગવાન મહાવીરે એ જનભાષામાં ઉપદેશ આપ્યો.

ક્યારેક એવું બનતું હોય છે કે એક જ સમયે પ્રેમના બંધનથી બંધાયેલી વ્યક્તિ અહંકારને કારણે દ્વેષના બંધનમાં જકડાઈ જતી હોય છે. આનું માર્મિક દૃષ્ટાંત ભગવાન મહાવીરસ્વામીના જીવનમાં આવતો ગોશાલક સાથેનો પ્રસંગ છે. દ્વેષ કરનાર પોતે મનમાં સતત બળતો તથા વિચારોમાં વ્યગ્ર અને વ્યવહારોમાં ઉગ્ર બની રહે છે.

એક સમય ભગવાન મહાવીરનો શિષ્ય ગોશાલક ગુરુ મહાવીર

પ્રત્યે અપાર ભક્તિ રાખતો હતો. સુખી, સમૃદ્ધ અને સંપન્ન એવા પરિચિત આર્યદેશમાંથી ભગવાન મહાવીર વિહાર કરતા-કરતા અનાર્ય દેશમાં ગયા, ત્યારે ગોશાલક એમની સાથોસાથ રહ્યો. ગુરુમહિમા ગાવા માટે ગોશાલક અપાર દુઃખ વેઠતો હતો. જંગલી અને અજ્ઞાની લોકોનો માર પણ સહન કરતો હતો. એ સતત પોતાના ગુરુની પ્રશંસા કરતો હતો, પરંતુ એની ભીતરમાં દ્વેષ વળગ્યો અને દ્વેષને કારણે આ પરમ શિષ્ય પ્રખર વેરી બન્યો. એ ભગવાન મહાવીરનો પ્રતિસ્પર્ધી બનીને કહેવા લાગ્યો કે પોતે સર્વજ્ઞ છે. તીર્થંકર છે, અને અર્હત છે.

ભગવાન મહાવીરથી વિખૂટા પડ્યા પછી ગોશાલક શ્રાવસ્તી અને એની આસપાસના પ્રદેશમાં ભ્રમણ કરતો હતો. આ શ્રાવસ્તી નગરીમાં વસતા હાલાહલા કુંભાર અને અયંપુલ ગાથાપતિ ગોશાલક પરમ ભક્ત હતા. ગણધર ગૌતમ ભિક્ષાને માટે શ્રાવસ્તી નગરીમાં ગયા ત્યારે તેમણે લોકોને એમ કહેતાં સાંભળ્યા કે આ શ્રાવસ્તી નગરીમાં તો બે તીર્થંકરો એકસાથે વિચરી રહ્યા છે. ગણધર ગૌતમસ્વામી ભિક્ષા લઈને પાછા વળ્યા ત્યારે એમણે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો કે શું ખરેખર ગોશાલક તીર્થંકર છે ખરો?

ભગવાને કહ્યું, 'ગોશાલક નથી સર્વજ્ઞ કે નથી તીર્થંકર. યોગ્યતા વગર ઉપાધિ કેવી? આજથી ચોવીસ વર્ષ પહેલાં એણે મારી પાસે દીક્ષા લીધી હતી. છ વર્ષ મારી સાથે રહ્યો મને સ્નેહથી અનુસર્યો, પરંતુ પછી શક્તિ તરફ આકર્ષાયો. શક્તિથી મળતી કીર્તિનો દાસ બન્યો. એ મારાથી જુદો પડીને સ્વચ્છંદે વિહરવા લાગ્યો. એને છ મહાનિમિત્તોનું જ્ઞાન છે. પણ નથી એ સર્વજ્ઞ કે નથી એ તીર્થંકર. એ અષ્ટાંગનિમિત્તનો શ્રેષ્ઠ જ્ઞાતા હોવાથી કેટલુંક ભવિષ્યકથન કરી શકે છે, પરંતુ એ સિવાય એ જે પદનો દાવો કરે છે તે પદની કોઈ યોગ્યતા એની પાસે નથી.'

ભગવાન મહાવીરની આ વાત આર્ય ગોશાલક સુધી પહોંચી ગઈ. ગોશાલકને ભય લાગ્યો કે આ મહાવીર સોળ-સોળ વર્ષની કીર્તિને સાફ કરી નાખશે. મેં રચેલી બાજી ખુલ્લી પડી જશે અને હું ક્યાંયનો નહીં રહું. આથી ભગવાન મહાવીરના સ્થાવિર શિષ્ય આનંદ ગોચરી માટે જતા હતા, ત્યારે એમને બોલાવ્યા. સરળ અને વિનયી આનંદ હંમેશાં છઠ્ઠ તપ કરતા હતા. ગોશાલકે ભયંકર ગર્જના કરતાં આનંદને કહ્યું કે જો મહાવીર મારા વિશે પણ કહેશે તો હું એમને ભસ્મ કરી નાખીશ. મને છંછેડીને એ સાર નહીં કાઢે.

ભયભીત બનેલા આનંદને પ્રભુ મહાવીરે આશ્વાસન આપ્યું અને કહ્યું કે ગોશાલક એના તપ-તેજથી અન્યને ભસ્મ કરી શકે, પરંતુ અરિહંત ભગવાનને ભસ્મ કરવા એ અસમર્થ છે. એની શક્તિથી અનંતગણું અરિહંતનું તપ-તેજ હોય છે, કારણ કે એમનામાં ક્ષમાનો વિશેષ ગુણ હોય છે.

ભગવાન મહાવીરે ગણધર ગૌતમ વગેરે શિષ્યોને કહ્યું કે ગોશાલક આવે, તોપણ એની વિરુદ્ધ કશું બોલવું નહીં. ત્રાજવું ભલે પોતાના ભારથી જ તૂટી જાય. આખરે ગોશાલક શિષ્ય પરિવાર સાથે પ્રભુ મહાવીર પાસે આવ્યો. મહાવીરના શિષ્ય મુનિ સર્વાનુભૂતિ અને મુનિ સુનક્ષત્રએ ગોશાલકને શાંત પાડવા અને સમજાવવા કોશિશ કરી, તો ગોશાલકે એને ભસ્મ કરી નાખ્યા. શિષ્યોને બાજુએ રાખીને ખુદ પ્રભુ મહાવીર આગળ વધ્યા. ભગવાને એને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ ગોશાલકમાં ક્રોધનું ઝનૂન વ્યાપી રહ્યું. એણે મોટી મોટી આંખોને સૂર્ય તરફ સ્થિર કરી અને સૂર્યનો અગ્નિ આંખોમાં સંગ્રહીને પ્રભુ મહાવીર પર ભયંકર ફુત્કાર કર્યો. તેજોલેશ્યાની સળગતી આગનું એક મહાવર્તુળ ભગવાનની પ્રદક્ષિણા કરીને ગોશાલકના શરીર તરફ પાછું ધસ્યું અને એના દેહમાં સમાઈ ગયું. પળવારમાં દેખાવડો ગોશાલક બિહામણો થઈ ગયો. એનું મુખ કાળું ડિબાંગ બની ગયું. મહાવીર શાંતિના અવતાર બનીને ઊભા હતા. ગોશાલકના દેહમાં દાવાનળ પ્રગટ્યો હતો.

મૃત્યુ પૂર્વેની સાતમા દિવસની રાત્રિએ ગોશાલકનું મિથ્યાત્વ નષ્ટ થતાં એની દૃષ્ટિ નિર્મળ અને શુદ્ધ થઈ. પોતાના સ્થાવિરોને બોલાવીને કહ્યું કે મેં શ્રમણોનો ઘાત કર્યો, ધર્માચાર્યોનો દ્વેષ કર્યો. વસ્તુતઃ શ્રમણ મહાવીર જ સાચા જિન છે. આમ ગોશાલક અંતિમ અવસ્થામાં કંઈ સમક્તિ પામ્યો. ભગવાન મહાવીરના વચન પર શ્રદ્ધાવાન બન્યો અને સમ્યક્ત્વના પ્રભાવે મૃત્યુ પામ્યા બાદ ગોશાલક બારમા દેવલોકમાં ગયો.

આમ દ્વેષી ગોશાલકના જીવનમાં જોઈએ છીએ કે દ્વેષ એને બાળી નાખે છે અને અંતે પોતાના આવા દ્વેષને માટે એ પશ્ચાતાપ અનુભવે છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં અઢાર પાપસ્થાનક દર્શાવવામાં આવ્યાં છે. એમાં અગિયારમું દ્વેષ દર્શાવવામાં આવ્યું છે.

અલિપ્ત વિષયોમાં અપ્રીતિ થવી તે મોહનો જ એક પ્રકાર છે. તેને દ્વેષ કહેવામાં આવે છે. અણગમતા લોકો પ્રત્યે કે અણગમતા પદાર્થોના સમૂહ પ્રત્યે વેરભાવ રાખવો તેને દ્વેષ કહે છે. ક્રોધ, માન, અરતિ, શોક, ભય અને જુગુપ્સા એ છ કષાય દ્વેષરૂપ છે.

કોઈપણ પદાર્થ પ્રત્યે અનુરાગ ધરાવતા હોઈએ અને તેમાં કોઈ વિઘ્ન કરનારું આવે ત્યારે એને હણવાનો કે એનો નાશ કરવાનો વિચાર થાય છે એને દ્વેષ કહેવામાં આવે છે. જેમ અનુરાગ એ આત્માથી ભિન્ન છે એ જ રીતે એના પ્રત્યે વિઘ્ન કરવાની ઈચ્છા ધરાવનાર દ્વેષ આત્માથી ભિન્ન છે, એમ વિચારવું જોઈએ.

આ સંસાર જીવ અને અજીવોથી ભરેલો છે તે તમામ જીવો અને અજીવો મારાથી ભિન્ન છે. જેમ કોઈને કોઈ સ્ત્રી પ્રત્યે અનુરાગ જાગે તો તે એનાથી ભિન્ન છે એમ એના અનુરાગમાં અવરોધરૂપ બનનાર જીવ પણ એનાથી ભિન્ન છે માટે એના તરફ શત્રુતા જાગે છે અને દ્વેષ થાય છે, પરંતુ જો એમ વિચારવામાં આવે કે આ બંને

તારાથી ભિન્ન છે તો દ્વેષ જાગતો નથી. જેમ કે બે વ્યક્તિઓ એકબીજા સાથે લડતી હોય તો દ્વેષ જાગતો નથી, પરંતુ એમાં જો એક વ્યક્તિ પોતાનો મિત્ર કે સંબંધી હોય તો બીજા પ્રત્યે દ્વેષ જાગે છે. જો એ બંનેને જુદા માને અથવા તો એ બંને એના મિત્ર કે સંબંધી હોય તો બેમાંથી એક પણ વ્યક્તિ પ્રત્યે એને દ્વેષ જાગતો નથી. આથી જ 'મિથિલા નગરી બળે તેમાં મારું શું?' એવી નમિ રાજર્ષિની અન્યત્વભાવના વિચારવી જોઈએ. એ નગરીમાં આગ લાગી હતી પરંતુ એ વિચારે છે કે જે મારું છે તે બળતું નથી, અને જે બળે છે તે મારું નથી.

આવી પરિસ્થિતિમાં કોના પ્રત્યે પ્રેમ દર્શાવું અને કોના તરફ ગુસ્સે થાઉં આનો અર્થ જ એ કે જો વ્યક્તિ પોતાના પરિવાર, ધનવૈભવ અને સાંસારિક સુખો અર્પતાં સાધનોને પોતાનાથી ભિન્ન માને અને વિચારે કે આ બધાથી તો મારો આત્મા ભિન્ન છે. તો તેમને અવરોધરૂપ બનનારા લોકો પ્રત્યે દ્વેષ આવતો નથી.

આ રીતે અન્યત્વ ભાવના દાખવવાથી વ્યક્તિ રાગ અને દ્વેષથી પર બની જાય છે. જેમ જીવની વાત થઈ તેમ અજીવ (પુદ્‌ગલ) વિશે વિચારવું જોઈએ. જો કોઈ પુદ્‌ગલ દ્રવ્ય પ્રત્યે મને અનુરાગ જાગે તો એમાં અવરોધરૂપ બનનારું બીજું પુદ્‌ગલ દ્રવ્ય દ્વેષના સંબંધવાળું બને છે. પુદ્‌ગલ એવા દેહ પ્રત્યે મોહ જાગે તો એ દેહને પીડા પહોંચાડનારા શસ્ત્ર, પથ્થર વગેરે તરફ દ્વેષ જાગે; પરંતુ જો દેહ પ્રત્યે અનુરાગ જ દાખવે નહીં તો એ દેહને પીડા આપનારા પ્રત્યે દ્વેષ નહીં જાગે. તીર્થંકરોને થયેલા ઉપસર્ગોમાં આ જોઈ શકાય છે. ભગવાન મહાવીરને વિના કારણે દંશ આપનારા ચંડકૌશિક સર્પ પ્રત્યે દ્વેષભાવ જાગતો નથી. ખંધકમુનિ, ગજસુકુમાલમુનિ જેવા મુનિરાજોને પણ એમના દેહને પીડા આપનારા પ્રત્યે કોઈ દ્વેષ જાગતો નથી. વળી જેમ રાગ ચંચળ છે તે જ રીતે દ્વેષ પણ ચંચળ છે. આજે જેના પ્રત્યે દ્વેષ હોય તેના તરફ આવતી કાલે દ્વેષ ન પણ હોય.

જેની સાથે પૂર્વે વેર બંધાયું હોય તે વેર ચાલ્યું જાય તો એના પ્રત્યેનો દ્વેષ પણ વિદાય લે છે. એટલે કે વ્યક્તિને એક વ્યક્તિ તરફ રાગ કે મોહ હોય તો એના અવરોધ બનનારા પ્રત્યેનો દ્વેષ થતો હોય છે. પરંતુ એક સ્ત્રી સાથે કંકાસ થતાં એ છૂટાછેડા લે તો પેલો રાગ ચાલ્યો જાય છે અને જેના પ્રત્યે દ્વેષ હતો તે પણ દૂર થઈ જાય છે. આમ જેમ રાગ એના રંગ બદલી શકે છે એમ દ્વેષ પણ એના રંગ બદલી શકે છે.

વળી દ્વેષને કારણે વ્યક્તિ સદા વ્યથિત રહેતી હોય છે. એના વિરોધી તરફની અપ્રીતિ એને વારંવાર સ્મરણમાં આવતી હોય છે અને એથી એનું હૃદય દ્વેષથી બળતું હોય છે, એનામાં ક્રોધ પણ જાગતો હાય છે અને ક્રોધને કારણે એ ઉત્તરોત્તર અધમ દશાને પામતો હોય છે. તાપસ ચંડકૌશિકમાંથી સર્પ ચંડકૌશિક બન્યો તેની પાછળનું કારણ તેનો ક્રોધ છે. વ્યક્તિ પોતાના જીવનમાં વારંવાર ક્રોધ કરે તો એવો અનુબંધ થાય છે કે ભવાંતરમાં પણ એ વ્યક્તિ દ્વેષવાળી બની રહે છે. વળી આવા અનુબંધને કારણે એનો દ્વેષ વધુ ને વધુ તીવ્ર બનતો હોય છે અને એને કારણે એ અપ્રિય બની જતો હોય છે. તાપસ ચંડકૌશિકે શિષ્ય પર કરેલા ગુસ્સાના આવેશને એ ચીકણો અનુબંધ કરી ચંડકૌશિક સર્પ બન્યો જેને પરિણામે એ સહુ કોઈને અપ્રિય બની ગયો.

આ રીતે ભવાંતરમાં પણ દ્વેષનો વિકાર નરકાદિ દુર્ગતિ આપનારો બને છે અને જીવ અનંતભવ સુધી રખડતો રહેતો હોવાથી દ્વેષનો વિપાક અને ભવભ્રમણ કરાવે છે.

અહીં આચાર્યશ્રી કુંદકુંદસ્વામીએ લખેલા 'સમયસાર' ગ્રંથનું સ્મરણ થાય છે. આપણે જાણીએ છીએ કે આચાર્યશ્રી કુંદકુંદસ્વામીએ 'શ્રી સમયસાર', 'શ્રી પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' 'નિયમસાર' જેવા ગ્રંથોની રચના કરી છે. મહાન અધ્યાત્મવેત્તા અને અદ્‌ભુત સિદ્ધાંતજ્ઞ આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યના 'સમયસાર' ગ્રંથમાં સમસ્ત પદાર્થો અથવા આત્માનો સાર વર્ણિત છે. આમાં ભેદવિજ્ઞાનને અદ્‌ભુત રીતે નિરૂપિત કર્યું છે. શુદ્ધ આત્માનું અતિસુંદર અને આવું વ્યવસ્થિત વિવેચન અન્યત્ર દુર્લભ છે.

આ 'સમયસાર'માં (ગાથા ૨૬૫) આચાર્યશ્રી કુંદકુંદસ્વામી કહે છે,

**ण य वत्थुदो दु बंधो, अज्झवसाणेण बंधोत्थि ।।**

અર્થાત્ 'કર્મબંધ વસ્તુથી નહીં, પણ રાગ-દ્વેષના અધ્યવસાય-સંકલ્પથી થાય છે.'

આમ રાગ-દ્વેષ કરનાર કર્મબંધ કરે છે અને એથી જ જે વ્યક્તિ રાગ-દ્વેષ કરતી હોય એ, એનાં તપ અને સંયમ નિમ્ન કોટિનાં ગણવામાં આવે છે. પરિણામે જૈન ધર્મના ભાષ્ય સાહિત્યમાં 'નિશીથ ભાષ્ય'માં કહેવાયું છે કે રાગની જેવી મંદ, મધ્યમ અને તીવ્ર માત્રા હોય છે, એ અનુસાર મંદ, મધ્યમ અને તીવ્ર કર્મબંધ થાય છે. તો જૈન ચૂર્ણિસાહિત્ય પર દૃષ્ટિ ફેરવીએ તો શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ ૬માં કહ્યું છે,

**'अरत्त-दुट्‌ठस्स परिभुंजतस्स ण परिग्गहो भवति ।'**

અર્થાત્ 'રાગદ્વેષથી રહિત સાધુ વસ્તુનો પરિભોગ (ઉપયોગ) કરવા છતાં તે પરિગ્રહી નથી.'

અહીં જૈનદર્શની એક વિશિષ્ટ વિચારધારા જોવા મળે છે કે વસ્તુમાં કોઈ રાગદ્વેષનો ભાવ હોતો નથી, પણ તેને જોનારમાં કે ઉપભોગ કરનારમાં રાગદ્વેષનો ભાવ હોય છે. આથી ચીજવસ્તુનો વ્યક્તિ ઉપયોગ કરે, પણ એની પાછળ રાગ કે દ્વેષ વીંટળાયેલાં ન હોય તો એ અપરિગ્રહી ગણાય. સંપત્તિ, ઘર, જમીન કે સત્તા માટે રાગ ધરાવનાર પરિગ્રહી ગણાય.

એક અર્થમાં કહીએ તો દૃષ્ટિ સાથે જોડાયેલો રાગ કોઈ પણ ભોગે એની પ્રાપ્તિ માટે વ્યક્તિને ઉજાગરા કરાવે છે. એક

ધનવાન વિશેષ ધનપ્રાપ્તિ માટે ઉજાગરા કરતો હોય તો આપણે જાણીએ છીએ. એને ધનનો રાગ એટલો બધો હોય કે સંપત્તિની પ્રાપ્તિ પાછળ એ પરિવાર, નીતિમત્તા કે સચ્ચાઈની કશી પરવા કરતો નથી. પ્રપંચ કરતાં અચકાતો નથી અને બીજાને છેતરતાં એને ક્ષોભ થતો નથી. આમ સંપત્તિનો રાગ એની પાસે કેવાં કેવાં દુષ્કૃત્યો કરાવે છે! એની સામે દ્વેષ પણ વ્યક્તિને એટલો જ કનડતો હોય છે. દ્વેષી વ્યક્તિ પણ પેલા ધનલોલુપની માફક ઉજાગરા કરતો હોય છે. એને દ્વેષ હોય છે કે મારા કરતાં ઓછી આવડતવાળો હોવા છતાં એની પાસે વધુ સંપત્તિ છે અને તેથી એ સંપત્તિવાનનો સદાય દ્વેષ કરતો રહે છે.

પોતાનાથી ચડિયાતી વ્યક્તિનો પણ એ દ્વેષ કરતો હોય છે અને રાતદિવસ એવા પ્રસંગો ખોળતો હોય છે કે કઈ રીતે પોતાનાથી વધુ કુશળ વ્યક્તિની ટીકા કરી શકે. કઈ રીતે વધુ સમર્થ કે પ્રસિદ્ધ વ્યક્તિઓ પ્રત્યેનો પોતાનો હીન દ્વેષ પ્રગટ કરી શકે. આ દ્વેષ એને એટલો બધો પજવતો હોય છે કે એ જેનો દ્વેષ કરે છે તેનું અહિત કરતાં પણ અચકાતો નથી. એના માટે અસત્ય બોલતાં થડકારો અનુભવાતો નથી. રાતદિવસ પોતાનું કામ છોડીને એ બીજાની નિંદા કરવામાં રત રહે છે. આવો દ્વેષી માણસ જીવનભર પોતે કશું કરતો નથી, પણ બીજાની સિદ્ધિ, ક્ષમતા, સામર્થ્ય, સત્તા કે સંપત્તિને કારણે એ બળતો રહે છે.

રાગ અને દ્વેષ વિશે જૈન ચૂર્ણિ સાહિત્યમાં એક માર્મિક ઉક્તિ મળે છે. 'નિશીથચૂર્ણિ'ની ૧૩૨મી સૂક્તિ રાગ અને દ્વેષની સરળ કિંતુ હૃદયસ્પર્શી વ્યાખ્યા આપે છેઃ

**माया–लोभोहितो रागो भवति।**

**कोह–माणेहिं तो दोसो भवति।।**

'માયા અને લોભથી રાગ થાય છે, ક્રોધ અને માનથી દ્વેષ થાય છે.'

રાગ અને દ્વેષની ઉત્પત્તિ વિશે કેવું સરળ કિંતુ સચોટ કથન છે! માયા માનવીને દિવસે પણ સ્વપ્નો દેખાડે છે. એને જેની માયા લાગે છે, તે વસ્તુ કે વ્યક્તિની પાછળ એ ઘેલો બની જાય છે. ભક્ત સુરદાર ચિંતામણિની પાછળ કેવા પાગલ બની ગયા હતા! રાવણ જેવો બુદ્ધિમાન પણ સીતાનું અપહરણ કરે એની પાછળનું કારણ માયા જ ને ! એવી જ રીતે લોભથી પણ રાગ જાગે છે. લોભી વ્યક્તિ એને જે પ્રાપ્ત થયું છે, એનાથી પરિતૃપ્ત હોતો નથી પણ વધુ પ્રાપ્ત કરવા માટે સતત દોડતો હોય છે. આમ ક્રોધ અને માન પણ દ્વેષનું કારણ છે. રામાયણમાં કૈકેયી એ ક્રોધનું રૂપ છે તો મંથરા એ દ્વેષનું રૂપ છે. ક્રોધે કેવા કેવા વિપરીત સંજોગો સર્જ્યા એ તો ઋષિ દુર્વાસાએ કુંતીને આપેલા મંત્ર પરથી અને શકુંતલાને આપેલા શાપ પરથી જાણી શકાય છે. કંસ પોતાની સગી બહેનનાં સંતાનોને ક્રોધને કારણે મારી નાંખે છે. એ જ ક્રોધને કારણે ચંડકૌશિક સર્પભગવાન મહાવીરને વિષયુક્ત દંશ આપે છે અને એ જ ક્રોધને કારણે હિટલર નિર્દોષ યહૂદીઓનો નિર્મમ રીતે સંહાર કરે છે.

કૈકયીનો ક્રોધ રામના વનવાસમાં પરિણમે છે. રાજકુમાર રામનો  પ્રાતઃકાળે રાજ્યાભિષેક થવાનો હતો, તેને બદલે એમને વનવાસ વેઠવો પડ્યો. કૈકેયીના ક્રોધની સાથે મંથરાના લોભના મિશ્રણથી કેવો ઉલ્કાપાત સર્જાય છે! આખી અયોધ્યા નગરી પોતાના પ્રિય રાજકુમાર રામના થનાર રાજ્યાભિષેકની ઉજવણી માટે થનગની રહી હતી, ત્યારે મંથરાના મનમાં દ્વેષ જાગ્યો હતો.

અયોધ્યાની સત્ત્વગુણી પ્રજાને રામને માટે પ્રેમ હતો ત્યારે મંથરાને રામ પ્રત્યે દ્વેષ હતો. અને આ દ્વેષ કેવો હોય છે!

રામના રાજ્યાભિષેકની પૂર્વતૈયારી રૂપે અયોધ્યાના રાજમહેલનાં કાંગરાઓ પર દીપમાલિકાઓ ઝળહળી રહી હતી, ત્યારે દીવાઓનો આ પ્રકાશ મંથરાના મનને દઝાડે છે. એના દ્વેષને જગાડે છે. કૈકેયીની દાસી મંથરાને જ્યારે કૌશલ્યાની દાસીઓ કહે છે કે 'કાલે રાઘવનો રાજ્યાભિષેક છે, મંથરી નાચો.' પરંતુ મંથરાના હૃદયમાં આ શબ્દો શૂળની જેમ ભોંકાય છે અને તેથી એનો દ્વેષ એને કૈકેયી પાસે લઈ જાય છે. દ્વેષ સામે મોંએ ક્યારેય વાત કરતો નથી. એ આટાપાટા ખેલીને પ્રગટ થતો હોય છે. એ જ રીતે મંથરા કૈકેયીની સામે જઈને પોતાના દિલની દાઝ બતાવતી નથી, પરંતુ એ લાંબા નિસાસા નાખતી હતાશ અને નિરાશાભર્યા ચહેરે થાંભલાને ટેકો દઈને બેસી જાય છે.

અતિવાચાળ મંથરા આમ સાવ મૌન હોય તે નવાઈની વાત ગણાય પણ એનું મૌન એ એની દ્વેષ પ્રાગટ્ય માટેની ભૂમિકા હતી અને એનો દ્વેષ કૈકેયીને ભરમાવે છે. દ્વેષનું પ્રાગટ્ય કેવું માયાવી હોય છે, તે મંથરામાં જોઈ શકાય. પહેલાં તો એ કૈકેયીના સ્નેહને જીતવા માટે એને કહે છે કે તમારા પિતાએ મને તમારી સંભાળ રાખવા માટે સોંપી હતી, પણ તમારી સામે ભયંકર ષડ્યંત્ર રચાયું, તમારું અને તમારા પુત્ર ભરતનું ભવિષ્ય આવતી કાલે સદાને માટે અંધકારમય બની જશે. રામ ગાદી પર બેસીને તમારા પુત્ર ભરતને કારવાસમાં પૂરશે અને કૈકેયી કદી રાજમાતા બનશે નહીં. વળી આમાં કૈકેયી કંઈ પણ વાંધો ઉઠાવશે, તો દશરથ એને કારાવાસમાં પૂરી દેશે.

અસત્ય જ્યારે અર્ધો માર્ગ કાપી કાઢે છે, ત્યારે સત્ય તો હજી જોડાં પહેરતું હોય છે. કૈકેયીને મંથરા પર શ્રદ્ધા હતી અને મંથરા પાસે વાચાળતા હતી અને એના દ્વેષને વાચાળતાના રૂપે પ્રગટ કરવાની મંથરા પાસે આગવી કુશળતા હતી. દ્વેષ એ પોતાના ટેકામાં અનેક દલીલો શોધતો હોય છે. એવી વાત ઉપજાવે છે કે

એ દ્વેષ સાચો ઠરે. કોઈ કુશળ વકીલની માફક મંથરા એકેએક દલીલ કરે છે. કહે છે કે રાજાએ આવા રાજ્યાભિષેકના મહાપ્રસંગે ભરતને ઉપસ્થિત રહેવાનો આદેશ આપવાને બદલે એને મોસાળ કેમ મોકલી દીધો!

મંથરાની પ્રત્યે દ્વેષયુક્ત દલીલ કૈકેયીના હૃદયમાં એક પછી એક શકના કાંટા ભોંકે છે અને મંથરાનો એ દ્વેષ સફળ થાય છે. કૈકેયી કહે છે, તું જ મારી સાચી બહેન છે, તું જ મને રસ્તો બતાવ. ત્યારે મંથરા વળી એનો દ્વેષ જુદી રીતે પ્રગટ કરતાં કહે છે, 'મહારાજ દશરથ મુખના મીઠા છે, પણ મનના મલિન છે.' કૈકેયીના સ્વાર્થને મંથરાના દ્વેષે એવો તો સળગાવ્યો કે કૈકેયી મંથરાને કહે છે,

પરઉ કૂપ તવ વચન પર
સકૌં પૂત-પતિ ત્યાગી

'તું કહેતી હોય તો હું કૂવામાં પડું, તું કહેતી હોય તો પુત્ર અને પતિને છોડી દઉં.'

અને ત્યારે મંથરા એને રાજા દશરથ પાસે બે વરદાન માગવાનું કહે છે અને તે પણ ત્યારે કે એ વરદાન આપવાનું રાજા દશરથ 'રામના સોગન' ખાઈને વચન આપે ત્યારે, જેથી એ એમના વચનમાંથી ફરી ન જાય. કોપભુવનમાં રહેલી કૈકેયીને દશરથ વચન આપે છે અને પછીના દિવસે રામનો રાજ્યાભિષેક થવાનો હતો, તેને બદલે રામવનવાસની ઘટના બને છે.

આ દ્વેષ કેવો ભયાનક છે. જે નિર્દોષ, આકર્ષક અને માર્ગદર્શક રૂપ ધારણ કરીને પોતાનો દુષ્ટ હેતુ સિદ્ધ કરતો હોય છે. મહાન નાટ્યકાર શેક્સપિયર એના શ્રેષ્ઠ નાટક 'હેમ્લેટ'માં ઈયાગોનું આવું દ્વેષી પાત્ર આલેખ્યું છે. એ ઈયાગો વારંવાર કહે છે, What I am, no I am. 'હું જે લાગું છું, તે ખરેખર હું નથી.' અને એ જ ઓથેલોના સલાહકારના રૂપમાં આવીને એની પ્રિય પત્ની એફિલિયા પરના પોતાના દ્વેષને સિદ્ધ કરવા માગે છે અને ઈયાગોની ભંભેરણીને કારણે હેમ્લેટ એને અત્યંત ચાહતી એફિલિયાનું ગળું દાબીને હત્યા કરે છે.

આમ દ્વેષ વિશે આપણાં દર્શનોએ અને ગ્રંથોએ ઊંડાણપૂર્વક વિચાર કરીને દર્શાવ્યું છે કે જેમ રાગ વ્યક્તિના જીવનને અને સંયમને નષ્ટ કરે છે, એ જ રીતે દ્વેષ પણ વ્યક્તિના જીવન અને સંયમને નષ્ટ કરે છે.

આ એવી વાણી છે કે જેને વિશે શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે, 'એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.' આવી વાણી પામવાથી શું પ્રાપ્ત થાય?

જેમ વાણી ભડભડ સળગતી જ્વાળાઓને ઓળંગી જાય છે, તેમ આ રીતે જીવનારો આદર્શ માનવી સંસારની જ્વાળાઓને ઓળંગી પરમ આનંદનો ભાગી થશે. આથી ભગવાન મહાવીરની વાણીની વિશેષતા એ છે કે સ્વયં કરેલી સાધનામાંથી પ્રાપ્ત થયેલા અનુભવ પર આધારિત છે. હું પૂર્ણજ્ઞાની છું તેથી તમે સ્વીકારો તેમ નહીં, પણ દરેક જીવ સાચી સાધના કરે તો એ પરમ પદને પ્રાપ્ત કરી શકે છે, તેમ કહ્યું. આવી આ સહજ સરળ વાણીનાં કેટલાંક મોતીઓ મેળવવા માટે આપણે આગમોના મહાસાગરમાં ઊંડી ડૂબકી લગાવીએ છીએ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 09824019925

# અર્વાચીન ભક્તિ કાવ્યોનો આસ્વાદ

## 'એક જ દે ચિનગારી' – હરિહર ભટ્ટ

**ડૉ. નરેશ વેદ**

એક જ દે ચિનગારી મહાનલ!
એક જ દે ચિનગારી
ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી... મહાનલ એક જ દે ચિનગારી
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો.
સળગી આભ-અટારી,
ના સળગી એક સગડી મારી
વાત વિપતની ભારી... મહાનલ એક જ દે ચિનગારી
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ હું અધિક ન માગું,
માગું એક ચિનગારી... મહાનલ એક જ દે ચિનગારી

માણસ ઈશ્વર પાસે કે પોતાના ઈષ્ટ દેવદેવી પાસે કાંઈ ને કાંઈ માગ્યા કરતો હોય છે. એ માગણીમાં કાં તો ભણતરમાં કે જીવતરમાં સફળ થવાનું અથવા તો સુખ શાંતિ, યશ કે આરોગ્ય માગતો હોય છે, પરંતુ આ કાવ્યમાં કવિની માગણી સૌથી ન્યારી છે. એ માગે છે એક ચિનગારી અને એ પણ વિશ્વાનલ પાસે! કાવ્યના પ્રથમ વાચનને અંતે ભાવકના મનમાં

પ્રશ્ન ઊઠતો હશે કે કવિ શા માટે વિશ્વાનલ પાસે એક ચિનગારી માગતા હશે?

છેલ્લી કડીમાં જ્યારે કવિ એમ કહે છે કે 'ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી' ત્યારે પ્રથમ વાચને તો એમ લાગે કે અસહ્ય ઠંડીથી બચવા, શરીરને ઉષ્મા આપવા, તાપણું કરવા એક ચિનગારી જોઈતી હશે. પણ પછી કવિ 'ખૂટી ધીરજ મારી' એવું શા માટે કહેતા હશે! કકડતી ઠંડીથી બચવા કોઈની પાસેથી માગીને માચીસ લાવી, ભેગાં કરેલાં કરગઠિયાં સળગાવી, તાપણું કરીનેય ઠંડીથી બચી શકાય અથવા ખુલ્લી જગ્યામાં હોવાથી ઠંડી અસહ્ય જણાતી હોય તો દીવાલોથી ઘેરાયેલી કોઈ ઈમારતમાં આશરો લઈનેય ઠંડીથી બચી શકાય, એ માટે વિશ્વાનલ જેવા મહત્ અગ્નિને વિનંતી કરવાની શી જરૂર? કંઈક તો કારણ હશે?

વિચારતાં ખ્યાલમાં આવે છે કે કવિતા સ્વભાવોક્તિ ક્યાં હોય છે? એ તો વક્રોકિત હોય છે. કવિ જે કહેવું હોય તે સીધીસાદી રીતે મુખર બનીને ક્યાં કંઈ કહેતો હોય છે? એને તો જે કહેવું હોય તે છુપાવીને, સંગોચીને આડકતરી રીતે કહેતો હોય છે. એટલે કવિતાને અવબોધ વાચ્યાર્થથી ન લેતાં લક્ષ્યાર્થ કે વ્યંગ્યાર્થ સુધી પહોંચીને લેવો જોઈએ, કવિતાનો વાચ્યાર્થ અકબંધ રાખીને એના પ્રતીયમાન અર્થ સુધી જવું જોઈએ.

એમ કરવું જ પડે એમ છે આ દૃષ્ટાંતમાં. કેમકે પહેલી કડીમાં જ તણખો પ્રગટાવવા માટે આખી જિંદગી ચકમક અને લોઢું ઘસતાં રહેવા છતાં તૈયાર જામગરીમાં પ્રગટ થઈને તણખો પડ્યો જ નહિ. ઘણી મહેનત કરી પણ એ ફળી નહીં. ગંધક અને અન્ય વિસ્ફોટકોથી ભરેલી જામગરી તો તૈયાર હોય પણ જ્યાં સુધી એમાં અગ્નિનો તણખો ન પડે ત્યાં સુધી એમાં વિસ્ફોટ ક્યાંથી થાય?

અગ્નિ સર્વનું મૂળ છે. મનુષ્ય શરીરમાં એ જઠરાગ્નિરૂપે, પાણીમાં એ વડવાગ્નિરૂપે, અંતરિક્ષમાં એ સૂર્યરૂપે અને દ્યુલોકમાં એ આદિત્યરૂપે જ રહેલો છે. એ પ્રાણપ્રકાશ અને હૂંફદાતા છે. તેથી શાસ્ત્રો કહે છે કે ગૃહસ્થાશ્રમનું પાલન કરતાં ગૃહસ્થે ત્રણ અગ્નિઓ વડે યજ્ઞયાગ કરવા જોઈએ. એ ત્રણ અગ્નિઓ એટલે ગાર્હપત્ય, દક્ષિણ અને આહ્વનીય અગ્નિ જેને સફળ અને સાર્થક કરવું હોય તેણે યજ્ઞ કરવા જોઈએ.

આપણે મનુષ્યરૂપે જન્મીને માનવરૂપે જિંદગીમાં ખીલતા-વિકસતા જઈએ છીએ એમ આપણા પોતાની એકલાની કોઈ ખૂબી કે વિશેષતા હોતી નથી. આપણે જે કાંઈ હોઈએ કે થઈએ છીએ તેમાં અનેક લોકો અને સત્વોનો સહયોગ હોય છે. કંઈ કેટલાયના સર્જકસ્પર્શ વડે આપણું જીવનશિલ્પ ઘડાયું હોય છે અને તેથી આપણે એ બધાંના ઋણી હોઈએ છીએ. એ ઋણમાંથી મુક્ત થવા આપણે દેવયજ્ઞ, ઋષિયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ કરવા જોઈએ.

મતલબ કે આપણું જીવન એક યજ્ઞ સમાન છે. આપણે એના હોતા, ઋત્વિજ કે ઉદ્ગાતા છીએ. આ યજ્ઞો પાર પાડવાથી જ આપણો ભવફેરો સફળ થાય પણ યજ્ઞવેદીમાં રહેલાં સમિધદ્રવ્યોમાં અગ્નિ પેટાવવા અગ્નિનો એક તણખો તો જોઈએ જ. જીવનભર આપણી સગડી સળગાવવા આપણે મથ્યા કરીએ છતાં ચિનગારીના અભાવે એ સળગાવી શકાય નહીં એ વાત તો ભારે વિપતની જ કહેવાય. અહીં 'સગડી' અને 'ચિનગારી' એ શબ્દોનો વાચ્યાર્થ નહીં, વ્યંગ્યાર્થ લેવો પડશે.

જીવનમાં આપણે ગમે તેટલી મથામણ કરીએ છતાં આપણામાં આપણા આતમરામને ઓળખવા-પારખવાની લ્હે ન જાગે તો કેવી અકળામણ થાય? આ કાવ્ય આ અકળામણનું છે. આપણા ચિત્તમાં ઓતપ્રોત પણ ઓઝલ રહેલું ચૈતન્યતત્ત્વ જાગૃત ન થાય ત્યાં સુધી જીવન શું કામનું? આ નશ્વર, પ્રપંચી અને રાગદ્વેષાદિથી ઘેરાયેલા મિથ્યા સાંસારિક જીવનથી ઉલાઈ-ઓચાઈ વૈરાગ્યની ધખના જાગ્રત ન થાય તો શું કામનું? માટીમાંથી આપણે પેદા થયા છીએ એટલે મૃણ્મય તો છીએ પણ એમાંથી ચિન્મય અવસ્થા સુધી પહોંચવા અંદરથી એક નાદ ઊઠવો જોઈએ, એક અભીપ્સા જાગવી જોઈએ એને સંતોની ભાષામાં 'લ્હેરું' કહે છે અને આ અર્વાચીન ભક્તકવિ એને 'ચિનગારી' કહે છે.

આ સચરાચર સૃષ્ટિમાં વૈશ્વાનરરૂપે અથવા ત્રિણાચિકેતરૂપે અગ્નિ સર્વત્ર વ્યાપ્ત છે. એનાથી જ સૂર્ય, ચંદ્ર કે તારામંડળો પ્રકાશમાન થાય છે. એ જ અમિતત્ત્વ આપણા શરીરમાં જઠારાગ્નિરૂપે અને જીવનમાં કામાગ્નિ, ક્રોધાગ્નિ, વિરહાગ્નિ, જ્ઞાનાગ્નિરૂપે રહે છે. પિંડમાં અને બ્રહ્માંડમાં આ અગ્નિ તત્ત્વ જ મુખ્ય તત્ત્વ છે. એ આપણી ચેતનજ્યોત જાગ્રત ન કરે તો શું કામનું? એ હોય તો બધું જ છે, ઉષ્મા, હૂંફ, પ્રકાશ વગેરે, પણ એ ન હોય તો આપણી કાયા સ્થૂળ બની રહે છે અને સાંસારિક જળોજથાઓથી થથરતી રહે છે. જીવનમાં એની

પ્રાપ્તિ જ અગત્યની છે એ સમજ આવી ગયા પછી જે કાંઈ સાધના ઉપાસના કર્યા કરીએ છતાં એ પ્રાપ્ત થાય નહિ ત્યારે ધીરજ ખૂટે અને અકળામણ થાય એ ભાવની વ્યંજનાનું આ કાવ્ય છે.

'બૃહદારણ્યક' ઉપનિષદમાં જનકરાજા યાજ્ઞવલ્ક્યઋષિ વચ્ચે જે વાર્તાલાપ ચાલે છે એમાં જનક એમને પૂછે છે કે બ્રહ્મપુરુષની જ્યોતિ કઈ છે? તો યાજ્ઞવલ્ક્ય ઉત્તર આપે છેઃ 'સૂર્યજ્યોતિ' સૂર્ય અસ્ત થાય ત્યારે કઈ જ્યોતિ એને માટે છે? તો ઉત્તર છે 'ચંદ્રજ્યોતિ'. સૂર્ય અને ચંદ્ર બંને અસ્ત થાય ત્યારે એને 'અગ્નિજ્યોતિ' કામ લાગે છે. સૂર્ય ચંદ્ર ઉપરાંત અગ્નિ પણ શાંત થાય ત્યારે જે જ્યોતિ કામમાં આવે છે તે 'વાક્જ્યોતિ' પણ આગળ કહી એ બધી જ્યોતિ ઉપરાંત વાક્જ્યોતિ પણ શાંત થઈ જાય ત્યારે એને 'આત્મજ્યોતિ' જ કામ આપે છે. આ આત્મજ્યોતિ જ મનુષ્યને માટે સાચા પ્રકાશ અને ઉષ્મારૂપ છે. સર્વ જ્યોતિઓ જેમાંથી પ્રગટે છે, પ્રકાશે છે અને જેમાં વિલીન થાય છે તે પરમ જ્યોતિ તો આત્મજ્યોતિ જ છે.

આત્મજ્યોતિ જગવવા માટે આ ગીતમાં કવિએ ચિનગારીની માગ કરી છે. એ નથી મળી ત્યાં સુધી વિષદાવસ્થા છે; અવતાર એળે ગયેલો લાગે. એ મળે તો જન્મારો સફળ અને ધન્ય થઈ જાય.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9825100033

# ખ્રિસ્તી ધર્મ અને તેની લાક્ષણિકતાઓ

તત્વચિંતક વિ. પટેલ

દુનિયામાં વધુમાં વધુ લોકોમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયેલો છે, તેની પાછળનાં કારણોમાં ધર્મમાં રહેલી સત્યતા, પ્રેમ, અનુકંપા, કરુણા અને નિસ્વાર્થ. આ પંચક્રિયામાં જ માનવસેવાની ઉદાત્ત ભાવના રહેલી છે અને સમાના ભાવ અને સમાના વિકાસ આ ત્રિવિધ લાક્ષણિકતાને કારણે જ તેમની આટલી બધી દુનિયામાં લોકપ્રિયતા છે, આ અષ્ટાંગ યોગ છે, જેને કારણે તેની પ્રગતિ છે.

ખ્રિસ્તી ધર્મ ગરીબ લોકોની નિસ્વાર્થ સેવાને જ તેઓ પોતાનો ધર્મ સમજે છે, તેથી જ તેનો વિકાસ છે, આમ નિસ્વાર્થ ગરીબોનો ઉત્કર્ષ એ જ તેમનો ધર્મ છે અને તેનો સિધ્ધાંત સમાના ભાવ, સમાન ઉત્કર્ષ અને નિસ્વાર્થ સેવામાં જ ઈશુનો ક્રોસ જોઇ શકાય છે. આ ત્રિવિધ સિધ્ધાંતને આભારી જ તેમનો બહોળો વિકાસ છે.

જ્યારે જગતના બીજા ધર્મોમાં આવી સમાનાં ભાવ સમાનાં ઉત્કર્ષ અને ગરીબોની નિસ્વાર્થ સેવા ત્રિવિધતાનું ત્રિશૂળ ક્યાંય જોવા જ મળતું નથી, આ ત્રિવિધ સિધ્ધાંત એટલે ત્રિશૂળ એજ સત્ય ધર્મનો પાયો છે, મારો જ ધર્મ ઉત્તમ એ તો ખંડનાત્મક વૃતિ છે, તેનાથી વિકાસ શક્ય જ નથી, અસત્ય દ્વારા કદી વિજય પ્રાપ્ત થાય જ નહીં, એ શાશ્વત સિધ્ધાંત છે.

આજના ધાર્મિકોએ આ ત્રિવિધ ત્રિશૂલને સમજવાનું છે અને જો સમજે ને આત્મિક સત્યમાં સ્થિર થઈને આચરણ કરે તો તો તે પાછો ધાર્મિક કહેવાય જ નહીં, એ ટોળામાંથી ઘેટું બહાર નીકળી જાય.

આજના બીજા ધર્મોની પંથોની અને સંપ્રદાયોની દોડ પૈસો, પ્રતિષ્ઠા, પદ, પ્રચાર, પ્રપંચ, પાખંડતા, ભય, ભ્રમ અને ભ્રમજાળમાં જ રહેલી છે. આ નવપદી પર જ આ ધર્મો નભતા હોય છે, જેથી સત્યની જ ગેરહાજરીને કારણે ત્રિશૂલની પ્રાપ્તિ થતી નથી.

આ નવ પદની સાધનાનું ફળ એટલે જ શૂન્યતા હાથમાં આવે છે, પણ આવી શૂન્યતા દ્વારા ત્રિશૂળની પ્રાપ્તિ શક્ય બનતી નથી, એનો ખ્યાલ આજના ધાર્મિકોને નથી જ્યારે ખ્રિસ્તી ધર્મમાં આ નવ પદને સ્થાન જ નથી. તે તો માત્ર ત્રિવિધને વરેલો છે, તે તેની વિશેષતા છે.

ખરેખર આત્મિક સત્યમય સ્થિર થઈને વિચારો તો કોઈપણ ધર્મમાં પદાર્થની માંગને કોઈ સબંધ નથી અને પદાર્થ માગવાથી કોઈને ધર્મ દ્વારા પદાર્થ કાંઇ મળતા જ નથી જે કાંઇ પદાર્થ પ્રાપ્ત થાય છે તેમાં માત્ર ને માત્ર સત્ય સ્વરૂપ પુરુષાર્થ જ મહત્ત્વનો ભાગ ભજવે છે તે જ સત્ય છે.

**૨ :** જ્યારે ખ્રિસ્તી ધર્મમાં કોઈ આંબા-આંબલી બતાવતું કોઈ શાસ્ત્ર જ નથી, જેથી પૈસા ફેંકો ને તમારી પદાર્થની માંગ પરમાત્મા સંતોષશે તેવી વાત સુધ્ધાં અનુયાયીઓને કરવામાં આવતી જ નથી તે જ તેની વિષેશતા છે. માત્ર હૃદયપૂર્વક પ્રાર્થના કરો, અંતરથી શુધ્ધ થાવ, સ્થિર થાવ એટલે તમારા

પાપો ધોવાઈ જશે, આ જ ભાવ છે, તે જ સત્ય છે,

માનવજીવનમાં પાપ. દુઃખ, ચિંતા, ઉદ્વેગ એ એક માનસિક બીમારી જ છે, ચિત્તની અશુદ્ધિ અને અજાગૃતતાની નિશાની છે, પરમચેતનામાં ચિત્તસ્થિરતા નથી કે પરમજાગૃતતા નથી. અંતરની પ્રાર્થના દ્વારા હૃદયથી માણસ શુધ્ધ થાય છે અને જાગૃતતા પ્રાપ્ત કરે છે, કારણ કે પ્રાર્થના એ અંતરની સાધના છે અને અંતરની કોઈ પણ સાધના એ જ સત્ય ધર્મનું અનુસરણ છે. તેનાથી સત્ય પ્રાપ્ત થાય અને ચિત્ત શુધ્ધ થાય છે, સ્થિર થાય છે.

અંતરથી હૃદયપૂર્વક આત્મસ્થ થઈને તમારા દુર્ગુણો દૂર કરી, વૃત્તિઓ પરમાત્માના ચરણોમાં અંતરની પ્રાર્થના દ્વારા ધરી દેવી તે જ સાચી સાધના છે. ઘંટડી વગાડીએ છીએ, કથાઓ સાંભળીએ છીએ, સત્સંગમાં જઇએ છીએ પણ દુર્વૃત્તિઓ ને દુર્ગુણોને બગલમાં ઘાલી રાખી છીએ, તેનાથી મુક્ત થતાં જ નથી, કારણકે આંતરસાધના કરતા નથી.

જીવનમાં સુખ અને દુઃખ, એ આ જગતમાં કોઈ આપતું જ નથી. તે એક માનસિક અવસ્થા છે, એટલે ચિત્તને શુધ્ધ કરો બધું જ ગાયબ થઈ જશે, તેની ખાતરી અને બાંહેધરી કૃષ્ણ ભગવાને આપી છે, મહાવીર ભગવાને આપી છે, બુધ્ધ ભગવાને આપી છે, ચાલુ જમાનાના મહર્ષિ અરવિંદે આપી છે, રામતીર્થે આપી છે, તેને તો જાણીને અનુસરો, પણ અનુસરવું નથી.

હે માનવ, ભ્રમમાંથી અને ભ્રમજાળમાંથી મુક્ત થાવ ને આત્મિક સત્યમાં સ્થિર થાવ, ચિત્તને શુધ્ધ કરો, અહંકારને તિરોહિત કરો, રાગદ્વેષથી મુક્ત થાવ ત્યાં જ તમારો આનંદ તમારી રાહ જુએ છે અને અજ્ઞાનીઓના પંજામાંથી મુક્ત થાવ ત્યાં જ પરમશાંતિ છે.

ખ્રિસ્તી ધર્મમાં લોકો પ્રેમ, કરુણા, નિસ્વાર્થ સેવાથી જ જોડાયેલા છે અને પોતાના પાપો અંતરથી પ્રાર્થના કરી તેમાંથી મુક્ત થવાની જ ભાવના રાખતા હોય છે. બીજું કોઈ કારણ હોતું જ નથી અને આ ધર્મમાં કોઈ જાતની કટ્ટરતા જોવા મળતી નથી.

૩ : સમાના ભાવમાં સ્થિરતા જ નથી. મારી આવો, કાપી આવો. તમોને પરમાત્મા ખોળામાં બેસાડશે. આ જ ધોરણે હજારો નિર્દોષ માણસોની કતલ ચાલે છે ને ધર્માત્માઓ આનંદ સાથે નાચે છે અને આનંદ લૂંટે છે તે આજની સ્થિતિ છે. છતાં કટ્ટરતા મૂકતા નથી. સમાના ભાવમાં સ્થિર થતાં નથી ધર્મ એટલે જ વિશાળતા અને સત્યતા છે. તેમાં સંકુચિતતા, સ્વાર્થ વગેરેને સ્થાન જ ન હોય તે ધર્મ.

તમારે લોકોની નિસ્વાર્થ સેવા કરવી નથી, સમાના ભાવ રાખવો નથી, પૈસાપાત્રને પૂજો છો, ગરીબનો ભાવ પૂછતા નથી ને માનસિક અને આર્થિક શોષણ જ કરવું છે. સ્ત્રીઓને તિરસ્કારવી છે, માટે તેઓ બીજા ધર્મમાં જાય છે, તેને ખોટું કહેવું તે વાજબી કે યોગ્ય નથી, તે આવકારને પાત્ર છે. માણસે પોતાએ કયો ધર્મ સ્વીકારવો અને પાળવો તેમાં માણસ સ્વતંત્ર હોય છે, તેને બાંધી શકાય નહીં પણ બીજા ધર્મવાળા બાંધવા જ પ્રયત્ન કરે છે તે જ તેની કટ્ટરતા છે.

આમ માણસને બાંધવો તે જ મહાપાપ કૃત્ય છે, તે તો પોતાના વાડામાં પૂરી તેમની બુદ્ધિ પર તાળું જ લગાવી દેવાની જ વૃતિ છે, જે ખતરનાક છે, અમો કહીએ તે જ સત્ય, બાકી બધું જ ખોટું આ તેમનું કહેવું હોય છે. આમ માનસિક અને આર્થિક શોષણ કરવું તે તેનો ધર્મ બની ગયો છે.

આમ પોતાએ લોકોની નિસ્વાર્થ સેવા કરવી નથી ને શોષણ જ કરવું છે, તો માણસ બીજો સત્ય ધર્મ સ્વીકારે તેમાં કાઈ પણ ખોટું નથી. ને જન્મથી જ ધર્મ સ્વીકારી લેવો એ જ જૂઠ છે, અસત્ય વ્યવહાર છે. એક જ કુટુંબમાં જુદા જુદા ધર્મ પાળનારા માણસો હોય તે જ આદર્શ કુટુંબ કહેવાય, તે જ તેની વિશાળતા છે, સ્વસ્થતા છે, પ્રસન્નતા છે અને જીવનમાં જ્યાં સ્વતંત્રતા અને વિશાળતા ત્યાં જ પરમ શાંતિ હોય. કોઈ પણ જાતનું બંધન એ જ દુઃખ છે, અશાંતિ છે.

૪ : ખ્રિસ્તી ધર્મ અનેક પંથોમાં અને સંપ્રદાયોમાં વહેંચાયેલો પણ નથી અને માનવ જ પવિત્ર છે તેમ માનીને ચાલવામાં આવે છે. ત્યાં ઊંચ-નીચના કોઈ ભેદભાવ નથી, કોઈ છૂત-અછૂત નથી. સમાનાં ભાવે સૌનો સ્વીકાર છે અને ઉત્કર્ષ તે જ તેની વિશેષતા છે.

ખ્રિસ્તી ધર્મ માત્ર બે જ ફાંટામાં વહેંચાયેલો છે, જેમાં કેથોલિક પંથ પ્રોટેસ્ટંટ પંથ, માનવસેવા જ પવિત્ર સેવા છે, ગરીબોની નિષ્કામ સેવા અને તેનો ઉત્કર્ષ એ જ ધર્મ છે. સમાનાં ભાવ અને સમાનાં ઉત્કર્ષ તેમ બંને પંથો માને છે, તેમજ કોઈ ઉત્સવોમાં ટોળાં ભેગા કરવામાં રસ નથી, અને વરસમાં એક જ ઉત્સવ.

ધર્મનો અંગીકાર કરનાર પ્રમાણિકતા, સત્યતાપૂર્વક ધંધો કરે છે ને દાન આપે છે. દાન મેળવવા માટે કોઈ જુદા જુદા નુસખા કરવામાં આવતા જ નથી. પ્રેમથી લોકો દાન આપતા હોય છે, તેની પાછળ કોઈ લાલચનું જોડાણ નથી.

વીસ વરસથી હું ખ્રિસ્તી ધર્મમાં માનતા ૧૨૦ માણસોના સાવ જ નજીકથી સંપર્કમાં છું જેઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે. આજ સુધીમાં કોઈએ મને પૂછ્યું નથી કે તમો કયો ધર્મ પાળો છો? ઇંડિયન છું એટલું જ તેઓ જાણે છે.

જ્યારે આપણે આપણાને મળીએ છીએ ત્યારે આખી કુંડળી જાણી લઇએ  છીએ, આ છે તેમની વિશેષતા.

**૫ :** ખ્રિસ્તી ધર્મનો કેથોલિક પંથ, કેથોલિક સાર્વત્રિક  સર્વ વ્યાપી વિશાળ અને ઉદાર આ પંથના અનુયાયીઓ રોમમાં વેટિકન સિટીમાં રહેતા ધર્મ ગુરુ પોપને જ માને છે. ધર્મ સબંધી નિર્ણયો લેવાની સત્તા માત્ર ધર્મગુરુ પોપને જ છે,

ખ્રિસ્તી ધર્મનો કેથોલિક પંથના લોકો ઇસુની માતા મેરી અને બાલ ઇસુની પૂજા માત્ર દીપ પેટાવી કરે છે, એટલે થઇ ગઈ પૂજા.

ખ્રિસ્તી ધર્મમાં પ્રોટેસ્ટંટ પંથના સ્થાપક માર્ટિન લ્યુથર હતા. તેઓ બાયબલને જ આધારભૂત ગ્રંથ માને છે, પણ પોતાની ભાષામાં વાંચતાં જ્યારે કેથોલિક લેટિન ભાષામાં વાંચે છે, આટલો જ બંનેમાં ફેર છે અને ઇશુના વધસ્થંભને સામે રાખી પ્રાર્થના કરે છે. આ પંથમાં પાદરી બનવા માટે બ્રહ્મચર્ય પાળવાનું ફરજિયાત નથી કે સંન્યસ્ત ગ્રહણ કરવાની કોઈ જ જરૂર નથી. માત્ર સત્યમાં સ્થિર થવાની અને સત્યતાપૂર્વક વ્યવહાર અને આચરણ કરવાની જ જરૂર છે. ખરેખર આ જ સત્ય ધર્મ છે. જ્યાં આચરણ નથી ત્યાં ધર્મ હોય શકે જ નહીં.

ઈશુ ભગવાનના બાર શિષ્યોનો જે ધર્મ હતો એ જ ખરો અને પ્રમાણભૂત ધર્મ છે એમ માનવામાં આવે છે. કેથોલીક અને પ્રોટેસ્ટંટ પથોમાં શરૂઆતમાં ખૂબજ ઉગ્ર મતભેદો  હતા, પણ ધીરે ધીરે આજે સાવ જ ભૂંસાઈ ગયા છે. આમ ઈશુ ગોડનું પિતૃપદ બંને સ્વીકારે છે, ને માનવમાત્ર તેના સંતાન છે, તેવા ભાવ સાથે જીવે છે. કોઈ ઉચ્ચ, કોઈ નીચ એવું માનવામાં આવતું જ નથી. આ સિવાય બે પંથો કેલ્વિન પંથ અને પ્યૂરીયન પંથ પણ ગણાવી શકાય. આ બંને પંથો પ્રોસ્ટેટ પંથના પેટાપંથો જ છે. પ્યૂરીયન પંથ ચારિત્ર્યની શુધ્ધતા પર ખૂબ જ જોર આપે છે, ને ભાર મૂકે છે તે તેની આગવી વિશેષતા છે, .

ખ્રિસ્તી ધર્મના સિધ્ધાંતો મોટે ભાગે ઈશુ ભગવાને આપેલા ઉપદેશમાંથી જ લીધેલા ફલિત થાય છે. ઈશુ ભગવાને પ્રેમ, સેવા, સમાનાં ભાવના સિધ્ધાંતો પોતાના જીવનમાં ઉતારેલા, તેમના જીવનમાં આવા બધા જ સિધ્ધાંતોનો સૌનો સ્વીકાર હતો, તે તેમની વિશેષતા બની રહેલ.

૧) પરમાત્મા  વિષેની માન્યતા એકેશ્વરવાદ. પરમાત્મા માનવજાતના પ્રેમાળ પિતા છે. આપણે તેમનાં પુત્રો-પુત્રીઓ છીએ. આમ ઈશુ પોતે જ પરમાત્માના પુત્ર તરીકે ઓળખાવતા હતા.

૨) પરમાત્માનું રાજ્ય બહાર ક્યાંય નથી, પણ માનવના હૃદયમાં જ છે. જ્યારે માણસના હૃદયમાં આત્મિક સત્યનો આવિર્ભાવ થાય છે, પ્રેમ અને અનુકંપા ઉત્પન્ન થાય છે, ત્યારે જ આપણાં હૃદયમાં લોકો પ્રત્યે પ્રેમ, અનુકંપા અને સમાનાં ભાવમાં સ્થિર થવાય છે.  પ્રેમ અને અનુકંપા વિશ્વમાં ફેલાય અને આખા વિશ્વના માનવોને તે સમાના ભાવમાં જોવાય ત્યારે સમજવું કે તે જ પરમાત્માનું રાજ્ય છે.

૩) પાપનું પ્રાયશ્ચિત્ત, જે માણસ પોતાનાથી જાણે-અજાણે થયેલા પાપોનું સ્વસ્થ ચિત્તે, પ્રસન્નતાપૂર્વક હૃદયથી પ્રાયશ્ચિત્ત કરીને પ્રાર્થના દ્વારા શુધ્ધ થઈ પછી સન્માર્ગે વળે છે, ને પછી સ્વસ્થતાપૂર્વક પાપોથી બચે છે, એટલે કે પરમ ચેતનાની જાગૃતતા ધારણ કરીને જીવન જીવે છે, તેવા માણસના  તમામ પાપો ધોવાય જાય છે અને માણસ તમામ પાપોથી મુક્ત બને છે.

૪) ક્ષમા, પરમાત્મા વિશાળ છે તેની પાસે હૃદયથી જે પ્રાર્થના કરી માફી માંગે છે તેને પરમાત્મા  માફ કરે છે અને ક્ષમા આપે છે, પણ સાથે સાથે માણસે પણ પોતાની સાથે થયેલા અપરાધો માટે અપરાધીને ક્ષમા આપવી જ જોઈએ. કદી પણ વેરથી વેર શમે જ નહીં. ક્ષમા એ જ જીવનમાં સદ્ગુણોનું ભૂષણ છે, તેને સ્વીકાર કરીને ચાલવું જોઈએ, એટલે જ ઈશુ ભગવાને પોતાને શૂળીએ ચડાવનારાને માફ કરજે તેવી અંતરથી પ્રાર્થના કરેલી. આ પ્રાર્થનાએ જ તેમને પરમાત્મા તરીકે પ્રસ્થાપિત કર્યા છે, ને જગતના મોટા ભાગના લોકો તેને સ્વીકારે છે,

૫) માણસને પાપમાંથી બહાર કાઢવા અને તેનો આત્મિક ઉધ્ધાર કારવા જ ખ્રિસ્તી ધર્મ જગતમાં અસ્તિત્વમાં આવ્યો છે. આમ માણસને દ્વંદ્વમાંથી બહાર કાઢી તેને દ્વંદ્વાતીતમાં સ્થિર કરવા જ પાપમાંથી મુક્ત કરવામાં આવે છે, અને  સમમાં સ્થિર થવું એ જ પાપમાંથી મુક્ત થવું છે. પાપમાંથી ઉધ્ધાર કરવો એ જ મુખ્ય હેતુ રહેલો છે. પાપ એટલે માણસની અજાગૃતતા અને પાપમાંથી મુક્ત એટલે પરમ ચેતનાની જાગૃતતા  છે, અને જાગૃતતા એ જ સમમાં સ્થિર થવું છે,

૬) ખ્રિસ્તી ધર્મ માને છે કે દરેક માણસ પાપ સાથે જ

જન્મ લે છે. કારણકે ગયા જન્મના પાપો ચાલુ રહેવાથી જ નવો જન્મ આવી પડે છે. આનો અર્થ વાસના બાકી રહી ગઈ. ઈશુ ભગવાનના શરણે જવાથી માણસનો ઉધ્ધાર થઈ જાય છે. શરણે જવું એટલે કે પાપથી મુક્ત થવું અને નવા પાપ કૃત્ય કરવા નહીં, એ જ અર્થ છે. એટલે જ ખ્રિસ્તી ધર્મ પાળનાર અપ્રામાણિક અને અસત્ય ઓછા જોવા મળશે, એ જ તેમની સિધ્ધિ છે

પરમાત્માએ મોજીજને દસ આજ્ઞા આપી હતી. ઈશુએ આના અનુશાસનમાં જ આ નવી આજ્ઞાઓ આપી છે. આ આજ્ઞાઓને ગિરિપ્રવચનો તરીકે ઓળખવામાં આવે છે, જે ખ્રિસ્તી ધર્મનો સાર છે, આમાં જૂની આજ્ઞાઓ અને નવી આજ્ઞામાં કોઈ વિરોધ નથી, તેનું માત્ર પુનઃઅર્થઘટન જ છે.

૧. વિનાકારણ બીજા પર ક્રોધ, જે માણસ પોતાના માનવ બંધુઓ ઉપર વિના કારણ ક્રોધ કરે છે, તેને ગાળો દે છે એ પણ ગુનેગાર છે, અને પરમાત્મા તેને શિક્ષા કરે જ છે. માટે માણસે તંદુરસ્ત જીવન જીવવા માટે કોઈ પર ક્રોધ કદી પણ કરવો જોઈએ જ નહીં, એ જ ધર્મનું અનુસરણ છે.

૨. માનસિક વ્યભિચાર, કોઈ પણ પુરુષ બીજાની સ્ત્રીને ખરાબ વિચાર અને નજરથી જુએ છે એ પણ પોતાના મનનો અને પોતાના ચિત્તથી વ્યભિચાર જ કરે છે, અને કોઈ પણ પુરુષ પોતાની પત્ની વ્યભિચારિણી ન હોય તેમ છતાં તેને વગર વાંકે છૂટાછેડા આપે તો તે પાપકૃત્ય જ કરે છે. કારણ કે આવો પુરુષ તે સ્ત્રીને વ્યભિચારણીય બનાવવામાં કારણભૂત બને છે તેથી તેનું તે પાપ કૃત્ય છે,

૩. આત્મિક સત્ય અને સાદી વાણી બોલાવી અને કદી પણ પરમાત્માના સોગંદ ખાવા જ નહીં, માણસે કદી પણ પરમાત્માના પવિત્ર નામના કે જેરુસલામ જેવા પવિત્ર સ્થળના સોગંદ ખાવા નહીં તેમ જ આત્મિક સત્ય સ્વરૂપ સાદી અને સરળ વાણી બોલવી. કયાંય પણ અસત્ય બોલવું જ નહીં. જીવનમાં ગમે તેવું નુકસાન થતું હોય તો પણ સત્યને વળગી જ રહેવું એ જ સત્ય ધર્મ છે, અને અંતે વિજય જ થાય છે અને અસત્ય બોલવું તે પાપ કૃત્ય છે

૪. એક ગાલ પર કોઈ તમાચો મારે તો બીજો ગાલ ધરવો, એટલી સહનશક્તિ કેળવવી અને ધૈર્યમાં સ્થિર થવું. તારે તારા દુશ્મનનો કે વિરોધીઓનો પ્રેમ જીતવાનો છે, તારે તેને હૃદયથી પ્રેમ કરવાનો છે. કદાચ તારા વિરોધી જો તને તમાચો મારી દે તો બીજો ગાલ ધરજે, આટલી ધીરજ સહનશીલતા અને ક્ષમાભાવમાં સ્થિર થવાનું છે, એ જ ધર્મનું આચરણ છે.

૫. જીવનમાં ધાર્મિક ક્રિયાઓનો દેખાવ કરવાનો નથી. હે માનવ, તું જે કાંઇ પરમાત્માની અંતરથી પ્રાર્થના કર, દાન કર, ધર્મનું પાલન કર, સત્યનું આચરણ કર કે બીજી કોઇ પણ પ્રવૃતિ કરે તેનો દેખાવ કરતો જ નહીં, પ્રદર્શન કરતો નહીં, પણ પરમાત્માની પ્રસન્નતા માટે જ કર. અને એકાંતમાં કરજે, તેનો ખોટો દેખાવ કે વાહ-વાહની અપેક્ષા, આશા રાખીને કરતો જ નહીં અને ખોટા આડંબરોથી મુક્ત રહેજે, તે જ ધર્મ છે.

૬. દુશ્મનોને પણ અંતરથી પ્રેમ કરજે. હે માનવ, તું તારા કટ્ટર દુશ્મનને પણ સાચા અંતરથી પ્રેમ કરજે. તે ન બોલતો હોય તો પણ બોલાવજે, ને તારા ઘરે આવવાનું આમંત્રણ પણ આપજે. તે ન આવે તો તે તેનો સવાલ છે, તારો નહીં. આમ તું પૂરી ઉદારતા અને સહાનુભૂતિ હૃદયથી બતાવજે અને તને કોઈ શ્રાપ આપે તો તું તેને આશીર્વાદ માનજે ને તેની પર આશીર્વાદ વરસાવજે. જો તને કોઈ માનસિક કે શારીરિક ત્રાસ આપતો હોય તો તેને પરમાત્મા સદ્‌બુધ્ધિ આપે તે માટે તું અંતરથી પરમાત્માને પ્રાર્થના તે હેતુથી કરજે એ જ ધર્મ છે.

૭. જો તું તારા અપરાધો, પાપો,અને ગુનાઓની મુક્તિ ઈચ્છતો હો તો અન્યને માફ કરતાં, ક્ષમા કરતાં શીખવું જ જોઈએ. હે માનવ, તું એમ ઈચ્છતો હો કે તારા અપરાધો, પાપો, ગુનાઓ વગેરે પરમાત્મા માફ કરી દે, એમ ઈચ્છતો હો તો તારે પણ તારા બંધુઓના તમામ અપરાધો ગુનાઓ સત્વરે પૂછયા વિના, કારણોની સમીક્ષા કર્યા વિના માફ કરી જ દેવા જોઈએ, એ જ ધર્મ છે.

૮. અપરિગ્રહનો સ્વીકાર કરો. આ જગતમાં ધનસંપતિ નશ્વર છે, માટે એનો લોભ ન રાખીશ અને સંગ્રહ પણ કરતો નહીં. તને મોઢું આપ્યું છે તો ખાવાનું આપવું તે પરમાત્માની ફરજ છે. તે તેમની ફરજ પૂરી કરશે જ તેવી જ તેના પર પૂરી આત્મિક શ્રધ્ધા અને વિશ્વાસ રાખ, તને મળી જ રહેશે અને આપશે જ. ધનસંપતિ કરતાં તું આધ્યાત્મિક સંપતિનો સંગ્રહ કરજે, એ જ સાચો ધર્મ છે. તારો હાથ પરમાત્મા પકડશે જ.

૯. પરમાત્માની સેવામાં બલિદાન આપ. જે માણાસ પરમાત્માની સેવામાં, તેના કર્મમાં, કામમાં અને પરમાત્માને અનુસરવામાં પોતાનો સમય, શક્તિ આપે છે ને પોતાનું આ રીતે બલિદાન આપે છે, શરીરથી, ધનથી કે બીજી કોઇ રીતે એ જ માણસ સત્યસ્વરૂપ જીવન જીવે છે, તેનો ઉધ્ધાર પરમાત્મા કરે જ છે તે શાશ્વત નિયમ છે.

૧૦. આપણી કોઈએ નિમણૂક કરી ન હોય તો કોઈના

પણ ન્યાયાધીશ થવું નહીં. કોઈનો ઝઘડો માથે લેવો નહીં. હે માનવ, તું નીમ્યા વિના કોઈનોય ન્યાયાધીશ થતો જ નહીં કે કોઈના ઝઘડાઓ ઉછીના લેતો જ નહીં, ને સ્વસ્થતાપૂર્વક જીવન જીવે જા એ જ સત્યધર્મ છે.

૧૧. પ્રથમ તારા પાપોથી મુક્ત થા. હે માનવ, તું તારા તમામ પાપોથી મુક્ત થા. તેનું જ પ્રથમ નિવારણ કર, અંતરની પ્રાર્થના કરી અને મુક્ત થા. અને બીજાના દુર્ગુણ જોવામાં તારો સમય અને શક્તિ વેડફતો નહીં. તું વધુ ને વધુ તમામ દુર્ગુણોથી મુક્ત થઈને જીવન જીવ, એ જ સત્ય ધર્મનું આચારણ છે. અને સત્યધર્મ જ શાંતિ અને આનંદ-પ્રદાન કરે છે, ને આ જ પરમાત્માના પુત્ર તરીકે તારી ફરજ છે, એ ફરજ તું પૂરી કર, એવી જ આશા પરમાત્મા તારી પાસેથી રાખે છે.

જે ધર્મનું આચરણ પરમશાંતિ, આનંદમાં સ્થિર જ ન કરે તે ધર્મ જ નથી, તો પણ સત્ય ધર્મને જાણવા અને આચરવા માણસ તૈયાર નથી એ હકીકત છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : sarujivan39@gmail.com

# પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં ભણતર

**જશવંત મહેતા**

હાલમાં નવી શિક્ષણ નીતિમાં સ્કૂલ શિક્ષણમાં મોટા પાયે ફેરફારોની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા થઇ છે અને સ્કૂલ શિક્ષણના નવા માળખા પ્રમાણે પાંચમા ધોરણ સુધી માતૃભાષા કે સ્થાનિક ભાષામાં ભણાવવામાં આવશે, આ ફેરફાર ખૂબ જરૂરી અને આવકારદાયક છે અને કેન્દ્ર સરકાર અભિનંદનને પાત્ર છે. માતૃભાષાની બદલે અંગ્રેજીમાં ભણાવવાનું પહેલા ધોરણથી એસ. એસ. સી. સુધી તો સામાન્ય થઇ ગયું હતું પરંતુ ધીરે ધીરે કરતા નર્સરી અને છેલ્લે હવે તો પ્લે ગ્રુપના ભૂલકાઓને પણ અંગ્રેજીમાં જ બોલવાનું ફરજિયાત થઇ ગયું હતું અને આ પરિસ્થતિમાં સમય જતા આખા ભારતભરમાં માતૃભાષા લુપ્ત થઇ જવાની પૂરેપૂરી શક્યતા ઊભી થઇ છે.

બાળકોને શરુઆતના વર્ષોમાં માતૃભાષાથી જ લખવા વાંચવા અને તેના ફાયદા વિષે વૈશ્વિક અભ્યાસો જણાવે છે કે બાળકોએ સૌથી પહેલું માતૃભાષામાં જ લખતા વાંચતા શીખવું જોઈએ. એક વાર તેઓ એક મિનટમાં ૪૫-૬૦ શબ્દો ઝડપથી વાંચતા થઇ જાય ત્યારે જ તેઓ જે વાંચતા હોય એનો અર્થ સમજી શકે છે. આટલી ઝડપે પહોંચવું માતૃભષામાં જ બહુ સહેલું છે. એટલી ઝડપ એક વાર આવી જાય, પછી ભાષા શીખવી બહુ સરળ બની જાય છે. એ પહેલાં અંગ્રેજી કે બીજી કોઈ ભાષા શીખવવામાં આવે તો બાળકને માટે પોતાની માતૃભાષામાં ઝડપથી વાંચવું બહુ અઘરું બની જાય છે.

એક સમયે (૧૯૬૫-૭૦ પૂર્વે) ગુજરાતી માધ્યમની અગ્રગણ્ય ગણાતી શાળાઓમાં અંગ્રેજીને શીખવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. બાઈ કબીબાઈ હાઈ સ્કુલ કે જયાં મેં અભ્યાસ કર્યો હતો ત્યાં અમારા સમયે (૧૯૫૭માં S.S.C.E. પરીક્ષા પાસ કરી હતી ) અંગ્રેજી ૭માં ધોરણથી ભણાવવાની શરૂઆત થતી હતી તે વખતે મેટ્રિક (S.S.C.E.) ની પરીક્ષા ૧૧માં ધોરણ પછી લેવાતી હતી. પણ તે સમયે અમારી સ્કુલમાં અંગ્રેજી ભાષાના શિક્ષણ અને વ્યાકરણ પર ખુબ જ ધ્યાન આપવામાં આવતું હતું. WREN MARTINનું વ્યાકરણનું પુસ્તક અને પાઠમાળા અંગ્રેજી શીખવા માટે ઘણા ઉપયોગી હતા અને અમે જયારે કોલેજમાં પ્રવેશ કર્યો ત્યારે કોલેજમાં અંગેજી માધ્યમ હોવા છતાં અમે કોઈ મુશ્કેલી નહોતી અનુભવી. ધીરે ધીરે આ બધી શાળાઓમાં અંગ્રેજીનું ધોરણ કથળતું ગયું અને કોલેજોમાં અંગ્રેજી માધ્યમ હોવાથી ગુજરાતી વાલીઓ પોતાના સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મોકલતા થયા અને વખત જતાં આ ગુજરાતી માધ્યમની અગ્રગણ્ય ગણાતી શાળાઓનું અંગ્રેજી માદ્યમમાં પરિવર્તન થઇ ગયું. એ તો નિઃશંક છે કે માતૃભાષામાં સ્કૂલ કક્ષાએ શિક્ષણ લેવું વિદ્યાર્થી માટે ઉત્તમ છે. આજે એસ.એસ.સી. નો અભ્યાસક્રમ ૧૦ વર્ષનો હોવાથી જો, અંગ્રેજી પાંચમાં ધોરણ થી શીખવવામાં આવે અને ૬ કે ૭ વર્ષ અંગ્રેજીનું શિક્ષણ વ્યવસ્થિત રીતે આપવામાં આવે તો કોલેજમાં અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીને શીખતી વખતે તકલીફ ન પડે તેવું મારુ માનવું છે.

ગુજરાતી મા-બાપ કહેતા હોય છે : મારું બાળક ગુજરાતી તો બોલે જ છે. પછી સ્કૂલમાં પણ એ શીખવાવની શી જરૂર છે? એને બદલે અંગ્રેજી ના શીખવીએ ! ''આ તર્ક આમ તો અશાય લાગે, પણ એ ભૂલભરેલો છે. એને બદલે એક વાર બાળક ગુજરાતી સારું શીખી જાય પછી અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવું પણ

એને માટે એકદમ સહેલું થઇ જાય છે. એટલે પ્રશ્ન ગુજરાતી વિરુદ્ધ અંગ્રેજીનો નથી. ઊલટું, સારું ગુજરાતી એ સારા અંગ્રેજી માટેનો મજબૂત પાયો બનાવે છે. આ સત્ય ગુજરાતી ભાષાની જેમ દેશની દરેક સ્થાનિક ભાષા - જેમ કે હિન્દી, મરાઠી, બંગાલી વગેરેને લાગુ પડે છે. વિશ્વભરમાં કદાચ ભારત એક જ એવો દેશ હશે કે જ્યાં સ્થાનિક ભાષાઓ પૂર્ણ રીતે વિકસેલી અને સમૃદ્ધ હોવા છતાં પણ બાળકોને તેમના પાયાના શિક્ષણની શરુઆત અન્ય દેશની પરદેશી ભાષા દ્વારા ફરજિયાત બની ગઈ છે.

આપણી માતૃભાષામાં જે સંવેદનશીલતા કે મીઠાશ છે, અને જે શબ્દોની સમૃદ્ધિ છે તે અંગ્રેજી કરતા નિઃશંક ખૂબ જ ચડિયાતી છે. અંગ્રેજીમાં કાકા-કાકી કે મામા-મામી કે માસ-માસી બધા માટે a¼s Uncle અને Auntie છે તેવી રીતે દાદા-દાદી કે નાનાં-નાની માટે Grand Father અને Grand Mother છે. આપણે આપણા નામકરણથી જ આપણા સંબંધોને આગવીકરણ આપ્યું છે. આપણી સંસ્કૃતિ છોડશું તો આપણે ઘણું ગુમાવશું.

કમનસીબે આજે એવો સમય આવ્યો છે કે બૃહદ મુંબઈમાં ગુજરાતી માધ્યમની એક સમયે અગ્રગણ્ય ગણાતી શાળાઓમાં મોટા ભાગની શાળાઓમાં ગુજરાતી એક ભાષા તરીકે કે સેકન્ડ લેન્ગવેજ તરીકે પણ હવે શીખવવામાં આવતી નથી. ગુજરાતી સમાજ દ્વારા સંચાલિત અને જ્યાં મોટા ભાગના વિદ્યાર્થીઓની માતૃભાષા પણ ગુજરાતી છે, ત્યાં આપણા વિદ્યાર્થીઓ માતૃભાષાના જ્ઞાનથી સંપૂર્ણપણે વંચિત રહે તે આપણા સમાજની કમનસીબી ( કે નાલોશી ! ) છે. આ બધી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી ઉપરાંત હિન્દી, મરાઠી અને એક સેકન્ડ લેન્ગવેજ તરીકે ફ્રેન્ચ પણ આપણા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે, પણ તેઓ માતૃભાષાનો કક્કો પણ શીખવા પામતા નથી.

ગાંધીજીએ માતૃભાષા અને દેશપ્રેમ માટે લખેલ શબ્દો પણ ખૂબ સૂચક છે 'દેશ-વિદેશની સંસ્કૃતિના વાયરા શક્ય એટલી મુક્ત રીતે મારા ઘરમાં વહે એવી મારી પણ ઈચ્છા છે પણ તેના કારણે મારા પગ મારી ભૂમિમાંથી ઊંચકાઈ જાય અને હું દૂર ફંગોળાઈ જાઉં, એની સામે મારો સખત વિરોધ છે, એ હું હરગિજ સહન ન કરું.' આપણી ગુજરાતીને સમૃદ્ધ-જીવંત રાખવા માટે આપણે પણ એવું જ કંઈક નક્કી કરીએ. બધી સંસ્કૃતિ બધી ભાષાઓ માટે ગુજરાતના બારણાં હંમેશા ખુલ્લાં છે. પણ અમારી ગુજરાતી ને ભોગે તો હરગિજ નહીં. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી પોલિસી માટે સૌએ એક થઈને આ નિર્ણયને સમર્થન આપવાની જરૂર છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : Email: jashwant@theemerald.com
022-66150505

---

# વજ્જાલગ્ગં – પ્રાકૃત સુભાષિતસંગ્રહ - ૨

**ડૉ. રવિન્દ્ર ખાંડવાળા**

ગયા અંકથી પ્રાકૃત ભાષાના એક અપ્રતિમ સુભાષિત કોશ 'વજ્જાલગ્ગં'નો ગુજરાતી ભાષામાં અનુવાદ અહીં પ્રારંભાયો છે. તદન્તર્ગત 'ગાહાવજ્જા'ની પાંચ ગાથાઓનો અનુવાદ પ્રસ્તુત કર્યો હતો. હવે આગળ...

(૨) ગાહાવજ્જા

**१४. सव्वो गाहाउ जणो वीसत्थो भणइ सव्वगोठीसु।**
**परमत्थो जो ताणं सो नओ महछइल्लेहिं ।।६।।**

અનુવાદઃ સર્વે (કવિજનો) (કાવ્ય) ગોષ્ઠીઓમાં વિશ્વાસપૂર્વક ગાથાઓ બોલે છે, પરંતુ તેમાં ગૂઢાર્થ+તો શ્રેષ્ઠ વિદગ્ધ લોકો જ જાણી શકે છે (૬)

\+ વ્યંગ્યાર્થ, ધ્વન્યાર્થ

**१५. गाहा रुअइ वराई सिक्खिज्जंती गवारलोएहिं।**
**कीरइ लुंचपलुंचा जह गाई मंददोहेहिं ।।७।।**

અનુવાદ : જ્યારે મૂરખાઓ શીખવા માંડે છે ત્યારે બિચારી ગાથા રડી પડે છે (કારણ કે) જેમ કોઈ અણઘડ દેહવાળો ગાયને દોહે તેમ તે મૂરખાઓ એ (ગાથા)નેં ફેંદી નાંખે છે. (૭)

१६. जाहे भज्जिहिसि तुमं अहवा लहुयतणं वि पाविहिसि।
गामारदंतदिढकढिणपीडिया ऊच्छुलट्ठि व्व ।।८।।

અનુવાદ : હે ગાથાઓ! મૂર્ખજનોના દઢ અને કઠણ દાંતોથી પીસાયેલી (એટલે કે મૂર્ખજનો વડે બોલાયેલી)તું શેરડીનાં સાંઠાની જેમ તૂટી જઈશ કે પછી ચવાઈ જાય છે (અર્થાત્ રસહીન થઈ જાય છે)

**१७. गाहाणं गीयाण तंतीसद्दाण पोढमहिलाणं।**
**ताणं चिय सो दंडो जे ताण रस न याणंति ।।९।।**

અનુવાદ : જે (મનુષ્યો) ગાથાઓ, ગીતો, વાદ્યયન્ત્રોના

સ્વરો અને પ્રૌઢ નારીઓનાં રસ જાણતા નથી. એમનો એ જ દંડ છે. (અર્થાત્ તે મનુષ્યો રસાનંદથી વંચિત જ રહે છે.) (૧૦)

**१८. छंद अयाण माणेहि जा किया सा न होई रमणिज्जा ।**
**कि गाहा अह सेवा अहवा गाहा वि सेवा वि ।।१०।।**

અનુવાદ : છંદ (અને ઈચ્છા) ન જાણનારાઓ જે રચે છે (કરે છે) તેહ રમણીય બનતી નથી. શું? ગાથા કે સેવા? અથવા ગાથા અને સેવા બંને (૧૦)

(તાત્પર્ય : છંદના જ્ઞાન વિના ગાથા અને જેની સેવા કરવાની છે એની ઈચ્છા જાણ્યા વિના કરવામાં આવતી સેવા રમણીય લાગતી નથી)

તો આ રીતે 'વજ્જાલગ્ગં' અન્તર્ગત અહીં 'ગાહાવજ્જા' એટલે 'ગાથાપદ્ધતિ' વિષયક સુભાષિતો સંપન્ન થયાં. હવે, તૃતીય ક્રમે 'કવ્વવજ્જા' એટલે કે 'કાવ્યપદ્ધતિ' વિષયક સુભાષિતો ને માણીશું. 'કવ્વવજ્જા'માં કુલ ૧૩ સુભાષિતો છે, તેનો ક્રમાનુસાર ગુજરાતી અનુવાદ હવે પ્રસ્તુત કરવામાં આવે છે.

**३. कव्ववज्जा** (કાવ્યપદ્ધતિ)

**१९. चिंतामंदरमंथाण मंथिए वित्थरम्मि अत्थाहे।**
**उप्पज्जंति कईहियसायरे कव्वरयणांइं ।।२।।**

અનુવાદ : ચિંતનરૂપી મંદાર પર્વતના વલોણાથી વલોવાયેલ, કવિઓના વિશાળ અને અગાધ હૃદયરૂપી સાગરમાં કાવ્યરૂપી રત્નો ઉત્પન્ન થાય છે. (૧)

**२०. रयणज्जलपयसोंहं तं कव्वं जं तवेई पडिवक्खं।**
**पुरिसायंतविलासिणिरसणादामं गिव रसंतं ।।२।।**

અનુવાદ : જેમ રત્નોને લીધે ચરણોની શોભાને ઉજ્જવળ બનાવતી, વિપરીત રતિથી સંબદ્ધ રમણીની કટિમેખલા (કંદોરા)નો મધુર રણકાર સપત્નીઓને સંતપ્ત કરી દે એમ જે રચના વડે પદોની શોભા ઉજ્જવળ બને છે અને જે રસાળ છે, તેવાં કાવ્યની પ્રશંસાથી પ્રત્યેકના હૃદય વિચલિત થઈ ઉઠે છે (૨)

+ પદો = શબ્દો કે છન્દોના ચરણો

* ઉજ્જવળ શોભા = નિર્દોષ, શ્રુતિ કટુત્વ વગેરે દોષોથી રહિત) રસાળ = શૃંગાર વગેરે રસ

**२१. पाइयकव्वभिम रसो जो जायइ तह य छयभणिहहिं।**

**उययस्स य वासियसीयलस्स तित्तिं न वच्चामो ।।३।।**

અનુવાદ : પ્રાકૃત-કાવ્ય, વિદગ્ધ-ભણિતિ+ તથા સુવાસિત શીતળ જળથી જે આનંદ ઉત્પન્ન થાય છે એનાથી અમને સંપૂર્ણપણે તૃપ્તિ મળતી નથી. (૩)

+ વિદગ્ધ ભણિતિ = દ્વિ-અર્થક વ્યંગ્ય-ઉક્તિ)

❖ ❖ ❖ ❖

---

ગાંધી મનન યાત્રા

# ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલેઃ આચાર્ય વિનોબા ભાવે

સોનલ પરીખ

નવેમ્બર મહિનામાં આચાર્ય વિનોબા ભાવેનો જન્મદિન ગયો. જાન્યુઆરી મહિને મહાત્મા ગાંધીની પુણ્યતિથિ છે. આ બંને વિભૂતિઓને સાથે સાથે સમજવાની મઝા આવે એવું છે. ૧૯૧૭માં મહાત્માગાંધીએ દીનબંધુ એન્ડ્રુઝને કહેલું કે વિનોબા આશ્રમના દુર્લભ રત્નોમાંના એક છે. વિનોબાજી મહાત્મા ગાંધી વિશે કહે છે કે આપણે તેમને ઉપરછલ્લા જ ઓળખ્યા છે. સાચી વાત તો એ છે કે આપણે આ બેમાંથી એક પણ મહામાનવોને પૂરા જાણતા-સમજતા નથી. કદાચ ગજા બહારની વાત છે.

યજ્ઞ પ્રકાશનના કાન્તિ શાહ સંપાદિત પુસ્તક 'ગાંધીઃ જેવા જોયા જાણ્યા વિનોબાએ'માં એક પ્રતિભાશાળી રાજકીય સંત મહાત્મા ગાંધીનું તેમના એવા જ પ્રતિભાશાળી શિષ્ય વિનોબાજીની આંખે થયેલું દર્શન છે. આ પુસ્તક પહેલીવાર પ્રગટ થયું ત્યારે વિનોબાજી હયાત હતા. તેમણે ગાંધીજી વિશે છૂટુછવાયું પણ સતત જે કહ્યા કર્યું તેનો નિચોડ ભારે પરિશ્રમ અને દૃષ્ટિપૂર્વક વરિષ્ઠ ગાંધીજન કાન્તિ શાહે આ પુસ્તકમાં આપ્યો છે અને વિનોબાજીએ તેને ધ્યાનપૂર્વક જોઈ જઈ 'સારો પ્રયત્ન'નું પ્રમાણપત્ર આપેલું છે. કાન્તિભાઈએ એટલું સુંદર સંપાદન કર્યું છે કે પુસ્તક રસપૂર્ણ, વ્યવસ્થિત અને સળંગસૂત્રે પરોવાયેલું બન્યું છે. પુસ્તકની અનેક આવૃત્તિઓ થઈ છે, છેલ્લી આવૃત્તિ ૨૦૦૮માં થઈ છે.

'ગાંધી : જેવા જોયા જાણ્યા વિનોબાએ'નાં અગિયાર પ્રકરણમાં વિનોબાજીએ પોતે મહાત્મા ગાંધી પાસે ગયા ત્યારથી

લઈ તેમના દેહાન્ત સુધી તેમની સાથેના અનુભવોની વાત કરી છે. સાથે તેમના વ્યક્તિત્વ અને વિચારોને પોતે જે રીતે સમજ્યા તે રીતે રજૂ કર્યા છે. આ એ વિનોબા છે, જેમણે ૧૯૧૬માં ૨૧ વર્ષની ઉંમરે ગાંધીજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રારંભ પ્રસંગે આપેલા પ્રવચન વિશે જાણ્યું. એ વખતે બંગાળ અને હિમાલય જવાના સ્વપ્ન સાથે વિનોબાએ ઘર છોડ્યું હતું અને કાશીમાં પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરતા હતા. ગણિત વિનોબાજીનો પ્રિય વિષય હતો. કદાચ એટલે જ ત્યારે પણ એમનામાં વ્યક્તિનિષ્ઠ નહીં, વસ્તુનિષ્ઠ દૃષ્ટિકોણ હતો.

ગાંધીજીએ પ્રવચનમાં રાજામહારાજાઓના વૈભવના પ્રદર્શનની ટીકા કરી હતી. વાઈસરૉયને પોલીસ રસાલો રાખવા માટે ઝાટક્યા હતા. ક્રાંતિકારીઓની બહાદુરીની પ્રશંસા કરી કહ્યું હતું કે છુપાઈને વાર શા માટે કરો છો? તે કરતા તો અંગ્રેજોને ઉઘાડછોગ કહી દો કે તેઓ ચાલ્યા જાય અને તેમ કરતા મોત આવે તો હસતા હસતા પ્રાણ આપો. વિનોબાને થયું કે આ માણસ રાજકીય સ્વતંત્રતા અને આધ્યાત્મિક વિકાસ બંને સાધવા માગે છે. તેમને એ જ જોઈતું હતું. ગાંધીજીને પત્રો લખી તેમણે પોતાના મનમાં ઊઠતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું અને બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિ બંને ગાંધીજીમાં છે તેવી જ્યારે ખાતરી થઈ ત્યારે તેઓ કોચરબમાં ગાંધીજીએ શરૂ કરેલા આશ્રમમાં ચાલ્યા આવ્યા. 'મેં મારી બુદ્ધિથી બાપુની ઘણી પરીક્ષા લીધી હતી. જો એ પરીક્ષામાં તેઓ જરા પણ ઊણા ઊતર્યા હોત તો હું તેમની પાસે ટકત નહીં.' 'બાપુએ મને ઘડ્યો. હું નર્યો બુદ્ધિવાદી. પ્રેમ અને કરુણામાં ઝાઝું સમજું નહીં. પણ બાપુમાં મેં કર્મયોગ અને ધ્યાનયોગ એકરૂપ થયેલા જોયાં અને મેં મારું જીવન તેમને સોંપ્યું.' 'હું તો બાપુનું પાળેલું એક જંગલી પ્રાણી છું. તેમના સંગથી મારું જીવન પલટાયું.' ૧૯૨૧માં વિનોબાજીએ વર્ધા આશ્રમ સંભાળ્યો, ક્વિટ ઈન્ડિયા સુધીની લડતોમાં ભાગ લીધો અને અનેકવાર જેલવાસ ભોગવ્યો. ૧૯૪૦માં ગાંધીજીએ કહ્યું, 'તમારી સેવાનો મને ખપ છે. જો તમે કામમાંથી ફારેગ થઈ શકો તેમ હો તો પહેલા વ્યક્તિગત સત્યાગ્રહી થાઓ.' 'આપનું તેડું અને યમરાજનું તેડું મારે મન સરખાં છે. પાછું ઠેલવાનો પ્રશ્ન હોય જ નહીં.'

આટલા ભક્તિભાવ છતાં વિનોબાજી વિભૂતિપૂજા અને વેદિયાપણામાં અટવાતા નથી. કહે છે, 'મહાપુરુષના વિચારોને ગ્રહણ કરવા, સ્થૂળ જીવનને પકડી ન રાખવું. ગાંધીજી ભારે પરિવર્તનશીલ હતા. તેમના શબ્દોને પકડી રાખીશું તો તેમને ભારે અન્યાય કરીશું.' વિનોબા ગાંધીજીના ત્યાગને કરુણામૂલક માને છે અને તેથી તેમને તપસ્વીઓના તપસ્વી કહે છે. પુસ્તકનાં પાનાંઓ પર વિનોબાએ કરેલું ગાંધીદર્શન સુંદર રીતે પ્રતિબિંબિત થયું છે. 'સત્યાગ્રહ એટલે સામા માણસમાં રહેલા સદ્અંશને બહાર કાઢવો. સર્વોદયનો આખો કાર્યક્રમ આ સિદ્ધાંત પર રચાયેલો છે. બાપુની સત્તા આખા દેશ પર ચાલતી કારણ કે એ નૈતિક સત્તા હતી. સમાજસેવા માટે વ્રતપાલન જરૂરી છે આ વાત બાપુએ પહેલ વહેલી કરી અને એકાદશ વ્રત આપ્યાં.'

સત્યાગ્રહ પરના પ્રકરણમાં ગાંધીજીની સત્યાગ્રહ-વિભાવનાનાં સ્થૂળ-સૂક્ષ્મ પાસાં સ્પષ્ટ થાય છે. તેઓ સ્પષ્ટ કરે છે કે હઠ, તામસી વૃત્તિ કે જડતાપૂર્વક કરાયેલો સત્યાગ્રહ દુરાગ્રહ બની જાય છે. અહિંસા વિશે પણ તેમણે વિશદ અને સૂક્ષ્મ વિચારણા કરી છે અને કહ્યું છે કે આજે પણ અહિંસા પરમો ધર્મ છે. ફૉર્મ્યુલા પણ આપી છેઃ વિજ્ઞાન+હિંસા = સર્વનાશ અને વિજ્ઞાન + અહિંસા= સર્વોદય. આશ્રમજીવન પાછળની ગાંધીજીની ચિત્તશોધન અને સામાજિક કર્મને એકસાથે વણી લેવાની જે કલ્પના હતી, તેનો મર્મ વિનોબાએ પકડ્યો છે. ટ્રસ્ટીશીપના મૂળમાં એ વાત હતી કે દરેક વ્યક્તિએ પોતાની સંપત્તિ, બુદ્ધિ, કૌશલ્ય અને ગુણો પોતાના ફાયદા માટે નહીં, પણ સર્વજનહિતાય વાપરવાના છે.

આજના વૈશ્વિક યુગમાં દરેક માણસમાં બ્રાહ્મણની શાંતિ અને જ્ઞાન, ક્ષત્રિયની વીરતા, વૈશ્યની દક્ષતા અને શૂદ્રની સેવાવૃત્તિ હોવા જોઈશે, તેમ તેઓ માને છે એમ કહે છે કે આજે ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલે. તેમના સમયમાં આપણે સ્વતંત્ર ન હતા, લોકશાહી રાષ્ટ્ર ન હતા અને વિજ્ઞાન-ટૅક્નોલોજીએ આટલી હરણફાળ ભરી ન હતી. તેમણે તેમના સમય અનુસાર સત્યાગ્રહ કર્યો, આપણે આપણા સમય અનુસાર સત્યનો આગ્રહ રાખવો પડશે. તેમણે અંગ્રેજોને 'ક્વિટ ઈન્ડિયા' કહ્યું. આપણે કોને કહીશું કે ભારત છોડો? આપણે કાઢી મૂકવાની નહીં, સાથે રહેવાની વિદ્યા શીખવાની છે. ગાંધીજી હોત તો તેમણે પણ સત્યાગ્રહ જુદી રીતે કર્યો હોત, સ્વદેશી ટ્રસ્ટીશીપ અને અહિંસાને નવા સંદર્ભમાં સમજવા અને આચરવા જોઈશે.

ગાંધીજીના કાર્યકર્તાઓની અંધભક્તિ અને તેમની અધ્યયન કે ચિંતન ન કરવાની વૃત્તિની વિનોબા ટીકા કરે છે. કહે છે કે ગાંધીસંસ્થાઓ આવી વૃત્તિને લીધે જ નિષ્પ્રાણ થતી ચાલી છે અને નવી પેઢી તેમને આકર્ષવામાં નિષ્ફળ ગઈ છે. જનતા ગાંધીજીના કર્મયોગ તરફ ખેંચાઈ તેટલી તેમના વિચારોના ઊંડાણમાં ગઈ નહીં, પરિણામે તેમના જતાં જ તેમની વિચારધારા ઝાંખી પડી ગઈ.

બાપુનું જીવન દેશે જોયું છે. ૭૮ વર્ષની ઉંમરે નોઆખલીમાં એકલા ફરવાની તાકાત તેમનામાં ક્યાંથી આવી? એક પછી એક નવી કલ્પના તેમને સૂઝી અને તેમાં વિરાટ જનસમુદાયને તેઓ સાથે રાખી શક્યા તેનું કારણ વિનોબા તેમની ઈશ્વરનિષ્ઠામાં જુએ છે. સ્વરાજ્ય આવેલું બાપુએ જોયું, પણ શોષણમુક્તિ અને શાસનમુક્તિનો તેમનો આદર્શ ફળ્યો નહીં. જીવનના અંતિમ ભાગમાં એટલે જ બાપુ પોતાના વિચારોના નવસંસ્કરણ વિશે વિચારતા હતા, પણ એ વિચારોને અમલમાં મૂકવાનો તેમને મોકો ન મળ્યો.

બાપુના મૃત્યુ પછી વિનોબા થોડા વખત માટે નિરાશ્રિતોના પુનર્વસવાટનું કામ કરતા રહ્યા, પણ સરકારી આંધાધૂંધીથી કંટાળી નીકળી ગયા. ત્યાર પછી બે ત્રણ વર્ષ દેશમાં ફરતા રહ્યા. ૧૯૫૧માં ભૂદાનનું કામ શરૂ થયું. તેર વર્ષની પદયાત્રાઓને પરિણામે લાખો એકર જમીન ભૂમિહીનોને આપી શકાઈ. પુસ્તકનું સમાપન ગાંધીજીના 'હું થોડો શાંત થવાનો છું?' એ વાક્યથી થાય છે. વિનોબા કહે છે, આ વાક્ય ખૂબ અર્થગર્ભ છે.

બાપુ વિનોબાજી કરતાં ૨૭ વર્ષ મોટા હતા. તેમનો જીવનકાળ ૨ ઑક્ટોબર ૧૮૯૬ થી ૩૦ જાન્યુઆરી ૧૯૪૮. વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫માં અને મૃત્યુ નવેમ્બર ૧૯૮૨માં. વિનોબાજીએ છ આશ્રમ સ્થાપ્યા હતા. કટોકટીને અનુશાસન પર્વ કહેવા બદલ ટીકાનો ભોગ બન્યા હતા. જો કે તેમને પક્ષે અનુશાસન નેતાઓએ પણ પાળવું પડે એ અર્થ હતો. મહાત્મા ગાંધીના આધ્યાત્મિક વારસ, પ્રતિભાશાળી શિષ્ય, રામન મૅગ્સેસ અને ભારતરત્નથી વિભૂષિત અને જુદા જુદા ધર્મો પર પુસ્તકો લખનાર વિનોબા જ્યારે ગાંધીને જુએ, જાણે અને એમના વિશે કહે ત્યારે વાત અત્યંત રસપ્રદ અને રોમાંચક બની જાય.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9833708494

# Introduction to Jain Thinkers - 1

**Dr. Kamini Gogri**

Jains hold the Jain doctrine to be eternal and based on universal principles. In the current time cycle, they trace the origins of its philosophy to Rishabhanatha, the first Tîrthankara. However, the tradition holds that the ancient Jain texts and Purvas which documented the Jain doctrine were lost and hence, historically, the Jain philosophy can be traced from Mahavira's teachings. Post Mahavira many intellectual giants amongst the Jain ascetics contributed and gave a concrete form to the Jain philosophy within the parameters set by Mahavira. Following is the partial list of Jain philosophers and their contributions.

Jaina logic began from Siddhasena, who was the first great logician among the Jainas. But to some extent logical discussions are also to be found in the Agamic literature like Bhagavati Sutra, Sthananga, Samavayanga and Anuyoga and some works on logic had been written between the Agamic age and the time of Siddhasena. The chief logicians of this period were Acarya Kundakunda and Umasvati.

Kundakunda is supposed to belong to the first or second century A.D. He was the first amongst the Jainas to discuss the Agamic themes in a logical manner. He not only expounded them on the basis of the Agamas but also discussed the problems in the light of contemporary thoughts. Though Kundakunda did not discuss the problems of pramana, yet his epistemology was influenced by the concept of pramana. He explained pratyaksa and paroksa on the basis of the Agamas. He pointed out that sense-knowledge could not be regarded as pratyaksa,' it was paroksa. Pratyaksa was that knowledge which arose in the self directly without the help of the sense organs. He was also the first to have discussed the problem of knowledge. He raised the question, whether knowledge was self-revealing or object-revealing (svaprakasa or paraprakasa) and established that knowledge was both self-revealing and object-revealing, just as a lamp revealed itself as well as the object. Later on, all the Jaina scholars accepted this view of knowledge. Kundakunda explained the anekantavada of the Agamas in a systematic and clear way. Although he mentioned only the two nayas : niscaya and vyavahara, yet he tried to solve all difficult philosophical problems with the help of

these two. The main works of Kundakunda are : Pancastikaya, Pravacanasara, Samayasara, Niyamasara, Astapahuda, Dasabhakti etc

Umasvati was the first amongst the Jainas to use the Sanskrit language. Before him Jaina literature was written in Prakrit. Tattvartha Sutra is Umasvati's main work. The subject-matter of Tattvartha Sutra is based on the Agamas but it is written in a systematic way. There is wide discussion on the nature, qualities and types of dravya (substance). Though there is not much discussion on prameya, pramana and naya, yet Umasvati to some extent did define these concepts. The five types of knowledge of the Agamas are according to him pramana. He also classified pramama into pratyaksa and parokaa. Pratyaksa meant for him the immediate knowledge which arose in the self directly without the help of the sense organs and paroksa was defined as knowledge derived from the sense organs. He also described naya in a different way from that of the Agamas. It may be said that though Jaina logic was not fully developed at the time of Kundakunda and Umasvati yet their writings exercised great influence on the development of Jaina logic.

After Kundakunda and Umasvati the period of Jaina logic began. As mentioned before, Siddhasena was the first great logician. We cannot also forget the name of Samantabhadra in this connection (5th - 6th century A.D.) Samantabhadra and Siddhasena may be called the founders of Jaina logic. Aptamimansa is the main work of Samantabhadra in which he introduced a new style to discuss the philosophical problems on the basis of anekantaviida. He also gave a definition of pramana in his Svayambhu Stotra, which may be viewed as the first logical type of definition of pramana amongst the Jainas. (svaparavabhasakam yatha pramanam bhuvi buddhilaksanam).

Siddhasena belonged to the seventh century A.D. The main works of Siddhasena are Sanmatitarka and Nyayavatara. Sanmatitarka is written in Prakrit, in which he discussed the nayas, in a comprehensive manner on the basis of anekantavada. Nyayavatara has been called the foundation-stone of Jaina logic. In this work, he defined the pramana not only on the basis of the Agamic view but also according to his own independent thought and criticism of contemporary ideas on this matter. He classified pratyak1a into two types, the sensuous and the non-sensuous; and paroksa was also classified into two types: anumana and agama. This classification was influenced by the classification given by other schools of philosophy. Siddhasena was also the first Jaina logician who defined the four logical terms pramana, pramata, prameya and pramiti.

Samantabhadra and Siddhasena have done some preliminary work in the field of Jaina logic but in the meantime logic in other schools of philosophy had been developed more fully. There were great Buddhist logicians like Dignaga and Dharmakirti. But amongst the Jainas there was no work comparable to Pramanasamuccaya and Nayabindu.

Akalanka filled in this gap about the eighth century A.D. He was the first to expound the Agamic theory of pramana in a pure logical way. According to the Jaina Agamas, pramana is of two types: pratyak1a and paroksa. Pratyaksa is the knowledge which arises immediately in the self without the help of sense organs. 'Ak1a' means the self and knowledge derived from the self directly is called pratyaksa. Parok1a is the knowledge which is not direct to the self but is derived with the help of the sense organs. Pratyaksa is of three types, avadhi, manahparyaya and kevala. Paroksa is of two types, mati and sruta. While all the systems of Indian philosophy accept as pratyaksa all sensuous knowledge derived from the sense organs, according to the Jaina Agamas, sensuous knowledge is not pratyaksa. Akalanka was faced with the problem, whether to accept the Agamic view of pratyaksa or the contemporary theories of it. At first he defined pratyaksa simply as clear knowledge (visadam pratyaksam), then he classified it into two types, the samvyavaharika pratyaksa and mukhya pratyaksa. Knowledge derived from the sense organs was called samvyavaharika pratyaksa and knowledge which arises directly in the self was called mukhya pratyaksa. Akalanka not only classified pratyaksa, he also gave logical definitions of each kind of pratyaksa. And on the basis of his definition of pratyaksa he examined and criticised the definitions

of pratyaksa given by the other systems. Knowledge which was not visada was paroksa or indirect, according to him. He classified paroksa into the following types : smrti, pratyabhijna, tarka, anumana and agama, all these being indirect knowledge.

Akalanka also explained the object (visaya) and the result (phala) of pramana in a comprehensive and logical manner. He examined and discussed all logical problems and established some new facts in the field of logic. Laghiastraya, Nyayaviniscaya, Pramanasangraha and Siddhiviniscaya were his great works. He wrote commentaries on the Tattvartha Sutra of Umasvati and Aptamimansa of Samantabhadra which are known as Tattvarthavartika and Astasati respectively.

Vidyananda was a great commentator on Akalanka. His commentary on Akalanka's Astasati, known as Attasahasri, is a valuable work in philosophy. Vidyananda studied thoroughly all systems of philosophy. He was specially a great scholar of Mimansa school of Kumarila. He wrote Tattvarthaslokavartika, (a commentary) on Umasvati's Tattvartha Sutra. In his own work Pramanapariksa, he examined all the different views of pramana. In Aptaparik1a he rejected Kumarila's views and established the Jaina view regarding the possibility of omniscient being. Vidyananda is supposed to belong to the 9th century A.D.

Manikyanandi's Partksamukha was the first sutra grantha in logic amongst the Jainas. It cotained the following six chapters: pramana, pratyasa, paroksa, visaya, phala, and tadabhasa. In this the author discussed the logical problems in sutra style. He examined other systems and by rejecting them established the Jaina views on logical grounds.

Prabhacandra was a follower of Manikyanandi. His commentary on Manikyanandi's Pariksamukha is famous by the name of Prameyakamalamartandi's Nyayakumudacandra is also a large commentary on Akalanka's Laghiyastraya. Prabhacandra was a great logician and acquired an important place in the whole of Indian logic and philosophy. In both the above commentaries he discussed the innumerable problems of logic and philosophy and by rejecting them he established the Jaina views. Prabhacandra belonged to the 13th century.

Abhayadeva Suri was also a great commentator. He was the author of a commentary on Samantabhadra's Sanmatitarka, in which he discussed the theories of different schools of philosophy.

Syadvadaratnakara is a large commentary on Pramananayatattva-lokalankara. Both these works were written by Vadideva Suri. These were written in the style of Prameyakamalamartanda and Nyayakumudacandra, and the subject matter also was the same as that of those books. But there are also some discussions on naya and vada which are not to be found in the Prameyakamalamartanda and Nyayakumudacandra. Vadideva Suri also discussed and criticised the theories of the other systems. He belonged to the 12th century A.D.

Vadiraja was also a great commentator. He wrote a big commentary on Akalanka's Nyayaviniscaya by the name of Nyyavinscayavivarana. There are three prastavas in it namely, pratyaksa, anumana and pravacana. He explained Akalanka's views very thoroughly.

Pramanamimansa of Hemacandra (12th Century A.D.) has its own importance in Jaina logic. He also wrote on Prakrit grammar and on various other subjects. Hemacandra was a great scholar of philosophy, logic, grammar and literature. His philosophy and logic were influenced by Akalanka. Though his work was based on the previous Jaina literature yet in many places he established his own views.

Yasovijaya of the 18th century was the last great Jaina logician. He studied navyanyaya and gave a new style to the Jaina logic. His main works are on naya and anekantavada. These are: Nayapradipa, Nayarahasya Nayopadesa, Jainatarkabhasa and Jnanabindu.

There are some other Jaina logicians of different times. They were Mallavadi, Sumati, Kumarasena, Kumaranandi, Anantavirya I, Anantavirya II and Anantakirti. They have their own important place in the development of Jaina logic.

In this series of article swe will learn every thinker and their main contribution ton Philosophy in total

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9619379589

# અષ્ટપ્રકારી પૂજાનો આસ્વાદ

## આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી

પંડિત વીરવિજય મહારાજ રચિત, પંડિત ઉત્તમવિજય મહારાજ રચિત, પંડિત દેવવિજય મહારાજ રચિત

**(ગયા અંકથી ચાલુ)**

**૬. અક્ષતપૂજા**

આપણી સંસ્કૃતિમાં અક્ષતની તો સદાય બોલબાલા રહી છે. અહીં કવિવર છઠ્ઠી અક્ષતપૂજાનો મહિમા ગાતાં સરસ વાત કરે છેઃ

'અક્ષય પદ સાધન ભણી, અક્ષત પૂજા સાર;
જિનપ્રતિમા આગળ મુદ્દા, ધરિયે ભવિ નરનાર.'

પુણ્યવાન અને શક્તિસંપન્ન આત્માઓ મણિ અને મોતીના સાથિયા કરે. પરંતુ આપણા જેવાઓએ શું કરવાનું? એનો જવાબ કવિવર આપે છેઃ

'અથવા ઉજ્જવલ તંદુલા, ભરી થાળને લાવો;
સ્વસ્તિક ચિહુંગતિ ચૂરણો, વચ્ચે રત્નને ઠાવો.'

અક્ષતની સાથે-સાથે સ્વસ્તિક કરવા માટે ગોધૂમ કહેતાં ઘઉં પણ લેવાય છે. આપણે ત્યાં ગહુંલી થાય છે એમાં પણ આપણને ઘઉંનો સંકેત મળી જ રહે છે. ઉત્તમ રીતે અક્ષતપૂજા કરવા માટે અક્ષતને કેસરથી વાસિત પણ કરી શકાય છે. કવિવરના જ શબ્દોમાંઃ ''હાં હાં રે ધનસાર વસાવો'

અક્ષતપૂજા કેવી રીતે કરવાની?

'શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી. નંદાવર્ત વિશાળ,
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકળ જંજાળ.'

અખંડ એવા અક્ષત લેવાના. એનાથી વિશાળ એવો નંધાવર્ત નામે ઓળખાતો સ્વસ્તિક બનાવાનો આપણે એને મોટો સાથિયો કહીએ છીએ. જંજાળ અને દુનિયાદારીથી પર રહીને પ્રભુ સન્મુખ અક્ષતપૂજામાં લીન બની જવાનું. (નંદાવર્ત ન આવડે તો ચિંતા નહીં. નાનો એટલે કે નિયમિત સાથિયો ખુશીથી કરી શકાય છે.'

અક્ષતપૂજા એ અક્ષતપદનું કારણ બને છે અને સંસારરૂપી આધિવ્યાધિ દૂર થાય છે.

'શાલિ વ્રીહિ ગોધૂમ કો ઢગલો, પ્રભુ સન્મુખ નરનારી;
ધરિ અક્ષત અક્ષતપદ વરિયે, આધિ વ્યાધિ ભવહારિ.

જેની અક્ષતપૂજા કરવાની છે એ કોઈ જેવીતેવી હસ્તી નથી. એ તો છે-

શંભુ. સ્વયંભૂ જગતનો રક્ષણહાર, જગતનો નાયક, જગતનો આધાર, તીર્થનો અધિનાયક, સમ્રાટોનો સમ્રાટ, અવિચળ એવા શિવપદનો દાતાર! કવિવરના શબ્દોમાંઃ

'શંભુ સ્વયંભૂ જગતકો ત્રાયક, નાયક જગદાધારી;
તીર્થપતિ સુલતાન જિનેશ્વર, અવિચળ પદ દાતારી.'

કવિવરને દ્રવ્ય, ગુણ, પર્યાય અને મુદ્રા એમ ચારે ગુણથી પ્રભુપ્રતિમા પ્યારી પ્યારી લાગે છે. એવા મહાપ્રભુની અક્ષતપૂજા કરતાં રાજઋદ્ધિના ભંડાર અભરે ભરાય.

ગ્રંથોમાં કીરયુગે (પોપટ-પોપટીનું જોડું) અક્ષતપૂજા કર્યાના ઉલ્લેકો મળે છે, એ વાતની યાદ અપાવીને કવિવર આપણને કહે છેઃ

મરુદેવાનંદન પદ પૂજત, દ્રવ્યભાવ સુખકારી;
અનુભવ અમરાલય શુભ સુખને, કીરયુગલ ભવપારી.

વાહ વાહ, અક્ષતપૂજાના પ્રભાવે પોપટ જેવા પોપટનો ભવપાર થઈ જાય તો માનવની તો શી વાત!

'શિવનારી મુજ પ્યારી, દિલભર દેખાવ હો શિવનારી!'

**૭. નૈવેદ્યપૂજા**

'નિર્વેદી આગળ ઠવો, શુચિ નૈવૈદ્ય રસાળ;
વિવિધ જાતિ પકવાનશું, ભરિ અષ્ટપદા થાળ.'

અષ્ટપ્રકારી પૂજામાં સાતમા ક્રમે નૈવૈદ્યપૂજા છે. વીરવિજય મહારાજ પોતાના સમયમાં પ્રચલિત નૈવૈદ્યોમાં નામ લઈને પૂજા કરવાની ભલામણ કરે છે. આ બધાં આજે પણ ઉપલબ્ધ છે.

મરકી, અમૃતપાક, પતાસાં, સુંદર મજાની ફેણી, લાખણસાહી લાડુ, મગદાળ, સાટા, ઘેબર, સેવ, કંસાર, સક્કરપારા, પેંડા, બરફી, ખાજાં, ચૂરમું, ખીર, ખાંડ, ઘી, પાપડ, પૂરી, મોતીચૂર, કળિસાર, દોઠાં વગેરે.

'એમ પકવાન મિલાણી હો.'

નૈવેદ્ય પૂજાથી શું થાય?ઃ 'પ્રભુ પુર ઢોઈ કરો દુઃખહાણી.'

દુઃખોની હાનિ થાય. સાથોસાથ અણાહારી પદની પ્રાર્થના પણ કરવાની.

'માગો જોડી પાણિ'

હાથ જોડીને, વિનમ્ર બનીને–

'પતિત પાવન જિન મુજને દીજે, અણાહારી શિવરાણી.'

જોકે આત્મા ભૂતકાળમાં અનંતી વખત અણાહારી પદ પ્રાપ્ત કરી ચૂક્યો છે, પરંતુ એનું મૂલ્ય કંઈ નથી, કેમ કે એ અવસ્થા એણે માત્ર એક ગતિમાંથી બીજી ગતિમાં જતી વખતે જ અનુભવી છે અને એ પણ સમય બે સમય પૂરતી, પરંતુ નૈવેદ્યપૂજાના પ્રભાવે શાશ્વત અણાહારી પદની ઝંખના છે.

નૈવેદ્યથી સામાન્ય રીતે મેવા મીઠાઈનો જ ખ્યાલ મનમાં આવતો હોય છે, પરંતુ નૈવેદ્યનો અહીં વ્યાપક અર્થ છે જેમાં સંપૂર્ણ રસોઈનો સમાવેશ થઈ જાય છે. કવિવર પોતે જ કહે છે તેમ,

'હાટકથાળ ભરી ભરી પકવાને, શાળ, દાળ, શાક, પાક રે.'

પ્રભુ આગળ ધરાવવાનું નૈવેદ્ય એટલે દાળ, ભાત, શાક, મીઠાઈ, મેવા વગેરે બધું જ.

નૈવેદ્ય પૂજા માટે દેરાસરે કેવી રીતે જવાનું?

'તાલ કંસાલ, મૃદંગ બજાવત, દેતાં અઢળક દાન રે;

નર નારી ગુણ ગાવત આવો, જિનમંદિર બહુ માન રે.'

પ્રભુગુણ ગાતાંગાતાં વાજતે ગાજતે બહુમાનપૂર્વક, અને ખાસ તો, દાન આપતાં આપતાં દેરાસરે જવાનું નૈવેદ્યપૂજા જેમ અણાહારી પદની ઝંખનાનું સાધન છે તેમ પુદ્‌ગલભાવ અને અનાદિની કામનાઓ તોડવાનું પણ સાધન છેઃ

'પ્રભુ આગે નૈવેદ્ય ઠવીને, અણાહારી પદ માગો રે;

પુદ્‌ગલ ભાવ અનાદિની ઈહા, ટાળી ભજો પ્રભુ રાગો રે.'

નૈવેદ્યપૂજા એ સાતમી પૂજા છે. આનાથી સાત ભયો દૂર થાય છે. ઉપરાંત કવિવર હાલી રાજાનો ઉલ્લેખ કરીને કહે છે કે આ રાજાએ સાત વખત નૈવેદ્ય પૂજા કરી અને એના પ્રભાવે દેવતાઈ સુખો અનુભવીને સાતમા ભવે મુક્તિપદને પણ પામ્યા.

'સગભય વારક સાતમી પૂજા, કરતાં ગઈ સગવારી રે;

વીર કહે હલી નૃપ સુરસુખથી સાતમે ભવ શિવનારી રે.'

**૮. ફળપૂજા**

આધ્યાત્મિક જગતમાં કોઈ પણ ધર્માનુષ્ઠાનનું અંતિમ ફળ મોક્ષ મનાય છે. આવા મોક્ષફળને મેળવવા માટે ફળપૂજાનું વિધાન છે. માટે જ કવિવર કહે છે. 'ફળથી ફળ નિરધાર.' ફળપૂજા કરો અને મુક્તિફળ મેળવો.

કવિવર તો જાણે મુક્તિ મળી જ ચૂકી હોય તેવા આનંદમાં મન થઈ ગયા છેઃ મુક્તિ ફળી રે, ફળી રે ફળી, અહો ભવિયાં હો મુક્તિ ફળી.'

'ફળપૂજા કરીએ ફળકામી, નિર્મળ શ્રીફળ લાય;

દાડિમ, દ્રાખ, અખોડ, બદામ, પૂગીફળ સમુદાય.'

કવિવર બીજાં પણ ફળ જણાવે છેઃ મીઠાં લીબું, ખારેક, કેળાં, સીતાફળ, જમરૂખ, તડબૂજ વગેરે. આ બધાં જાતજાતનાં ફળ કેવી રીતે ધરાવવાનાં?ઃ ''સમરિ સમરિ જિન નામ!'' સોનાનો થાળ ભરીને પ્રભુ આગળ ફળપૂજા કરવાની વાત વીરવિજય મહારાજ કરે છે.

'ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરિ રાગ;

પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ.'

ઈન્દ્રાદિ દેવો પૂજા માટે ભક્તિરાગથી વિવિધ ફળ લાવે છે. ફળપૂજાના સંદર્ભમાં કવિવર ભલામણ કરે છેઃ 'હરિ પરેં ફળ માગો ભવિ લોકા.'

ફળપૂજાથી શું થશે?

એનો ઉત્તર કવિ આપે છેઃ 'એમ ફળપૂજા જે ભવિ કરશે, તે શિવમરણી વરશે રે.'

વચ્ચે વચ્ચે વીરવિજય મહારાજ પૂજાના વિવેકનું સૂચન પણ કરતા રહે છેઃ

'પૂજો ભવિયણ નિર્મળ બુદ્ધિ, પણ કરી સગવિહ શુદ્ધિ રે.'

પૂજા કરતાં નિર્મળ મન તો જોઈએ જ, સાથે સાથે સાત પ્રકારની શુદ્ધિ પણ જોઈએ.

સાત શુદ્ધિઓ માટે અન્યત્ર કહેવાયું છે તેમ,

'અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;

ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.'

વિવેકીજનોએ આ સાતે શુદ્ધિઓનો ખ્યાલ કરીને જિનપૂજા કરવી.

ફળપૂજાના સંદર્ભમાં દુર્ગતા નારી અને કીરયુગલનો ઉલ્લેખ કરીને કવિવર કહે છે કે,

'કહે શુભવીર અચળ સુખ લીધો, અંત કરમનો કીધો રે.'

આ આ અષ્ટપ્રકારી પૂજાના પ્રભાવે ભવિજનો અષ્ટમી ગતિ પામો એ જ શુભકામના..

* * *

વીરવિજય મહારાજે પૂજાના અંતે કળશ દ્વારા પોતાની ઉજ્જવળ ગુરુ પરંપરા દર્શાવી છે. એ પરંપરાને આપણા પણ નમસ્કાર હોજો!

તપાગચ્છાધિપતિ શ્રીવિજયસિંહસૂરીશ્વરજી મહારાજશ્રીના

પંન્યાસ સત્યવિજય મહારાજજી થયા અને તેમની શિષ્યપરંપરામાં અનુક્રમે કપૂરવિજય મહારાજ, ક્ષમાવિજય મહારાજ, સૌભાગ્યવિજય મહારાજ થયા. એમની પાટે કવિવરના સ્વગુરુ શુભવિજય મહારાજ થયા. એ શુભવિજય મહારાજની આજ્ઞા મેળવીને વિક્રમ સંવત ૧૮૫૮ની સાલમાં વીરવિજય મહારાજે રાજનગરમાં ચાતુર્માસ કર્યું અને એ જ ચાતુર્માસમાં ભાદરવા સુદ બારસે ગુરુવારના શુભ દિને એમણે ગાતાં ગાતાં હૈયું પુલકિત થાય એવી આ સુંદર મજાની અષ્ટપ્રકારી પૂજાની રચના કરી.

પૂજાના અંતે પોતાની લઘુતા દર્શાવતાં કવિવર વીરવિજય મહારાજ કહે છેઃ

જલધિમાન કહે જેમ બાળક, નિજ શકતે પંખી વદતી.'

નાના બાળકને પૂછવામાં આવે કે 'દરિયો કેવડો?' તો જેમ બે હાથ પહોળા કરીને એ બતાવે 'આવડો' એવી રીતે મેં પણ–

'શક્તિ વિના પણ તિમ પ્રભુ ગાયા, ગુણમાળા ભાવિ કંઠ ધરો;

વીરવિજય કહે સંઘ સકળ ભાવિ. જઈ શિવમંદિર લીલ કરો.'

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9624640086

# The Sagacious Omniscient – Omnipotent

**Prachi Dhanvant Shah**

One who attains absolute knowledge is the only one who knows the absolute truth. And to know the absolute truth, it is essential to immerse oneself into absolute being within one's spirit. Such that, this state unfolds the truth and conveys you the collective consciousness. Although, this is possible only when one is in serene equanimity and emit serenity.

The identity of a Tirthakar in Jainism is through them becoming Omniscient. Omniscience relates to Keval Gyan. Having knowledge of everything and having absolute wisdom. He is the one who is enlightened and showed the path of enlightenment to us. Jainism also interprets that every soul has the potential to attain omniscience by shedding off the karmic particles that surround the soul. An Omniscient is the only one who can comprehend matters, all facets and manifestation.

Whatever we see in front of our eyes, has a possibility of knowledge. It has an identity and existence. Everything around us has some form of knowledge. Even a piece of rock has some knowledge to be disclosed. For instance, it can be grounded to give a form of dust, and then this dust can be studied to identify what kind of minerals it relates to, giving us knowledge about its nature. Similarly, every soul in a body has spiritual, philosophical, psychological, and materialistic knowledge to be uncovered. So, every form of nature, life, or substance has some or the other kind of information to be discovered. Thus, knowledge is strewn all around this universe and this universe is like a network of knowledge. One who acquires absolute knowledge of this universe is the one who has attained omniscience, Keval Gyan. But to attain this, one must first attain the utmost equanimity and tranquility.

The Jain religion and its philosophy being one of the oldest is an original system, quite distinct and independent from other systems and philosophical traditions of India. Jainism is a religion of purely human origin. In ancient times, it was known by many names such as the Shraman (ascetic) tradition, the religion of Nirgrantha (one who has removed all bondages in life), or the religion of Jina. It is propagated by Self-realized individuals who have attained perfect knowledge, omniscience, absolute knowledge, and self-control by personal effort. They have been liberated from the bondage of attachment and aversion, karma, and of worldly existence, ending the cycles of life and death.

Bhagwaan Mahavir, (599 BC to 527 BC), the twenty-fourth and the last Tirthankar of this era, expounded the Jain philosophy preached by his predecessor Tirthankar Pärshvanäth (about 950BC to 850 BC). Lord Mahavir expanded the code of conduct and depicted Sermons for us through Jain Doctrines. He bestowed us with a reformed Jain religion and philosophy showing us the ultimate and right path of life. He also proclaimed that he is not the only Mahavir, but every soul can become Mahavir too. Jain philosophy explains that from eternity, the soul is bound by karma

and is ignorant of its true nature. It is due to karma that the soul migrates from one life cycle to another and the ignorant soul continues to bind with new karma. The soul is bound by karmas because of attachment and aversion. Therefore, the path of liberating the soul from attachment and aversion comprises the fundamental philosophy of Jainism. It teaches us that the path of liberation in a coherent way. It further portrays that the proper Knowledge of the reality of the universe, when combined with Right Conviction or Faith and Rational or Right Conduct leads the worldly soul to liberation (Nirvana or Moksha). The ultimate goal for the soul is to be liberated from desires, attachment, and antipathy which in turn will remove all Karmas.

As per Jainism, when a living being becomes free from attachment and repulsion, he cannot acquire any new karma. When all his existing karma (four Ghäti Karma) attached to the soul are destroyed, he/she attains the full manifestation of absolute knowledge (Keval-jnän), absolute vision (Keval-darshan), perfect conduct, and (Anant Chäritra) infinite energy (Anant virya) and is defined as bliss. This soul is regarded as having become the supreme Soul and is known as Kevali (Omniscient) and omnipotent. A true Omniscient exists in the realization of infinite knowledge, perception, vigor, and bliss. Among Kevali, some souls through their preaching show the path of liberation to humanity. They are called Tirthankars and they establish the four-fold Jain order called Sangha comprising of monks, nuns, laymen, and laywomen. The Omniscient who are not Tirthankars, spend the rest of their life in a meditative blissful state and attain liberation when the rest of the physical karma is exhausted.

Although science may conflict with this perception of Omniscience or may vary it's the perception of Omniscient, I would say, is it important, rather necessary to relate every aspect to science? Even our so-called functioning brain hallucinates our conscious reality, then why relate every perception to science? A rightful Jain Shravak would never conflict or dispute about the deshna- doctrines propounded by Tirthankars. Rather would cling to it most tightly without any skepticism. When your soul is submerged with the essence of aphorism insinuated by tirthankara bhagwaan, then your reasoning and analytical mind need not infer the soul insights. When we visualize or hallucinate something immortal, our reasoning heart and mind might experience the shock at the big void, but the soul must treasure the messages and retain it forever. The science of consciousness explains that our conscious mind comprises of two basic properties of knowledge. Knowledge of the world around us, full of sight, sound, and smell, and knowledge of conscious self, the specific knowledge of being you. Our brain is a prediction engine that absorbs streams of impulses that are indirectly related to the outside world and your true self. So, perception, figuring out what exists must be a process of informed guesswork in which the brain combines these sensory signals of impulses identified by one's brain, with its prior expectations or beliefs, to form into its ideal understandings. With this, all I am trying to explain is, if your brain's prior expectations are already submerged into the insightful knowledge of self and doctrines of Jain religion, then the sensory signals generated by your brain will combine with those prior expectations to generate true and absolute knowledge.

Bhagwan Mahaveer Swami is the last and the twenty-fourth Tirthankar of this era in the Jain tradition. He pertained an expounded and multifaceted personality. He scintillated with the infinitely intense glow of the pure soul. All the virtues and competencies of his soul were absolutely awakened and energetic. He had infinite power but, at the same, he also had infinite compassion. Possessing the ultimate powers of the soul, he was unconquerable, with an amplified persona and composite human self. But the seeds of this splendor and eminence of Bhagwan Mahaveer Swami were strewn in the remote past. He had been undertaking vigorous penance, indulging in altruism, and practicing deep meditation in many of his past incarnations. The twelve yearlong phases of spiritual practices of Bhagwan Mahaveer Swami was the foundation of his personal achievement of omniscience and the prominence of Arihant/Tirthankar. It takes a stern process and shrut araadhana for illuminating the soul and reflect immense equanimity. After a twelve-and-a-half-year long period of extreme spiritual

practices, strict austerities, and deep meditation, Shraman Vardhaman acquired the ultimate perception (Kewal Darshan), and ultimate knowledge (Kewal -jnän or omniscience). The eleventh day of the bright half of the month of Vaishakh is the date of the historical glory of the Jain tradition. On the tenth of the same month, Bhagwan Mahaveer Swami attained omniscience. The ecstatic & serene visionary of Bhagwaan Mahavir attaining Kevalgyan would certainly have been caressed by every Jain Shravak & Shravaika. On the banks of river Rijuvaluka, under the Saal tree, sitting on both feet with knees touching his chest, he was submerged in intense meditation. Being placid & serene despite the sweltering heat of summer, he was enthralled by his physical and mental energies empowering his soul and eventually emanating a vibrant infinite ray of knowledge, attaining a peak of spiritual upliftment. Bhagwaan Mahavir attained Omniscience (Kewal Gyan), the absolute knowledge, comprehending and perceiving every knowledge of the universe along with knowledge of past, present, and future. This miraculous ensuing was illuminated by a divine light disseminating through the three worlds for few moments with its mystical bliss. This delightful occasion was enhanced and glorified by the charisma of many Demi-Gods and Goddesses from heaven bowing down to Prabhu, and who crafted the majestic Samavasaran( the celestial pavilion) on the banks of Rijuvaluka river for the first divine sermon of Tirthankar Mahavir. Many gods were engrossed in listening to the discourse.

After his enlightenment, the remaining thirty years of his life were devoted to the well-being of the living world. During this period, he revolutionized human perception and shattered many long-established misconceptions and curses of traditional dogmas. His discourse was chronicled into Jain texts called Aagams.

Not only a truer Knowledge, but a greater power comes to one in the quietude and silence of a mind, That, instead of bubbling on the surface, can go to its own depths and listen.

- Shri Aurobindo

❖ ❖ ❖ ❖

સંપર્ક : - Prachi Dhanvant Shah
prachishah0809@gmail.com +1-9175825643

---

# જાત ન પૂછીએ સંતની...

ડૉ. નિરંજન રાજ્યગુરુ

નાઈ ધોઈ ને કરે અસ્નાના, માયલાનો મેલ તારો નૈં જાવે;
ધ્યાન વિનાનો ધૂન મચાવે, ન્યાં સાહેબ મારો નૈં આવે... નાઈ ધોઈને...૦

વૈષ્ણવ થઈ વિવક ન જાણે, નિત ઊઠીને નાવા જાવે;
નટવા હોકર નાચ નચાવે, ન્યાં સાહેબ મારો નૈં આવે... નાઈ ધોઈને...૦

જોગી હોકર જટા વધારે, કામ કરોધ બાવો બહુ લાવે;
ભભૂતિ લગાડી ભવ હારે, તોય ન્યાં સાહેબ મારો નૈં આવે... નાઈ ધોઈને...૦

ભમ્મર ગુફામાં સાધે ગોટકા, વીર વિદ્યા બાવો બહુ લાવે;
સમાધિભાવે બાવો કરે સાધના, ન્યાં સાહેબ મારો નૈં આવે... નાઈ ધોઈને...૦

ધન માલનો કરે ઢગલો, પણ તારી હાર્યે નૈં જાવે;
કરમણને ગુરુ મોરાર મળિયા, ગરીબ થઈ ગુરુ ગુણ ગાવે... નાઈ ધોઈને...૦

કહેવાયું છેઃ

**શીખા જ્ઞાનમયી યસ્ય ઉપવીતં તુ તન્મયમ્ બ્રાહ્મણં સકલં તસ્ય નેતરેષાં તુ કિંચનઃ**

એટલે કે જેમની શીખા જ્ઞાનમયી છે અને ઉપવીત જ્ઞાનમય છે તેઓ જ સાચા બ્રાહ્મણ છે, અન્ય કોઈ નહીં. તો ભવિષ્ય-પુરાણના બ્રહ્મપર્વમાં બ્રાહ્મણ અને શુદ્રમાં કોઈ ભેદ નથી અને બધાં એક જ પિતાનાં સંતાનો છે એમ કહેવાયું છે, તો આ જાતિનો ભેદભાવ ક્યાંથી આવ્યો? જુદી જુદી સંસ્કૃતિઓએ અને વિચારધારાઓએ પાછળથી ભયંકર રૂપ લીધું હતું, પણ આપણાં સંતોનાં ભજનોએ અને એમના ઉપદેશે ભારતીય ભક્તિપ્રણાલીની ઉચ્ચ વિચારધારાને ધર્મના ગૂઢ રહસ્યોને અને મરમને લોકજીવન સુધી પહોંચાડ્યાં. સાવ સાદી ને સરળ વાણીમાં રચાયેલાં ભજનો દ્વારા આ સંતોએ દર્શન, ચિંતન અને અધ્યાત્મ જેવા વિષયોને લોકભોગ્ય બનાવ્યા. સમાજના જે તે સમયે ઉચ્ચ ગણાતા વર્ણોમાં પરાપૂર્વથી એક માન્યતા પ્રચલિત બની હતી કે, ઉચ્ચ વર્ણમાં જન્મેલો માનવી જ પરમાત્માની ભક્તિ કરી શકે. પ્રભુનો આદર્શ ભક્ત તો સવર્ણ ગણાતી જાતિમાં જ જન્મે, એવી માન્યતાને તોડી પાડતાં આપણા લોકસંતોએ બતાવી આપ્યું કે પરમાત્માની ભક્તિ કરવાનો ઈજારો કંઈ કહેવાતા સવર્ણોએ જ નથી રાખ્યો.

જ્યારે મધ્યકાલીન સમાજ નાતજાતના વાડાનાં બંધનોથી બંધાયેલો હતો ત્યારે સર્વ માનવસમભાવનો ધર્મ લઈ ઉપદેશ અને વ્યક્તિ આચરણ દ્વારા આ સંતોએ માનવજાતની મહત્તા સિદ્ધ કરી બતાવી અને કહ્યું કે અલખના દરબારમાં જો ઊંચ-નીચના ભેદભાવ હોત તો બાણાસુર, બલિ, તુલાધાર, વૈશ્ય, રાક્ષસપુત્ર પ્રહલાદ, શબરી, વાલ્મીકિ કે સજના કસાઈ જેવા ભક્તોનો ઉદ્ધાર કઈ રીતે થયો હોત?

**'હરિ હરિ હરિ સુમિરૌ સબ કોઈ, ઊંચ નીચ હરિ ગિનત ન દોઈ.'**

તો એ જ વાત રૈદાસજીએ આ રીતે કહીઃ

**'જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિ કો ભજે સો હરિકા હોઈ.'**

સમાજમાં નીચલા થરના મનાતા આ સંતો-ભક્તો ભલે નિરક્ષર હતા પણ ભક્તિમાર્ગમાં અપૂર્વ શ્રદ્ધા અને અડગ વિશ્વાસને કારણે ગહન તત્ત્વની દૃષ્ટિ એમણે મેળવી હતી, તત્ત્વચિંતનની ગૂઢ ને ગંભીર વાતને સવ સાદી, સરળ, સહજ વાણીમાં અત્યંત ટૂંકાણથી રજૂ કરવાની જે કાબેલિયત એમનામાં હતી તે ભલભલા તત્ત્વચિંતકોમાં પણ જોવા મળતી નથી. નરસિંહ મહેતાએ એટલે જ કહ્યું હતું :

**શું થયું ખટ્દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણ્યે,**
**એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમા રામ પરબ્રહ્મ જોયો,**
**ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો..**

હિન્દીના એક સુપ્રસિદ્ધ કવિ છે હરિરામ વ્યાસ.

તેમણે એક સાખીની રચના કરી છેઃ

**'વ્યાસ જાતિ તજી ભક્તિ કર, કહત ભાગવત ટેરી**
**જાતિહિ ભક્તિહિં ના બને, જ્યોં કેરા ઢિગ બેરી.'**

અર્થાત્ 'ભાગવત વગેરે પુરાણો પણ કહે છે કે જો ભક્તિના ક્ષેત્રમાં પ્રવેશ કરવો હોય તો જાતિ-કુળનું અભિમાન તજીને આવો. જાતિને અને ભક્તિને કદી પણ બનતું નથી. જેમ કેળાનો ઢગ પડ્યો હોય તેમાં બોરની મૂઠી પડે તે દેખાતી નથી તે જ રીતે જાતિ અને ભક્તિ વચ્ચે પણ ઘણું અંતર છે. ભક્તિનો વિકાસ આરંભથી જ સાર્વજનિકતાની ભાવના લઈને થયો છે, તેમાં ભેદભાવ ક્યાંથી હોય?

**તેરી કરામત જાણી મેરે સાયાં તેરી અકળ કળા ન કળાણી રે જી**
**એક પલકમાં પેદા કર્યા તે, પૃથ્વી પવન ને પાણી રે જી,**
**બહુનામી તારું બિબું ભારે, અનભે રમતું આણી...**
**- સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...૦**
**એક બેરો ને એક બોબડો, એક દેવ તો એક દાણી રે જી,**
**એકના શિર પર ચમર ઢળત હૈ, દૂજો ભરે છે પાણી...**
**- સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...૦**
**રાજ લઈ રાવણને સોપ્યું! જરા જોબન નવ આણી રે જી,**
**એક પલકમાં લંક પલટાવી, કરી કેવાની કહાણી...**
**- સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...૦**
**શ્રુતિ દઈને વેદ સુનાવે, વચન બોલાવે વાણી રે જી,**
**ભગતોની તમે ભેળા વસો છો, અહીં કેમ બેઠા તાણી?...**
**- સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...૦**
**ઊંચ નીચમાં તમે શું જાણો? આદિ કળા ઓળખાણી રે જી,**
**દાસી જીવણ સત ભીમને ચરણે, તમસે પ્રીત બંધાણી...**
**- સાયાંજી તેરી અકળ કળા ન કળાણી રે હો જી...૦**

# કચ્છીઓનું ગૌરવ : મુંબઈની ભાત બજારનો ફૂવારો

નરેશ અંતાણી

**એક પાણી પાનારા તરીકે પોતાની સફર શરૂ કરનારા કચ્છી જૈન શ્રેષ્ઠી શેઠ કેશવજી નાયકે મુંબઈ તથા કચ્છના વિકાસમાં મોટું પ્રદાન આપ્યું છે, તેમણે એક ઋણ ચૂકવવા માટે ૧૮૭૬માં રૂા. ૨૭,૦૦૦ના ખર્ચે નિર્માણ કરેલો ભાત બજારનો ફૂવારો આજે આ વિસ્તારનું એક સીમાચિન્હ બની ગયો છે**



દરેક કચ્છી કચ્છી હોવાનું ગૌરવ એટલા માટે અનુભવતો હોય છે કે, કચ્છીઓ પાસે સાહસ અને જિંદાદિલીનો અણમોલ વારસો ધરાવતો ઈતિહાસ છે. જીવન જીવવાની કળા પ્રત્યેક કચ્છી જાણે છે. કોઈ પણ જ્ઞાતિ કે જાતિના કચ્છી આજથી ત્રણેકસો વર્ષ પહેલા વહાણોમાં બેસી કચ્છની ક્ષિતિજને પાર કરતાં તોફાની સમુંદરની સાહસિક યાત્રા કરવા એકલા નીકળી પડતા. અરબસ્તાન, આફ્રિકા, એશિયાના અજાણ્યા દેશોમાં સ્વમાનથી પોતાનું ભવિષ્ય નિર્માણ કરવા પોતાનો પડાવ કચ્છીઓએ ત્યાં નાખ્યો. આમાંના કેટલાય પડાવ ભારતના વિભિન્ન પ્રાંતોમાં પણ નાંખતા. એ પૈકીનો એક પડાવ મોહમહી નગરી મુંબઈનો પણ હતો.

આવા જવામર્દ કચ્છીઓમાં એક હતા કચ્છના કોઠરના દશા ઓશવાળ જૈન નવયુવાન કેશવજી નાયક. માત્ર પાંચ વર્ષની બાળવયે કેશવજીએ પોતાના પિતા ગુમાવ્યા. વિધવા માતાએ હમાલી કરી તેનો ઉછેર કયો. એ સમયે અનેક કચ્છીઓ મુંબઈની વાટ પકડતા હતા તેમ આ કેશવજીએ પોતાનું નસીબ અજમાવવા મુંબઈની દિશા પકડી, વહાણની કપરી મુસાફરી કરી મુંબઈ પહોંચ્યા. મુંબઈમાં શરૂઆતમાં મસકમાં પાણી ભરી ગોદી બજારમાં કામ કરતા મજૂરો તથા વટેમાર્ગુઓની તરસ છીપાવવાનું કામ કર્યું, મજૂરી પણ કરી.

કેશવજીભાઈની વાત આગળ વધારીએ તે પહેલાં આજથી એકસો સાઈઠ વર્ષ અગાઉ મુંબઈની ભાતબજાર કેવી હતી? મુંબઈ કેવું હતું? કેશવજીએ શું કર્યું? તેનો જાણવા જેવો અને રસિક ઈતિહાસ છે, જે કચ્છના ઈતહાસ સાથે સંકળાયેલો ભલે નથી, પરંતુ એક કચ્છીના ઈતિહાસ સાથે જોડાયેલી હોય તે જાણવા જેવી અને રસપ્રદ છે. વડીલ મિત્ર માણેકભાઈ સંઘોઈની એક નોંધ પ્રમાણે આ અંગે મળતી આધારભૂત વિગતો મુજબ ૧૮૭૦માં મુંબઈની વસ્તી માત્ર ૧૩૭૨૬ની હતી અને તેનો વિસ્તાર માત્ર ૪૦ વર્ગ કિલોમીટર જેટલો કોલાબાથી મઝગાંવ અને વરલી, પરેલ સુધીનો સાત ટાપુઓવાળું મુંબઈ. ચારેબાજુ

માત્ર પાણી જ પાણી. અંગ્રેજોની સત્તા. ઈંગ્લેન્ડની કાપડમિલો માન્ચેસ્ટરમાં ધમધમે અને તેનું કાપડ દુનિયામાં વેચાય, પણ આ મિલો માટેનું કપાસ જાય ભારતમાંથી. આપણું કપાસ જાય અને કાપડ બને ઈંગ્લૅન્ડમાં અને પાછું વેચાય આપણા જ દેશમાં. ૧૮૬૦માં કાપડનો વેપાર ૧૭ કરોડ રૂપિયાથી વધીને ૫૧ કરોડનો થયો. આ વેપારમાં અને માલની આવક- જાવકમાં આપણું મુંબઈ બની ગયું ભારતનું આર્થિક પાટનગર. દાણાબંદર અને ભાતબજાર અનાજના વેપાર માટે ખૂબ મહત્ત્વનાં કેન્દ્ર બની ગયાં. દેશ- પરદેશના વેપાર અહીંથી જ થાય. માનવીની પાયાની જરૂરિયાત રોટી, કપડાં અને મકાન. રોટી બનાવવા અનાજ જોઈએ. બાહોશ કચ્છીઓએ આ રહસ્ય જાણી લીધું અને દેશ-પરદેશનો અનાજનો વેપાર પોતા હસ્તક કરી લીધો. કચ્છીઓની ઘણી વેપારી પેઢીઓ ઊભી થઈ ગઈ. આવી જ એક વેપારી પેઢી શિવજી નેણસીની પેઢીમાં કેશવજીને નોકરી મળી ગઈ.

ખૂબ જ મહેનત કરી અને બાહોશીથી પેઢીનો વહીવટ કર્યો અને તે પેઢીના કર્તાહર્તા બની ગયા અને શેઠ કેશવજી નાયક તરીકે જાણીતા બની ગયા. વટદાર લાંબી મૂછો, ચાંચવાળી મોભાદાર લાલ પાઘડી, ભરાવદાર દેહ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ એ કેશવજી નાયકની મુંબઈમાં ઓળખ બની ગઈ. આખાય મુંબઈમાં એ સમયે ચાર ઘોડાવાળી બગી માત્ર બે જ વ્યક્તિઓ પાસે હતી - એક જમશેદજી જીજીભોય અને બીજા આપણા કચ્છી શેઠ કેશવજી નાયક પાસે. પોતાના નિવાસ દાણાબંદરથી ભાતબજાર બગીમાં બેસીને શેઠ નીકળતા ત્યારે લોકો તેમને જોવા નીકળતા.

ચિંચબંદર અને દાણાબંદરની વચ્ચે આવેલી આ ભાતબજારમાં કેશવજી નાયકે ધરખમ ફેરફાર કર્યા હતા. બળદગાડીઓમાં માલની આવક-જાવક થતી. આ બળદો તથા બજારમાં ખરીદ-વેચાણ માટે આવતા લોકો માટે પીવાના પાણીની કોઈ સુવિધા નહોતી, આથી આ વિસ્તારમાં પાણીની પરબની અત્યંત આવશ્યકતા હતી. ગરીબીમાં ઉછરેલા અને જૈન ધર્મના જીવદયાના સંસ્કાર પામેલા કેશવજી નાયકે નક્કી કર્યું કે, જે ગોદીમાં મેં લોકોને પાણી પાઈને અનેક લોકોના આશીર્વાદ મેળવીને જે સમૃદ્ધિ મેળવી છે તો તેનું ઋણ આ ભાતબજારમાં એક કલાત્મક સુંદર ફુવારો તથા પાણીનો અવાડો બનાવી લોકોને અર્પણ કરું.

ઓગણીસમી સદીમાં ઈંગ્લૅન્ડમાં સ્થાપત્યકાલની અનેક અદ્‌ભૂત ઈમારતો નિર્માણ પામી હતી. ૧૮૨૦ થી ૧૮૯૦ સુધીના સમયગાળામાં અંગ્રેજ શાસનના કાળમાં મુંબઈમાં પણ અનેક કલાત્મક સ્થાપત્ય ધરાવતી અનેક ઈમારતો બની. ૧૮૩૧માં મહાલક્ષ્મી મંદિર, ૧૮૩૩માં ટાઉનહૉલ, ૧૮૬૪માં ૪૭ હજાર રૂપિયાના ખર્ચે ફ્લોરા ફાઉન્ટન, ૧૮૬૯માં ક્રાફર્ડ માર્કેટ, ૧૮૭૯માં મુંબઈ હાઈકોર્ટ અને રાજાબાઈ ટાવર, શેઠ કેશવજી નાયકનો ભાતબજારનો ફુવારો ૧૮૭૬માં રૂા. ૨૭,૦૦૦ના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યો તો શેઠ કરસેતજી માણેકજીનું 'ખડા પારસી'ની પ્રતિમા ભાયખલામાં એક અરસામાં રૂા. ૨૦,૦૦૦ના ખર્ચે તૈયાર કરાઈ હતી. ફ્લોરાદેવીને શોભાવતી ફ્લોરા ફાઉન્ટનની ભવ્યતા હજી એવી જ છે. જો કે તે પણ હવે જીર્ણોદ્ધાર ઝંખે છે. આ તમામ નિર્માણ મુંબઈની ધરોહર ગણાય છે.

હવે કેશવજી નાયક શેઠે બનાવેલ ભાતબજારના ફુવારાની વાત કરીએ તો આ ફુવારો રૂા. ૨૭,૦૦૦ના ખર્ચે બનાવાયો, તે રકમ એ સમયમાં ઠીકઠીક માતબર લેખાતી હતી. આ ફુવારાની ઉદ્‌ઘાટનવિધિ તત્કાલીન મુંબઈના ગવર્નર સર ફિલિપ એડમંડ વોડહાઉસના હાથે ૮મી જાન્યુઆરી ૧૮૭૬ના દિવસે કરવામાં આવી હતી. ફુવારાની ડિઝાઈન ઈનેર આર. જી. વોલ્ટને બનાવી હતી. ફુવારાનું સ્થાપત્ય એક સુંદર દેવાલય જેવું છે. તેના ઘૂમ્મટમાં મોર અને હાથીની સુંદર કોતરણી જોવા મળે છે. આ ફુવારામાં એક સુંદર ઘડિયાળ પણ છે જે સમયે સાથે ચાલવા સંદેશ આપે છે. ઘૂમ્મટની નીચે શેઠ કેશવજી નાયકની અર્ધપ્રતિમા કંડારવામાં આવી છે. કાળા પથ્થરની એક નંદીની પ્રતિમા પણ ફુવારાની શોભામાં વધારો કરે છે.

આ ફુવારો એટલે મુંબઈના ભાતબજારના આ વિસ્તારનું એક સીમાચિન્હ છે. આસપાસની તમામ ઈમારતો, દુકાનોના સરનામામાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.આમ, કચ્છીઓનું ગૌરવ દર્શાવતો આ ફુવારો મુંબઈના વિકાસમાં કચ્છીપ્રજાના પ્રદાનનો આધાર આપતો એક વધુ પુરાવો છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9998220478
Email : antaninp@gmail.com

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ


## ડૉ. રતનબેન ખીમજી છાડવા


ગાથા - ૨૬

**તુભ્યં નમસ્ ત્રિભુવનાર્તિ હરાય નાથ!**
**તુભ્યં નમઃ ક્ષિતિ-તલામલ-ભૂષણાયં।**
**તુભ્યં નમસ્ ત્રિજગતઃ પરમેશ્વરાય**
**તુભ્યં નમો જિન! ભવોદધિ-શોષણાય ।।૨૬।।**

**ભાવાર્થ :-** હે તારણહાર! ત્રણે જગતના દુઃખનું હરણ કરનારા, વિશ્વના ધરાતલ ઉપર ભૂષણ સમાન, ત્રણ જગતના પરમ પિતા પરમેશ્વર સમાન તેમ જ સંસારરૂપી સાગરના પાણીને શોષનારા અર્થાત ભવરૂપી સંસારનો નાશ કરનારા એવા આપને પુનઃ પુનઃ વંદન નમસ્કાર હોજો.

**વિવેચન :-** પૂર્વે પ્રભુના ભિન્ન ભિન્ન સ્વરૂપ નિહાળીને જાણે કવિશ્રી સંતુષ્ટ થઈ ગયા હોય એવું લાગે છે. પ્રભુનું વિરાટ રૂપ જોયા પછી હવે જાણે કવિશ્રીને કાંઈપણ કહેવાનું રહેતું ન હોય એમ તેઓ પરમાત્માને પ્રસ્તુત શ્લોકમાં વારંવાર નમસ્કાર કરે છે. પ્રસ્તુત શ્લોકમાં તેઓશ્રી પ્રભુને ભિન્ન ભિન્ન ગુણ શૃંખલાથી વંદન કરી રહ્યા છે. આ સંસારરૂપી સાગરથી પાર કરનાર જો કોઈ હોય તો તે એક માત્ર જિનેશ્વર છે. સમસ્ત દુઃખોનો નાશ કરનારા તેઓ ત્રણ જગતના ભૂષણરૂપે રહેલ છે. અર્થાત્ ત્રિજગતના સ્વામી તરીકે તેઓ શાભી રહ્યા છે કે જે આરાધ્યરૂપે, વંદનરૂપે છે.

જૈન આરાધનાનું પ્રથમ સોપાન નમસ્કાર છે. મહામંત્રનો પ્રારંભ પણ નમો પદથી જ થાય છે. નમસ્કાર એ ભૌતિક જગતના ભારથી જીવને ઉગારનાર અથવા હળવો બનાવવાની એક અદ્‌ભુત આધ્યાત્મિક પ્રક્રિયા છે. ભૌતિક અહંકાર લુપ્ત થતાં દિવ્ય નમસ્કારની સૃષ્ટિનું સર્જન થાય છે. સમગ્ર આધ્યાત્મિક ભાવોની પ્રાપ્તિ માટેનું ઉત્તમ સાધન નમસ્કાર છે. આ શ્લોકમાં ચારે નમસ્કાર ક્રમશઃ આગળ વધી જિનેશ્વરના ચરણ સુધી લઈ જાય છે. જેમ જ્ઞાનનો આધાર જ્ઞાની છે, પ્રકાશનો આધાર સૂર્ય છે તેમ દિવ્ય વિભૂતિના સ્વામી અનંત ગુણધારક આત્મદેવ છે. નમસ્કાર તેમના ચરણો સુધી લઈ જઈ પ્રભુના દિવ્ય દર્શન કરાવે છે. અને ત્યારે જ સમગ્ર સાધના ફળદાયક બને છે. પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રી પ્રભુને અર્તિ અર્થાત્ પીડાનાશક કહે છે. એટલું જ નહિ તેઓશ્રી કેવળ વર્તમાન પીડાના, દુઃખના નિવારણને લક્ષ્ય માનતા નથી પરંતુ જન્મ-જન્માંતરની પીડા જાય તેવું ઉદ્‌બોધન કરી પ્રભુને નમસ્કાર-વંદન કરે છે.

સંસારમાં એક માત્ર દુઃખ જ છે. દુઃખને છોડી બીજું કાંઈ જ નથી. એવું ભગવાન બુદ્ધે કહ્યું હતું. જ્યારે પ્રભુ મહાવીર કહે છે કે સંસારમાં ક્ષણ માત્રનું સુખ અને બહુકાલનું દુઃખ છે. આ દુઃખ કોઈ વ્યક્તિ પૂરતું મર્યાદિત નથી પરંતુ ત્રિભુવન વ્યાપક છે. સ્વર્ગના દેવતાઓ કે પછી નારકીઓ પણ દુઃખથી મુક્ત નથી. ચારે ગતિના જીવો દુઃખ ભોગવી રહ્યા છે. મનુષ્યો ભોગ અથવા ઉપભોગથી દુઃખનું નિવારણ કરવા ઈચ્છે છે પરંતુ આ બધા સાધનો સરવાળે દુઃખના જ કારણ બને છે. અને અસંખ્ય વર્ષો સુધી દુર્ગતિમાં પીડિત બને છે.

આચાર્યશ્રી ત્યાગી પુરુષ છે. સાંસારિક દુઃખના નિવારણ માટે તેમને પ્રભુભક્તિનો એક માત્ર ઉપાય દૃષ્ટિગત થાય છે. તેથી જ તેઓ ત્રણ જગતના દુઃખોને હરનારા જિનેશ્વરદેવને નમસ્કાર-વંદન કરે છે. અહીં આચાર્યશ્રીએ 'હરાય' હતાં શબ્દનો ઉલ્લેખ કર્યો છે અર્થાત્ તેઓ જ્ઞાન દ્વારા દુઃખમુક્તિનો માર્ગ બતાવે છે. જેમ રાજા પ્રજાનું કલ્યાણ કરે છે ત્યારે રાજા સ્વયં દરેકના ઘરમાં જતા નથી પરંતુ એવું શાસન કરે કે જેથી પ્રજા સુખી થાય. એવી જ રીતે દેવાધિદેવ પણ ધર્મનું શાસન સ્થાપિત કરે છે. જેના વડે મનુષ્ય પોતાના દુઃખનો નાશ કરી શકે છે. આ રીતે કવિશ્રી પ્રભુને દુઃખના હર્તા તરીકે સ્વીકારીને વંદન કરે છે.

બીજા પદમાં આચાર્યશ્રી પ્રભુનું દિવ્ય સ્વરૂપ મનમાં લાવી 'તુભ્યં નમઃ ક્ષિતિતલામલ.. કહીને નમસ્કાર કરે છે. આ પદમાં પ્રભુને 'અમલ ભૂષણ' કહ્યાં છે. અહીં આભૂષણ શબ્દ પ્રયોગ ન કરતાં પ્રભુને કવિશ્રી ભૂષણરૂપ કહે છે. કારણ કે આભૂષણ શબ્દ એક મર્યાદિત ભાવને ઉદ્‌ઘાટિત કરે છે, આભૂષણ કોઈ એક અંગને જ દીપાવે છે. જ્યારે ભૂષણ શબ્દ વિશિષ્ટ શક્તિઓનો વાચક છે. અહીં પ્રભુને ભૂષણ કહ્યા છે. તેનો અર્થ એ છે કે તેઓ સર્વ પ્રકારની અલૌકિક શક્તિના ધારક છે, તેમ જ 'અમલ' અર્થાત સર્વ દોષોથી પરમ નિવૃત્તિ પામેલા પુણ્યાત્મા કે જે પૂજનીય ગણાય છે. એટલું જ નહિ તેમના ચરણોથી સમગ્ર

ક્ષિતિતલ અર્થાત્ મધ્યલોક પાવન થયું છે. મધ્યલોક સિવાય અન્ય કોઈ સ્થાનને આવું સન્માન પ્રાપ્ત થતું નથી કે જ્યાં તીર્થંકર જેવાં 'અમલ ભૂષણ' જન્મ ધારણ કરી શકે. કવિશ્રીએ અહીં પ્રભુ ભક્તિની સાથે ક્ષિતિતલનો મહિમા પણ વ્યક્ત કર્યો. આમ પ્રભુને ક્ષિતિતલના ભૂષણ તરીકે વંદન કરી કવિશ્રી ધન્યતાનો અનુભવ કરે છે.

કવિશ્રી ભક્તિના પ્રવાહમાં આગળ વધીને પુનઃ પ્રભુને ઉત્કૃષ્ટ ભાવે વંદન કરવા ઈચ્છે છે. જે માત્ર ક્ષિતિતલના ભૂષણ ન ગણતાં પ્રભુને તેઓ ત્રિલોકના પરમેશ્વર તરીકે સ્વીકારી વ્યાપકભાવે નમસ્કાર કરે છે. ત્રીજા પદમાં કવિશ્રી ભૂષણભાવને પણ પરમેશ્વર-પરમ ઐશ્વર્ય ભાવમાં પરિવર્તિત કરીને પ્રભુને વંદન કરે છે. ઐશ્વર્ય બે પ્રકારના છે. (૧) ચરમ-પરમ ઐશ્વર્ય જે સ્વભાવથી પ્રાપ્ત થાય છે. તે નિર્મળ જ્ઞાનસ્વરૂપ છે. (૨) ભૌતિક ઐશ્વર્ય - જે અમુક પ્રકારના બાહ્ય કે આભ્યંતર કર્મના યોગે પ્રાપ્ત થાય છે. આ ઐશ્વર્ય સાંયોગિક હોય છે. તે પરમ ઐશ્વર્યની કોટિમાં આવતું નથી. તે ક્ષણિક હોય છે અને શાશ્વત શાંતિ આપનારું પણ હોતું નથી. અહીં આચાર્યશ્રી પ્રભુને પરમ ઐશ્વર્યના સ્વામી પરમેશ્વર તરીકે વંદી રહ્યા છે.

ચોથા પદમાં કવિશ્રી જિનેશ્વરનું નામ લઈ સંબોધન કરે છે. અને પોતે સ્વયં જિનેશ્વરના ઉપાસક છે તે કથનની પણ અભિવ્યક્તિ કરે છે એટલું જ નહિ વિશ્વના કર્તા-હર્તા માનેલા દેવોથી જિનેશ્વરની વિશિષ્ટતા સ્પષ્ટ કરે છે. જિનેશ્વર વિશ્વના કર્તા કે હર્તા નથી પરંતુ તારક રૂપે રહેલા છે. જીવના તારણહાર છે. કવિશ્રી અહીં ભવસાગરમાં ડૂબતા જીવોને બચાવવા માટે જાણે ભવસાગરનું પાણી જ સૂકવી નાખ્યું હોય એવી ભાવોર્મિ વ્યક્ત કરે છે.

'ભવોદધિના શોષક' કહીને જાણે અગસ્ત્ય ઋષિની જેમ જ્ઞાન દ્વારા આખો સાગર સૂકવી નાંખનારા પ્રભુને એવી રીતે વંદન કરે છે, જીવોને હવે ડૂબવાપણું જ ન રહે. કવિશ્રીએ અહીં અસંભવની અભિવ્યક્તિ કરીને સંભવિત પરિણામોની ઘોષણા કરી છે. જીવોને જ્ઞાન થતાં તેમનો માયાવી સંસાર સાગર સૂકાઈ જાય છે. અને જીવનો સ્વતઃ ઉદ્ધાર થઈ જાય છે તેથી ડૂબવાપણું રહેતું જ નથી. આવું સૂક્ષ્મ કાર્ય જિનેશ્વરદેવ સિવાય બીજા કોઈ દેવો કરી શકે નહિ. અન્ય દેવો તો સૃષ્ટિનું સર્જન કરે છે. જીવોને ડૂબવા માટેની માયાવી સંસારની રચના કરે છે. અને ત્યારપછી આ વિશ્વનાટકને નિહાળી આનંદ લે છે. જ્યારે જિનેશ્વર તો સંસારસૃષ્ટિનો વિલય કરવા, ડૂબવાના નિમિત્તોને દૂર કરવાનો ઉપદેશ આપે છે. માટે કવિશ્રીએ જિન શબ્દનું સંબોધન કરીને આ કાર્ય જિનેશ્વર ભગવાન દ્વારા જ સુલભ છે. એ વાતને ભારપૂર્વક પ્રગટ કરે છે. અને પુનઃ ચોથી વાર વંદન કરીને વંદનના મુખ્ય કેન્દ્રબિન્દુને અભિવ્યક્ત કરે છે.

ઋદ્ધિઃ- **ॐ ह्रीं अर्हं णमो दित्त – तवाणं।**

મંત્ર = **''ॐ नमो ॐ ह्रीं श्री क्लीं ह्रूं ह्रूं**

**परजन–शान्ति व्यवहारे**

**जयं कुरुं कुरु स्वाहा।''**

**વિધિ-વિધાન** - પવિત્ર થઈને લાલ રંગના વસ્ત્ર ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરવું, મધ્યાહન્ (અપરાહન્ન) સમય સુધી બાર હજાર વાર ઋદ્ધિ-મંત્રનો જાપ કરી મંત્ર સિદ્ધ કરવો.

**ફલાગમ :-** યંત્રને પાસે રાખવાથી તેમ જ ઋદ્ધિ-મંત્ર દ્વારા એક સો આઠ વાર તેલ મંત્રિત કરી શિર ઉપર (મસ્તક ઉપર) લગાડવાથી આધાશીશીની પીડા દૂર થાય છે. મંત્રિત તેલની માલિશ તથા મંત્રિત જળ પીવડાવવાથી પ્રસૂતાની પીડા દૂર થાય છે. આ મંત્રના પ્રભાવથી પ્રાણાન્તક રોગ પણ દૂર શાંત થઈ જાય છે.

શ્રી ભક્તામરની ૨૬મી ગાથાનું આરાધન કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે તે દર્શાવતી એક પ્રાચીન કથા.

**દરિદ્ર ધનમિત્ર :-** વર્ષો પહેલાં બરારા નામની એક નગરીમાં ધનમિત્ર નામનો એક ભિખારી રહેતો હતો. ગરીબીને કારણે તે નગરમાં આમ-તેમ ફરીને લોકોનું એઠું,જૂઠું જે મળે તે ખાતો. તેમ છતાં તેનું પેટ ભરાતું નહિ. ભૂખે રહેવું પડતું હતું. તે હંમેશા પોતાની આ ગરીબાઈથી ખૂબ દુઃખી અને ચિંતિત રહેતો હતો. કહેવત છે ને ગમે તેવો કચરા કૂડો ઉપાડનારના દિવસો પણ ફરી જાય છે. હિન્દીમાં પણ કહેવત છે કે **''घूरेके भी दिन फिरते है।''** અર્થાત્ બાર વર્ષ પછી નસીબનું પાંદડું ફરે. ગરીબમાં ગરીબ વ્યક્તિનું નસીબ ખૂલી જાય. તો પછી આ અભાગી ધનમિત્રનું નસીબ કેમ ન બદલે!

એક દિવસ એને એક જૈન સાધુના દર્શન થયા. આ અભાગી ધનમિત્રએ જૈન સાધુને પોતાની ગરીબાઈની વ્યથા જણાવી. ત્યારે કૃપાળુ જૈન સાધુએ તેને ભક્તામરની છવ્વીસમી ગાથા શીખવાડી. એટલું જ નહિ આ ગાથાના ઋદ્ધિ-મંત્ર વગેરેની વિધિપણ જણાવી. ધનમિત્રને આ જૈન

સાધુ પ્રત્યે શ્રદ્ધા થવાથી તેણે પૂરી લગનથી આ ગાથા શિખી લીધી.

ધનમિત્રએ શરીર શુદ્ધિ કરી. છવ્વીસમી ગાથાની આરાધના વિધિપૂર્વક શરૂ કરી. રાત્રિ પસાર થવા લાગી. મંત્ર જાપનો પણ આરંભ થઈ ચૂક્યો હતો. હવે ધનમિત્રને આ જપ કરતાં વધુને વધુ આનંદઆવી રહ્યો હતો. તે પૂરા ભક્તિભાવથી જાપ કરી રહ્યો હતો. રાત્રિ પસાર થઈ, સવાર ઊગ્યું પણ તે પોતાની જાપ આરાધનામાં મસ્ત હતો. એમ કરતાં કરતાં મધ્યાહ્નનો સમય પણ આવી ગયો. જાપ પૂરા થવાની તૈયારીમાં હતા ત્યાંજ એક દેવી ધનમિત્રના શીલની પરીક્ષા કરવા પ્રગટ થઈ.

આ નાગકુમારી દેવીએ સુંદરરૂપ ધારણ કર્યું હતું. તે દેવીએ ધનમિત્રને લલચાવવા જાતજાતની ચેષ્ટા કરી. ધનમિત્રના શીલને ડગાવવા તેણે મનમોહક લોભામણી વાતો કરી પરંતુ તેની આ બધી ચેષ્ટા વ્યર્થ ગઈ. તે દેવી ધનમિત્રના ચિત્તને જરાપણ ડગાવી શકી નહિ. ધનમિત્ર તો પોતાની આરાધનામાં એકદમ તલ્લીન બની ગયો હતો. તેણે તે દેવી સામે પણ જોયું નહિ; અને તે પરીક્ષામાં સફળ રહ્યો.

ત્યારે તે શાસનદેવી ફરીથી પ્રગટ થઈ. અને તેણે ધનમિત્રને પૂછ્યું, હે વત્સ! તારી વ્યથા શું છે? મને જણાવ. ધનમિત્રએ જવાબ આપ્યો, હે માતા! મારું એક જ દુઃખ છે, તે છે દારિદ્રતા, તે દૂર કરો. દેવી બોલી, હે વત્સ! તારા બધા જ મનોરથ પૂરા થશે આટલું બોલી દેવી જતી રહી.

ધનમિત્ર પોતાના ઘરે પાછો ફર્યો. ઘરનું સ્વરૂપ તેને કાંઈક અલગ લાગ્યું તે પોતાના ઘરને ઓળખી શકયો નહિ કે પોતાનું જ આ ઘર છે. પોતાની પત્નીને સજ્જ-ધજ્જમાં જોઈ તો તે આશ્ચર્યચકિત બની ગયો. દેવીમાના વરદાનથી તે હવે ધનવાન બની ગયો હતો. આ હતો ભક્તામરસ્તોત્રની ગાથાનો મહિમા....

અસ્તુ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
98928 28196

# જ્ઞાન-સંવાદ - ૩

**ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી**

ગયા અંકમાં અવગાહનાનું સ્વરૂપ જાણ્યું. હવે આગળના દ્વારો જોઈએ.

(૩) સંઘયણ - પ્રાપ્ત શરીરની મજબૂતાઈ કેવી છે એ સંઘયણ દ્વારા જાણી શકાય છે. સંઘયણ એટલે હાડકાની વિશેષ રચના, શરીરનું બંધારણ અથવા જેના દ્વારા શરીરના પુદ્ગલો દૃઢતા પ્રાપ્ત કરે છે તેને સંઘયણ કે સંહનન કહે છે. સંઘયણ એ શરીરનો એક પ્રકારનો બાંધો છે જેના વડે શરીરના અવયવો તેમ જ હાડકાઓ વિશેષ મજબૂત થાય. અસ્થિઓનું બંધન વિશેષ થાય.

શરીરની મજબૂતાઈ અસ્થિની રચનાની મજબૂતાઈ પર આધાર રાખે છે જેટલી અસ્થિની રચના મજબૂત તટેલી શરીરની મજબૂતાઈ જાણવી. માટે અસ્થિની રચના જાણવી જરૂરી છે. અસ્થિની રચના માત્ર ઔદારિક શરીરમાં જ હોય છે. વૈક્રિય અને આહારક શરીર અસ્થિની રચના વગરનું જ હોય છે. જો કે ક્યાંક દેવોને વજ્ર ઋષભનારાચ સંઘયણવાળા કહ્યા છે પરંતુ તે માત્ર શક્તિની અપેક્ષાઓ જ જાણવું. વાસ્તવિક રીતે વૈક્રિય શરીરમાં સંઘયણ ન હોય, માટે દેવોને સંઘયણ હોતું નથી પરંતુ વજ્રઋષભનારાચ સંઘયણવાળા મનુષ્ય તિર્યંચની જેમ દેવોનું શરીર અત્યંત મજબૂત હોય છે.

સંઘયણના ભેદ અને વિવેચન - સંઘયણના છ ભેદ છે.

(૧) વજ્રઋષભનારાચ સંઘયણ - વજ્ર કહેતા ખીલી એટલે ખીલાના આકારનું હાડકું ઋષભ એટલે પાટાના આકારનું હાડકું, નારાચ એટલે મર્કટબંધ. જેમાં બે હાડકા સામસામે એકબીજાને વીંટળાઈને રહેલા હોય. મર્કટ એટલે વાંદરો જેમ વાંદરાનું બચ્ચું તેની માતાને પેટે જે રીતે વળગેલું હોય છે તે એવું મજબૂત વળગેલું હોય છે કે તેની માતા છલાંગ મારે ત્યારે બચ્ચું ઉલટું થઈ જાય છે છતાં પડતું નથી. તેમ મજબૂત બે હાડકાની આરપાર નીકલવાવાળી વિશેષ રચના તે મર્કટબંધ કહેવાય છે. તેને નારાચ કહેવાય છે. સંહનન એટલે હાડકાનો સંચય.

જ્યારે બે હાડકાં મર્કટબંધની જેમ એકબીજાને વીંટળાયેલા હોય તે બંને હાડકાં ઉપર પાટાના આકારે હાડકું વીંટળાયેલું હોય. તે હાડકાં એ ત્રણે હાડકાને ખૂબ જ દૃઢ કરવા માટે ખીલા જેવી રચનાવાળા હાડકાંથી મજબૂત કર્યું અર્થાત્ વજ્ર જેવું હાડકું

એ ત્રણેની આરપાર જઈને મજબૂતાઈ બક્ષે છે એવી રચનાવાળા સંઘયણને વ્રજઋષભનારાચ સંઘયણ કહે છે.

આ કથનનો ભાવાર્થ એવો છે કે જે સંઘયણમાં હાડકાં અત્યંત વજકાય મજબૂત હોય, તૂટે નહિ એવા હોય તે વજઋષભનારાચ સંઘયણ લોઢા જેવું ઘણું જ મજબૂત સંઘયણ.

(૨) ઋષભનારાચ સંઘયણ - આ પ્રકારની રચનામાં વજ કહેતા ખીલી જેવું હાડકું ન હોય પરંતુ મર્કટબંધ અને એના ઉપર વીંટળાયેલા પાટા જેવું હાડકું હોય એને ઋષભનારાચ સંઘયણ કહે છે. અર્થાત્ વજ જેવું મજબૂત નહી થોડું ઓછું મજબૂત.

(૩) નારાચ સંઘયણ - જે રચનામાં બંને હાડકાં મર્કટબંધથી બંધાયેલા હોય એમાં વજ અને ઋષભ બંને ન હોય એને નારાચ સંઘયણ કહે છે એમાં ઉપર કરતાં મજબૂતાઈ ઓછી હોય છે.

(૪) અર્ધનારાચ સંઘયણ - આ પ્રકારની રચનામાં એક પડખે મર્કટબંધ બીજી બાજુ મર્કટ બંધ ન હોય અથવા તો એક બાજુ નારાચ અને બીજી બાજુ માત્ર ખીલી હોય. બંને હાડકાં સ્વતંત્ર માત્ર હોય તેવી મજબૂતાઈવાળી જે હાડકાની રચના હોય તે અર્ધનારાચ સંઘયણ.

(૫) કીલકુ (કીલિકા) સંઘયણ - જેમાં બંને હાડકાં એકબીજાને પરસ્પર સીધા જોડાયેલા હોય અને તેના ઉપર માત્ર ખીલી હોય. સાણસીની જેમ બે હાડકાની વચ્ચે ખીલાના આકારવાળું હાડકું માત્ર હોય તે કીલિકા સંઘયણ કહેવાય.

(૬) છેવટ્ટું (સેવાર્ત) સંઘયણ - છેદ સ્પૃષ્ટ = છેવટુ છેદ = છેડા સ્પૃષ્ટ = અડેલા જ્યાં છેડા માત્ર અડેલા હોય છે તેથી છેદસ્પૃષ્ટ કે છેવટ્ટું સંઘયણ કહેવાય છે. જ્યાં વજ ઋષભ કે નારાચ કાંઈ જ નથી માત્ર બે હાડકાંના છેડા અડીને જેમાં રહેલા છે. સહજ ધક્કો માત્ર લાગતાં ખસી જાય છે તે છેવટ્ટું સંઘયણ છે. આ સંઘયણમાં હાડકાંઓ એકબીજાના ખૂણાઓ વડે મળેલા રહે છે. આ સંઘયણ સૌથી નબળું કહેવાય છે. આનું બીજું નામ સેવાર્ત સંઘયણ છે. સેવા+ઋત સેવાથી યુક્ત અભ્યંગ, મર્દન વગેરે સેવા વડે ઋત એટલે વ્યાપ્ત તે સેવાર્ત સંઘયણ કહેવાય. હાડકાઓની સંધીઓમાં તૈલાદિકનું વારંવાર મર્દન કરવાથી વિશેષ દૃઢ રહે છે, માટે એ સેવાર્ત સંઘયણ છે. આ સંઘયણમાં હાડના બે છેડામાં એક છેડો ખોભણ = ખાડાવાળો હોય છે. અને બીજો છેડો ખાડા વિનાનો હોય છે. તે ખોભણવાળા છેડાની ખોભણમાં ખાંડણીયામાં રાખેલા સાંબેલાની પેઠે માત્ર અડકીને જ રહ્યો હોય છે. જેથી કોઈ પણ એક છેડો જોરથી ખેંચવામાં આવે તો તે ખોભાણમાં બેઠેલો છેડો બહાર નીકળી જાય છે ત્યારે લોકમાં કહેવાય છે હાડકું ઉતરી ગયું અને કોઈ વખતે બંને છેડાને ધક્કો વાગતા એકબીજા પર ચડી જાય ત્યારે લોકમાં કહેવાય છે હાડકું ચડી ગયું.

આ પ્રકારના સંઘયણવાળું શરીર તેલના માલીશની અને થાક લાગે ત્યારે વિશ્રામ આદિ રૂપ પરિશીલતાની અપેક્ષા રાખે છે.

આ છ સંઘયણમાંથી નારકી દેવાતાને એકે સંઘયણ ન હોય. પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને અસંજ્ઞીમનુષ્યને છેવટ્ટું સંઘયણ હોય છે. સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્યમાં છએ છ સંઘયણ હોય છે. જુગલિયામાં માત્ર વજઋષભનારાચ સંઘયણ હોય છે.

વજ એટલે દેવ, ઋષભ એટલે તિર્યંચ અને નારાચ એટલે નર મનુષ્ય ત્રણેની સાથે યુદ્ધ કરવા સમર્થ હોય એવા બળવાળાનું વજઋષભનારાચ સંઘયણ હોય. તિર્યંચ અને નર સાથે બાથ ભીડી શકે એવા બળવાળાનું ઋષભનારાચ સંઘયણ હોય. પછીના સંઘયણવાળા ક્રમશઃ નબળા હોય છે.

સંઘયણની મહત્તા - છ સંઘયણમાંથી વજઋષભનારાચ સંઘયણવાળાને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ક્ષપકશ્રેણી વજઋષભનારાચ સંઘયણવાળા જ માંડી શકે છે, કારણકે આ સંઘયણવાળા જ કોઈપણ વિપત્તિમાં ચલાયમાન થતાં નથી. ડગતા નથી કે ડરતા નથી. શુક્લધ્યાનના ચારે પાયા ધ્યાસી શકે છે. આ ભવમાં મળેલું ઔદારિક શરીર છોડતા મૃત્યુ વખતે જીવને આંચકો લાગે છે તો અનાદિકાળથી સાથે રહેલા તૈજસ-કાર્મણ અને તદ્‌ભવના ઔદારિક શરીરને છોડતા જે આંચકો લાગે તે વજ ઋષભનારાચ સંઘયણવાળા જ ખમી શકે છે. માટે મોક્ષમાં જવાવાળાને વજઋષભ નારાચ સંઘયણ જ હોય છે.

ઋષભનારાચ અને નારાચ સંઘયણવાળા ઉપશમ શ્રેણી માંડી શકે છે માટે એમને ઉત્તમ સંઘયણ કહ્યા છે આ સંઘયણવાળા શુક્લધ્યાન માંડી શકે પણ ૧૧માં ગુણસ્થાનથી ઉપર ન જઈ શકે માટે એ સંઘયણમાં મોક્ષ પ્રાપ્તિ શક્ય નથી. શેષ ત્રણ સંઘયણ નિકૃષ્ટત્વ છે. છતાં આમાંય ધર્મધ્યાન થઈ શકે છે ૧થી ૭ ગુણસ્થાન સુધી આ સંઘયણવાળા હોઈ શકે. પાંચ પ્રકારના ચારિત્રમાંથી સામાયિક અને છેદોપંસ્થાયનીય એ બે ચારિત્ર પામી શકે. પરિહારવિશુદ્ધ ચારિત્રમાં માત્ર વજઋષભનારાચ સંઘયણ હોય. સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતમાં પ્રથમ ત્રણ સંઘયણવાળા હોઈ શકે.

છ સંઘયણમાંથી પ્રથમ સંઘયણ પુણ્ય તત્ત્વમાં છે બાકીના પાંચ

સંઘયણ પાપ તત્ત્વમાં છે. કોઈ ઈજા ન થઈ. આખો ખટારો શરીર પરથી પસાર થાય છતાં આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે ટી.વી. વગેરેમાં જોઈએ છીએ કે દાંતથી કે વાળથી આખી ગાડી ખેંચી ગયા, શરીર પર હાથી પસાર થવા છતાં હેમખેમ રહ્યા તેમ જ ક્યારેક કોઈ ઉપરના માળ ઉપરથી પડે છતાં વાળ વાંકો થતો નથી. આ બધા વિચારણા કરતાં ખ્યાલ આવે છે કે આ વજ્રઋષભનારાચ સંઘયણવાળા હોવા જોઈએ અથવા પ્રથમ ત્રણમાંથી કોઈ પણ સંઘયણવાળા હોવા જોઈએ.

આવું મજબૂત સંઘયણ પ્રાપ્ત થયા પછી જો મોક્ષ પ્રાપ્તિ માટે તપ-જપ અનુષ્ઠાન કરવામાં આવે તો બેડો પાર થઈ જાય. મનુષ્ય જીવન સાર્થક થઈ જાય. કારણ કે મનુષ્ય જીવનનું લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9821050527

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦ | હાર્દિક એમ. ધ્રુવ |
| ૧,૫૦૦ | શ્રીમતિ સરયુબેન હસ્તે શ્રીમતિ પુષ્પાબેન પરીખ |
| ૧,૫૦૦ | શ્રીમતી નિપુણાબેન હસ્તે શ્રીમતિ પુષ્પાબેન પરીખ |
| કુલ રૂા. ૮,૦૦૦ | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦,૦૦૦ | શ્રી બિપિનચંદ્ર કે. જૈન |
| ૫,૦૦૦ | એચ. ડી ઈન્ડસ્ટ્રીઝ હસ્તે શ્રી હસમુખભાઈ ડી. શાહ |
| કુલ રૂા. ૧૫,૦૦૦ | |

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | શ્રીમતિ ઈન્દુબેન એસ. વસા નવેમ્બર ૨૦૨૧ |
| ૨૫,૦૦૦ | શ્રીમતિ મુકુલ બિપિનચંદ્ર ઝવેરી જાન્યુઆરી ૨૦૨૧ |
| કુલ રૂા. ૫૦,૦૦૦ | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | શ્રીમતિ ઈન્દુબેન એસ. વસા |
| કુલ રૂા. ૨૫,૦૦૦ | |

# પ્રકાશ ન. શાહ : ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખને અભિનંદન (૨૦૨૧ થી ૨૦૨૩)

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદની ચૂંટણીમાં વિજય થયા બાદનો પ્રકાશભાઈ શાહનો તત્ક્ષણ પ્રતિભાવ હતો કે, ''હું નર્મદ જેવો કડખેદ ન હોઉં પણ ગુજરાત જે રણજિતરામની પરંપરામાં ઉછર્યું તેના એક સિપાઈ તરીકે હું મને જોઉં છું.''

વરિષ્ઠ પત્રકાર, કર્મશીલ લેખક અને ગુજરાતના એકના એક વિચારપત્ર 'નિરીક્ષક'ના તંત્રી પ્રકાશભાઈ શાહ ન માત્ર રણજિતરામની પરંપરાના સિપાઈ છે, તેમનું છ એક દાયકાનું સમગ્ર જાહેરજીવન, સ્વરાજના નહીં તો સ્વરાજની બાકી રહેલી લડાઈના સિપાઈનું છે.

ચિરપરિચિત હાસ્ય સાથે તેઓ કાયમ કહેતા જ હોય છે ને કે સરકારો તો આવે અને જાય આપણી નાગરિક અધિકારો, લોકશાહી મૂલ્યો અને સ્વતંત્રતા માટેની લડાઈ તો કાયમ ચાલુ જ રહેવાની છે.

રાજકારણથી પરહેજ રાખ્યા વિનાના નવી દુનિયા માટેના ન્યાયી સમાજરચના માટેના તેમના પ્રયાસોમાં એક અદના સિપાઈનું કડખેદ પણ રહેલું છે.

એકસો પંદર વરસ જૂની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે હવે પ્રકાશભાઈ ચૂંટાયા છે. એટલે એમની ઓળખમાં પરિષદ પ્રમુખનું છોગું ઉમેરાયું છે પણ ગાંધી - સર્વોદયવાદી, વિચારક, લેખક, પત્રકાર, અધ્યાપક, કર્મશીલ એવી કોઈ એક કે વધુ ઓળખથી ઓળખાય એવા એ જણ નથી.

ખુદ એમના જ શબ્દો છે કે ''કશામાં બંધાઉ એવું મારું વલણ નથી ને એકેયમાં હું પૂરતો નથી.''

ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે પ્રકાશભાઈનો ભાવનાત્મક સંબંધ તો કિશોરાવસ્થાથી છે. પરંતુ છેલ્લા ત્રણેક દાયકાથી તેમનું પરિષદ સાથે સક્રિય સંધાન છે.

૧૯૯૦ થી ૧૯૯૮ સુધી પ્રકાશભાઈ પરિષદના મંત્રી અને ૧૯૯૯ થી ૨૦૦૩ સુધી પરિષદના ઉપપ્રમુખ હતા.

પરિષદની મધ્યસ્થ સમિતિ અને કારોબારીમાં તેઓ ચૂંટાતા રહ્યા છે. ૧૯૬૪-૬૫માં સાહિત્ય પરિષદના મુંબઈ અધિવેશનમાં તેમણે ''ક.મા. મુનશીની નવલકથાઓ અને રાષ્ટ્ર ચેતના'' પર લેખ વાંચેલો.

''ગુજરાતી નવલકથામાં સ્વરાજ ચેતના'' અને ''સાહિત્ય અને રાષ્ટ્ર'' વિશે તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિભાગીય અધ્યક્ષ તરીકે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

૨૦૨૧ થી ૨૦૨૩નાં ત્રણ વરસ માટે તેઓ સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.

ઉર્વીશ કોઠારી સાથેની દીર્ઘ મુલાકાતમાં પ્રકાશભાઈએ તેમના વારસા અંગે કહ્યું છે કે, ''ચાલુ દુનિયામાં રહીને નવી દુનિયા માટે થોડા જ્વલનશીલ પણ સરખા વિચારો મૂક્યા એવું કંઈક હું કરી શક્યો હોઉં તો મને ગમે.''

હા, પ્રકાશભાઈ તમે આવું ઘણું કર્યું છે અને હજુ કરતા રહેવાના છો એની ખાતરી છે, કેમ કે તમે જ તો કહ્યું છે ને કે શ્વાસ છે ત્યાં સુધી હિસાબ આપવો રહે છે.

કાકાસાહેબ કાલેલકરે ઉમાશંકર જોશીને કહ્યું હતું કે ''તું કવિ છે પરંતુ તારો અભિગમ બૌદ્ધિક છે.''

પ્રકાશભાઈ માટે એમ કહી શકાય કે તેઓ બૌદ્ધિક છે પરંતુ તેમનો અભિગમ કવિનો છે. એમની મધુર બેચેની સમજાય છે પણ તેમની ઉદારતા? તંત્રી અને પ્રમુખ તરીકેની જ નહીં માણસ તરીકેની એમની ઉદારતા મર્યાદા ન બની જાય તેવી આશા સાથે પરિષદના નવા પ્રમુખ પ્રકાશભાઈ શાહને શિવાસ્તે પંથાન.

સૌજન્ય : **ચંદુ મહેરિયા**

(આ માહિતી વેબસાઈટ પરથી લીધી છે)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માનદ હોદ્દેદારો
# સમયગાળો - ૨૦૧૯ થી ૨૦૨૧

| | | |
|---|---|---|
| **પ્રમુખ** | : | શ્રી નીતિનભાઈ કે. સોનાવાલા |
| **ઉપ પ્રમુખ** | : | શ્રી દિલીપભાઈ એમ. શાહ |
| **મંત્રીઓ** | : | શ્રીમતિ નીરૂબેન એસ. શાહ |
| | | ડૉ. સેજલબેન એમ. શાહ |
| **સહ મંત્રી** | : | શ્રીમતી વર્ષાબેન આર. શાહ |
| **કોષાધ્યક્ષ** | : | શ્રી જગદીપ બી. ઝવેરી |
| **સહ કોષાધ્યક્ષ** | : | શ્રી ભરતભાઈ પારેખ |
| **પ્રબુદ્ધ જીવનના તંત્રી** | : | ડૉ. સેજલબેન એમ. શાહ |

## કાર્યવાહક સમિતિ સભ્યો

શ્રી લલિતભાઈ પી. શાહ
શ્રી બિપીનભાઈ કે. જૈન
શ્રી ચંદુલાલ જી. ફ્રેમવાળા
કુ. મીનાબેન શાહ
શ્રીમતિ રમાબેન વી. મહેતા
શ્રી પન્નાલાલ કે. છેડા
શ્રી રજનીકાંત સી. ગાંધી
શ્રીમતિ યોગિનીબેન શેઠ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રીમતિ ઉષાબેન પી. શાહ
શ્રીમતિ પુષ્પાબેન સી. પરીખ
શ્રીમતિ રમાબેન જે. વોરા
શ્રી બકુલ એન. ગાંધી
શ્રી હસમુખ ડી. શાહ
શ્રીમતિ ભારતીબેન બી. પારેખ

## કૉ-ઑપ્ટ સભ્યો

શ્રી શૈલેષભાઈ એચ. કોઠારી
કુ. રેશ્માબેન જૈન
શ્રી વિનોદભાઈ વસા
શ્રીમતી કલ્પનાબેન શાહ
શ્રી પૂરબ ડી. શાહ
શ્રી શાંતિભાઈ કે. ગોસર
ડૉ. રેણુકા જે. પોરવાલ

## નિમંત્રિત સભ્યો

શ્રી કાકુભાઈ સી. મહેતા
શ્રી ગિરીશભાઈ વકીલ
શ્રી કિરણ શેઠ
શ્રીમતી વસુબેન ભણશાલી
શ્રી દિનેશભાઈ બી. શાહ
શ્રી સ્નેહલ સંઘવી
શ્રીમતી ભારતીબેન બી. શાહ
શ્રી શાંતિલાલ મહેતા
શ્રી સુરેશભાઈ વી. શાહ


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સ્ટાફ

શ્રી પ્રવિણભાઈ દરજી
શ્રી હરીશ્ચંદ્ર નવાળે
શ્રી હસમુખભાઈ શાહ
શ્રી મહેન્દ્ર ખારવા

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : બે હાથની મથામણ**
**બિપીન જમુભાઈ ભટ્ટ**
**પ્રકાશક : ગુજરાતના**
**વિશ્વકોશ ટ્રસ્ટ,**
**રમેશપાર્કની બાજુમાં,**
**વિશ્વકોશ માર્ગ,**
**ઉસ્માનપુરા,**
**અમદાવાદ- ૩૮૦૦૧૩**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯**
**પુષ્ઠ : ૨૦૦**
**મૂલ્ય : રૂા. ૨૦૦/-**




કુદરતી આપત્તિઓ સામે મથામણ કરતા બે હાથ કેટલું ઊજળું પરિણામ લાવી શકે એનું વર્ણન કરતું આ પુસ્તક ગુજરાતના એક સક્ષમ વહીવટી અધિકારી બિપીનભાઈ ભટ્ટના આપાતકાલીન કાર્યોની એક ઝલક છે.

મામલતદાર, નશાબંધી અધિકારી જમીન સંપાદન અધિકારી, નાયબ કલેક્ટર, પૂરનિયંત્રણ કક્ષના વડા, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના નિયામક જેવા વિવિધ સ્થાન પર રહી ગમે તેવા મુશ્કેલ સંજોગોને મહાત કરવા પોતાની પ્રચંડ ઈચ્છાશક્તિ, સ્વયં સહજ સફૂરણા, અપાર સાહસ, દૃઢમનોબળ, સાદ્યંત નિષ્ઠા, નિર્ભક્તા અને કાર્યદક્ષતા દર્શાવાતા અગણિત પ્રસંગો અહીં આલેખાયા છે.

સરકારી અધિકારીઓની ગાડીની જેમ કાર્ય કરવાની વૃત્તિ, કોઈપણ કાર્યની સંમિતિ મેળવવા માટે આવતી વિટંબણાઓ અને પોતીકા સ્વાર્થની લાલસાઓથી ચીલો ચાતરતા આ અધિકારીએ આપત્તિને ટાણે પોતાની નોકરીની પણ પરવા કર્યા વિના, કોઈનીયે શેહશરમમાં આવ્યા વગર આત્મસૂઝ તથા અપાર સંવેદનશીલતાથી આફતગ્રસ્ત પ્રજાજનોને બચાવવા જે ઉપક્રમો હાથ ધર્યા તેનું આલેખન અહોભાવ જગાડે છે. મચ્છુ ડેમ તૂટ્યો તે મોરબીની હોનારત, લાતુરનો ધરતીકંપ, રાજ્યવ્યાપી દુષ્કાળ, સુરતનું પૂર, ધરતીકંપમાં તારાજ થઈ ગયેલા ભુજનું પુનઃ સ્થાપન કે ઉત્તરાખંડમાં આભ ફાટ્યું ત્યારની પરિસ્થિતિ... કોઈપણ પડકારને ઝીલી લેવાની કુશળતા, અવિશ્રાંત પરિશ્રમ અને અંગત સ્વાર્થ, લોભ, લાલચ અને પ્રશંસાથી દૂર રહીને કેવળ અને કેવળ આવી પડેલી આપત્તિમાંથી સહુને ઉગારવાની મનોવૃત્તિ વાચકોની આંખને સજળ કરી દે છે.

૧૯૮૫ થી ૧૯૮૭ સુધિના સતત દુષ્કાળના ત્રણ વર્ષો દરમ્યાન સાયલાના મામલતદાર તરીકે ફરજ બજાવતા બિપીનભાઈએ જોયું કે રાહતકામમાં મજૂરી કરવા આવેલા લગભગ ૮૦૦૦ કામદારોના પગમાં ચપ્પલ નહોતાં. બળબળતા તડકામાં ઉઘાડે પગે કામ કરતા મજૂરોને જોઈ આ અધિકારીએ સંકલ્પ કર્યો કે જ્યાં સુધી આ મજૂરોને ચપ્પલ નહીં મળે ત્યાં સુધી પોતે પણ ચપ્પલ નહીં પહેરવાનો સંકલ્પ કર્યો. એ વાત મુંબઈ સુધી પહોંચી આઠ દસ દિવસમાં કોઈ સજ્જન ટેમ્પો ભરીને જૂતા લઈ સાયલા આવી પહોંચ્યા. ગીરવે મૂકેલો કેદારો છૂટ્યો અને જૂતા પહેરવાનું શરૂ થયું તેનો આનંદ અહીં વ્યક્ત થયો છે.

ખરેખર શુભ સંકલ્પ હોય તો સમગ્ર સૃષ્ટિ તમારી સહાયક બને છે એની પ્રતીતિ થઈ.

સુરતના પૂરમાં નીચાણવાળા વિસ્તારો તો ડૂબ્યા જ હતા. પહેલા માળ સુધી પાણી અને તેની સાથે પશુઓ પણ તણાઈ આવ્યા હતા. એ સુરતને ફરી સોનાની મૂરત બનાવવા ભગીરથ પ્રવાસમાં લેખકનો સિંહફાળો, ધરતીકંપમાં માટીનો ટીંબો બની ગયેલા ભૂજને નવનિર્મિત કરવાનો જે ત્વરિત આયામ હાથ ધર્યો ઉત્તરાખંડમાં આભ ફાટ્યું ત્યારની પરિસ્થિતિમાં ઉપાડી લીધેલું કાર્ય... કોઈ પણ કાર્યમાં સંવેદના ભળે ત્યારે એ કાર્ય સુગંધિત થઈ જતું હોય છે. બધા જ પ્રસંગો વાચાકોએ અનિવાર્યપણે વાંચવા જ રહ્યા.

એક બહુ જ નાનો, કદાચ આ અધિકારીના કાર્યક્ષેત્રની બહારનો પણ લાગણીશીલ પ્રસંગ મને બહુ જ સ્પર્શી ગયો છે, તેનો ઉલ્લેખ કરું તો સાયલાની જૈન પાંજરાપોળમાં ગાયોને મીણો લાગ્યો. ફરજ પરથી પરત આવી જમવા બેઠેલા લેખકને આ ખબર પડી તે જમવાનું છોડી પાંજરાપોળ પહોંચ્યા. ગાયને કાચું અને કૂણું ઘાસ ખાવાથી મીણો લાગ્યો હતો. ઈલેક્ટ્રિશ્યનને બોલાવી ચારે બાજુ મોટી લાઈટ ગોઠવી કરિયાણાની દુકાનો ખોલાવી દસ મણ ગોળ લીધો, લથડિયા ખાતી ગાયોને પકડી પકડીને મોઢામાં ને જીભ પર ગોળ ઘસ્યો. વેટર્ન ડૉક્ટરને તો બોલાવ્યા જ હતા પણ તે આવે ત્યાં સુધીમાં બધાની સહાયથી રાત્રે ૩ વાગ્યા સુધી આ કાર્ય કર્યું. સવારે ચાર વાગ્યેથી ૧૨૦ જેટલી ગાયો મરણ પામી હતી પણ ૧૧૦૦ કરતાં વધુ ગાયોને બચાવી શકાઈ હતી.

નિવાસી નાયબ કલેક્ટરે ટકોર કરી કે, પાંજરાપોળ સાથે મામલતદાર કે મહેસૂલ અધિકારીને શું લાગેવળગે? લેખક કહે છેઃ 'આ સંવેદનાસભર કૃત્યનો જવાબ તે વખતે પણ નહોતો

અને આજે પણ નથી, કેવળ એ ગાયોને બચાવવાનો પરિતોષ હૈયામાં જળવાયો છે.'

નિવૃત્તિની વેળાએ જરા પાછું ફરીને જોતાં લેખકને આ પ્રસંગો યાદ આવ્યા છે. અસાધારણ સ્મરણશક્તિને કારણે પ્રત્યેક પ્રસંગો સાથે રહેલા કાર્યકરોનાં નામ ને તેનું કામ પણ યાદ છે. આ કેવળ સ્મરણયાત્રા નથી, સર્જકની અંતરયાત્રા પણ છે. છેલ્લામાં છેલ્લા જીવને ઉપયોગી થવાની પ્રબળ ઝંખના, આવા કાર્યોમાં વેઠવો પડતો સંઘર્ષ, પરિવારનું ઘડતર અને સ્વાર્પણ, ક્યારેક નિયમોથી ઉપરવટ જઈને માનવતાના ધોરણે કરેલું કામ ને પાછું વળીને માન-સન્માન માટે ક્યાંય ઊભા નહીં રહેવાની નિસ્પૃહતા કલેક્ટરને મૂઠી ઊંચેરા સ્થાપિત કરે છે.

સમાજમાં મૂલ્યોનો હાસ થઈ રહ્યો છે ત્યારે આવી વ્યક્તિઓ જ સમાજમાં રોલમોડલ થઈ શકે છે. નવી પેઢીને આવા જીવંત ઉદાહરણો થકી જ પ્રેરણા આપી શકાય. ખરે જ, ઈશ્વર તેને વહાલ કરે છે જે લોકો એની સૃષ્ટિને વહાલ કરે છે.

કર્મયોગી શ્રી સાકળચંદ પટેલની સ્મૃતિમાં ચાલતી જીવનઘડતર શ્રેણીમાં આ પુસ્તક પ્રગટ થયું છે.

❖ ❖ ❖ ❖

**પુસ્તક નું નામ : વિયોગ**
**રાહુલ શુક્લ**
**પ્રકાશક : ગાર્ડી**
**રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફૉર**
**ડાયસ્પોરા સ્ટડીઝ,**
**રાજકોટ - ૫**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬**
**પુષ્ઠ : ૨૦૩**
**મૂલ્ય : રૂા. ૬૦૦/-**




એસ.એસ.વ્હાઈટ ટેક્નૉલોજીસ ન્યૂજર્સીના પ્રણેતા, જાણીતા ઉદ્યોગપતિ અને વાર્તાકાર રાહુલ શુક્લનું પ્રસ્તુત પુસ્તક માતાપિતાના વિયોગની વેદનાને પ્રગટ કરે છે ૫૦ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા પણ જેમના મૂળ સુરેન્દ્રનગરમાં રોપાયેલાં તેવા રાહુલ શુક્લ 'સમય'ના તંત્રી ભાનુભાઈ શુક્લ તથા સુશીલાબેનના સંતાન છે.

ભાનુભાઈ શુક્લ અત્યંત વિચક્ષણ પ્રતિભા ધરાવતા સન્નિષ્ઠ સંવેદનશીલ પત્રકાર, વિશાળ વાંચન ધરાવતા બહુશ્રુત વિદ્વાન - સુરેન્દ્રનગરમાં 'સમય' સાપ્તાહિક દ્વારા સમાજજીવનના છેવાડાના માનવીમાં વસેલી ઋજુતા, કરુણા અને અમીરાતને વાચા આપનારા સહૃદયી લેખક.. જીવનસંગિની સુશીલાબેન પણ 'ઝાલાવાડના સિંહ કહેવાતા ત્રંબકભાઈ દવે (ત્રંબકલાલ ટ્રોલીવાળા)નાં બહેન.. વિદ્વતા અને કલારસિકતાનો સુભગ સમન્વય થયો.

આવાં માતા-પિતાની પ્રેમાળ છાયામાં ઉછરેલા રાહુલભાઈ એન્જિનિયરીંગમાં માસ્ટર્સ કરવા અમેરિકા ગયા ને ત્યાં જ રોકાઈ ગયા. બે અગ્રગણ્ય કંપનીઓ સ્થાપી તેનો સુચારુ વહીવટ કરે છે, પણ સ્નેહના સૂત્રો સાદ્યંત જળવાઈ રહ્યા એટલે માતાના અવસાન પછી આઠ જ મહિનામાં પિતાના અવસાને રાહુલભાઈને અસ્વસ્થ કરી મૂક્યા...

વિયોગની એ વેદના માતાપિતાના મૃત્યુનો આઘાત, હૃદયમાં અટકેલો એ ડૂમો આંસુ સાથે અહીં શબ્દસ્થ થયોછે.

માતા અને પિતા સતત મિત્ર બની રહ્યા હોય, જીવનની પ્રવાસની, રાજકારણની, સમાજની કોઈ પણ વાતોની ચર્ચા જેમની સાથે મુક્ત મને થઈ શકતી હોય. જેમના અનરાધાર વહાલથી એ પરિપ્લાવિત થયા હોય તેવા માતા-પિતાની અનુપસ્થિતિ સહન ન કરી શકતા લેખકની માનસિક અવસ્થા અનેક સ્મરણોના માધ્યમે વ્યક્ત થઈ છે. આ વલોપાતની વાત લખતા તેઓ કહે છે ભાઈ તમે ગયા પછી અમે ખૂબ રડ્યા. મારાં આંસુ તો ખૂટતાં જ નહોતાં. ઘેરથી કામ પર જવા નીકળું, કારમાં ઘરના ડ્રાઈવ વેમાં બહાર નીકળું ત્યારથી મારા ધ્રૂસકા શરૂ થાય તે કંપનીના પાર્કિંગ લૉટમાં પહોંચું ત્યાં સુધી ચાલે...


માતાપિતાની સ્મૃતિમાં ખાવાનું ભાવે નહીં, સ્વપ્નમાં પણ એમની સાથેની જ મુલાકાતો અને એમને પાછા આવવાની વિનંતી તથા કાકલૂદી...

અત્યંત પ્રતિભાશાળી પિતા અને મમતાળુ માતાના વિયોગની અનેક પારિવારિક ક્ષણો વાચકને અશ્રુભીના કરી દે છે. ૯૪ વર્ષ સુધી અત્યંત કાર્યરત પ્રતિભાશાળી પિતા, એક ઉમદા ચિત્રકાર, સાહિત્યકાર અને ફોટોગ્રાફર એવા ભાનુભાઈનું સર્વોદય સોસાયટીનું ૩૦ નંબરનું ઘર સદાય સંત-મહંતો સાહિત્યવિદો અને રાજપુરુષોના આગમનથી સતત ધબકતું હતું. એ ઘર હવે સૂનું થઈ ગયું છે.

માતા-પિતાનો મીઠો આવકાર, કેટકેટલી વિચક્ષણ વાતો, વહાલા અતિથિઓ, વિશ્વપ્રવાસેથી માતા-પિતા માટે લાવેલી વસ્તુઓ.. તેમનો ઉમળકો એવી અગણિત ક્ષણો અહીં ઝીલાઈ છે. લેખકે પોતાના વિષાદને વાચા આપીને અંતરયાત્રા કરાવી છે.

❖ ❖ ❖ ❖

**પુસ્તક નું નામ : મહાત્મા ગાંધીનો પુર્નજન્મ**
**સંપાદક - રોહિત શાહ**
**પ્રકાશક : ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય,**
**રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,**
**અમદાવાદ - ૩૮૦૦૦૧.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯**
**પુષ્ઠ : ૧૫૪**
**મૂલ્ય : રૂા. ૧૮૦/-**



યુગપુરુષ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી પ્રસંગે ગાંધી વિચારને સાંપ્રત પ્રશ્નોમાં મૂલવવાનું કુતૂહલ જાગ્યું. ગાંધીજી હોત તો એમણે શું વિચાર્યું હોત, એ વિચારવાનું રસપ્રદ લાગ્યું. સંપાદકે ગાંધીવિચારધારા સાથે અનુસંધાન ધરાવતા કેટલાક મહાનુભાવોના વિચારો જાણવા માટે સાંપ્રત સમયના ૧૬ પ્રશ્નો પૂછયા, જેમકે અનામત વિશે આજે બાપુનો મત શો હોત? કાશ્મીર સમસ્યા વિશે બાપુએ કેવો માર્ગ બતાવ્યો હોત? વિદેશી ચીજોનો બહિષ્કાર શું બાપુએ આજે પણ ચાલુ રાખ્યો હોત? કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું બાપુએ શું પસંદ કર્યું હોત? આજના શિક્ષણ વિશે બાપુના વિચારો કેવા હોત? વિગેરે.

ગાંધીજીના વિચારો, એમના અભિગમો, એમની જીવનશૈલીથી પરિચિત વિદ્વાનો શ્રી નગીનદાસ સંઘવી, પ્રકાશ ન. શાહ, પ્રવીણ લહેરી, ભદ્રાયુ વચ્છરાજાની, ભાણદેવ, મનસુખ સલ્લા, સોનલ પરીખ તથા સંપાદક વિ.ના. આ પ્રશ્નો પ્રત્યે ગાંધીજીએ શું અભિગમ દર્શાવ્યો હોત એ જણાવતા લેખ અહીં સંકલિત કરવામાં આવ્યા છે.

ગાંધીજીની સાદ્યંત મૂલ્યનિષ્ઠા, એકત્વની ભાવના, નવા વિચારોને ઝીલવાની પ્રતિબદ્ધતા, સાધન અને સાધ્યની પવિત્રતા, લોકસંપર્કની મહત્તા, સ્ત્રી સ્વાતંત્ર્યની ઉદ્દામવાદી વિચારધારા સહુને લક્ષ્યમાં રાખીને વિદ્વાનોએ આપેલા જવાબો ગાંધીજીને સાંપ્રત સમયમાં પુનઃપ્રતિષ્ઠિત કરે છે. સંપાદક છે તેમ સાચો યુગપુરુષ સતત પરિવર્તનશીલ રહીને તાજગી પામતો રહે. વર્તમાન પ્રશ્નોના અનુસંધાનમાં ગાંધીજીનું વલણ કેવું હોત તે જાણવાનો સુંદર પ્રયાસ એ નિમિત્તે મહામના-પુણ્યશ્લોકી વિભૂતિનું પુણ્યસ્મરણ...

❖ ❖ ❖ ❖

**પુસ્તક નું નામ : સંતબાલજી શ્રુત સેવા દર્શન**

**સંપાદક - ગુણવંત બરવાળિયા**

**પ્રકાશક : વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માતૃસમાજ, કામાલેન, કીરોલ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૬.**

**પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦**

**પુષ્ઠ : ૨૬૪**

**મૂલ્ય : રૂા. ૨૦૦/-**




વિશ્વવાત્સલ્યના આરાધક જૈન શાસ્ત્રોના મર્મજ્ઞ, સ્થાનકવાસી જૈન સાધુ, ગાંધીજીની રચનાત્મક વિચારધારાને પ્રબળપણે અનુસરનારા ક્રાંતિકારી માર્ગદર્શક સંતબાલજીએ જીવનભર જનકલ્યાણ, કરૂણા, સત્ય અને અહિંસાના માર્ગે તમામ પ્રવૃત્તિઓ કરી - ગાંધીજીની જેમ જ સાધન શુદ્ધિનો આગ્રહ રાખ્યો - ગુરુ નાનચંદ્રજી મહારાજ પણ ગાંધીજીના પ્રભાવ તળે અનેક સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના હિમાયતી હતા, પણ સંતબાલજીની પ્રતિબદ્ધતા જૈન સાધુની આચારસંહિતાને અતિક્રમી રહી હતી. પરિણામે સમાજમાં વિરોધ થયો. પૂ. ગુરુદેવ નાનચંદ્રજી મહારાજથી દૂર થવું પડ્યું. સમાજકલ્યાણ અને ઉત્થાનના માર્ગે ઘણું સહન કરીને પણ તેઓ અડગ રહ્યા. છેવાડાના માણસ માટે, તેના ઉત્કષ માટે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ, ખેડૂત મંડળ જેવી સંસ્થાઓ ઊભી કરી-ખેડૂતોની જમીન હકના પ્રશ્નો, સરકારી મંડળીના પ્રશ્નો, વ્યસનમુક્તિ, ચોરી, લૂંટ, કન્યાવિક્રય અને સ્ત્રીઓના શોષણના પ્રશ્નો. ગાંધીચિંધ્યા માર્ગે ઉકેલવા તેવો પ્રવૃત્ત રહ્યા. આજે પણ ચીંચણમાં મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર જેવી અનેક સંસ્થાઓ આ કલ્યાણ પ્રવૃત્તિઓ કરી રહી છે.


વિશ્વવાત્સલ્ય અને સંતબાલ ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ તો સંતબાલજીની ધર્મ, અધ્યાત્મ ને લોકકલ્યાણની પ્રવૃત્તિઓના પ્રસાર કરવાનો છે. 'સંતબાલજી શ્રુતસેવા દર્શન' નામે યોજાયેલા જ્ઞાનસત્ર નિમિત્તે વિદ્વાનોએ મોકલેલા શોધનિબંધોનું ગુણવંતભાઈ બરવાળિયાએ અહીં સંકલન કર્યું છે. વિશ્વવાત્સલ્ય અને સંતબાલ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી ગુણવંતભાઈ અહીં શોધપત્રોની પ્રસ્તુતની સાથે સંતબાલજીના સાથીઓ અને અંતેવાસીઓ, સંસ્થાની પ્રવૃત્તિઓ, આંગણે આવેલા મહાનુભાવો અને એવોર્ડ ફંક્શનના ફોટાઓ સાથે સંતબાલજીના ચાતુર્માસની વિગતો તથા તેમણે સ્થાપેલી સંસ્થાઓની માહિતી પણ આમેજ કરી છે.

વિદ્વાનોના શોધપત્રોમાં બહુઆયાની સંતબાલજીના વ્યક્તિત્વના વિધવિધ પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જૈનત્વથી જરાય વેગળા નહીં રહેલા, આજીવન પ્રજાજનોના કલ્યાણ માટે પ્રવૃત્ત, સત્ય અને અહિંસાને માર્ગે ચાલીને અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા આદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેલા, સર્વધર્મની ઉપાસનાના સાધક સંતબાલજીના વ્યક્તિત્વનું આલેખન કર્યું છે. તેમના પંથે ચાલનારા વિરલ વ્યક્તિ વિશેષોની ગાથા પણ અહીં વણી લેવાઈ છે.

સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી વિ. ભાષાઓના અભ્યાસની સાથે જૈન અધ્યાત્મ ગ્રંથો, આગમો, દશવૈકાલિક તત્વાર્થ, આચારંગ અને આવશ્યક સૂત્રોને ગુજરાતીમાં અનુદિત કરનારા આ વિદ્વાન 'જગત સાધુ'ના કાર્યોની પૂર્ણ તવારીખ અહીં પ્રગટ થઈ છે.

❖ ❖ ❖ ❖

**પુસ્તક નું નામ : પ્રેરણાની પગદંડી**
**સંપાદક - ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક : અર્હમ સ્પીરીચ્યુઅલ સેન્ટર, ૭૧૬, ગોલ્ડ ક્રેસ્ટ, એલ.બી.એસ. માર્ગ, મુંબઈ - ૪૦૦૦૮૬.**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦**
**પુષ્ઠ : ૧૧૧**
**મૂલ્ય : રૂા. ૧૫૦/-**




અનેક વિટંબણા અને મુશ્કેલીઓથી ઘેરાયેલો માનવી કોઈ રસ્તો શોધવાની મથામણ કરતો હોય, મૂંઝવણ અનુભવતો હોય ત્યારે કોઈ એક નાનકડો પ્રસંગ, નાનકડી વાત કે પૂર્વસૂરીઓનું ઉદાહરણ એની નિરાશાને દૂર કરી આશાનું અજવાળું પ્રગટાવે છે.


સાવ નાનકડી કિંતુ પ્રેરણાદાયક વાત ઘોર અંધકારમાં દીવાદાંડીનું કામ કરતી હોય છે. અત્યારે સહુથી વધુ વંચાતુ સાહિત્ય આ પ્રકારનું જ છે.

સંપાદકશ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ પ્રસ્તુત પુસ્તકમાં રામાયણ, મહાભારત, હિતોપદેશ, પંચતંત્ર અને જૈન કથાઓના ઉજ્જવળ ઉદાહરણોનો સંચય કર્યો છે. કોઈ પણ મૂલ્યમંડિત ઘટના, ઔદાર્યની કથા, દાન, સંકલ્પ, વિનય કે ક્ષમાના પ્રસંગો આપણા વિષાદને હળવો કરી શકે છે. આપણી વિચારધારાને બદલાવી શકે છે.

સાધુસંતોના વ્યાખ્યાનમાં કે સાહિત્યમાં કે વાર્તાઓમાં આપણે સાંભળેલા પ્રસંગોની સચિત્ર-રંગીન રજૂઆત એ પણ આ પુસ્તકનું જમા પાસું છે.

❖ ❖ ❖ ❖

**પુસ્તક નું નામ : માનવિજય વાચક કહે...**
**સંપાદક - આચાર્ય યશોવિજયસૂરિ**
**પ્રકાશક : આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર, ગોપીપુરા, સુરત**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦**
**પુષ્ઠ : ૧૩૯**
**મૂલ્ય : રૂા. ૧૦૦/-**




'ધ્યાન પદસ્થ પ્રભાવથી
ચાખ્યો અનુભવ સ્વાદ, ભવિજન!
માનવિજય વાચક કહે,
મૂકો બીજો વાદ...!

ધ્યાન દશામાં ભીતરના રસને ચાખી અંતરંગ અનંત સુખ પામનારા માનવિજયજી મહારાજની કાવ્યપંક્તિઓ પર આચાર્ય યશોવિજયસૂરિજી એ વિવેચના કરી છે. પંડિસ્થ ધ્યાન, પદસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યાન - સ્થાપના નિક્ષેપ, નામ નિક્ષેપ, ભાવ નિક્ષેપ આત્મદશા, ભક્તિની ભીનાશ, પ્રભુના અનુપમ રૂપના દર્શન અગણિત જન્મોની તરસની તૃપ્તિ અને સ્વાર્પણના ભાવ આ કાવ્યપંક્તિઓમાં છલકાય છે.

આચાર્ય યશોવિજયસૂરિજીએ આ પંક્તિઓના સંદર્ભે ચોવીસીના આ ચારેય ધ્યાનની મહત્તા સમજાવી છે. અનેક ઉદાહરણો તથા કાવ્યપંક્તિઓના સંદર્ભો પૂજ્યશ્રીના વિશાળ વાંચનવ્યાપ અને અનુભૂતિની ગહનતા પ્રગટ કરે છે. પ્રભુ પ્રાપ્તિની અદમ્ય ઝંખના કરનારા સાધકે રાગ, દ્વેષ, અહંકારથી મુક્ત થવું રહ્યું. ભગવદ્ પ્રેમની આભીપ્સા. આંસુથી છલકાતાં નયનો, પરમાત્માની ઝલક અને વિરહ... વિરહ - જૂરાપાનું વર્ણન કરતા આચાર્યશ્રી સ્વયંના વિહારની સાધનાની અનુભૂતિ પણ આલેખે છે. પ્રથમ રસથી છલકાતી મૂર્તિના આવરણ સાથે પ્રગટ થયેલી આ કૃતિને પલ્લવીબેન સુબોધભાઈ મહેતા (અમેરિકા)નું સૌજન્ય પ્રાપ્ત થયું છે.

❖ ❖ ❖ ❖

સંધ્યા શાહ
સંપર્ક : 9324680849

---

(અનુસંધાન કવર પાનું ૪૪થી)

જોકે એવી ઘટનાઓએ મારા આંતરિક સાહસને વધારે મજબૂત અને ધારદાર બનાવ્યું છે. મને એ વાતની ખુમારી છે કે મેં ક્યારેય કોઈ ખોટું કામ કર્યું નથી અને ક્યારેક કર્યું હશે તો એ કોઈ લાલચ કે અજ્ઞાનને કારણે નહીં, જાણી-સમજીને વિવેકબુદ્ધિથી જ કર્યું હશે. સ્વાર્થ માટે મેં કોઈ વ્યક્તિને કદી છેતરી નથી. સમયપાલનમાં હું હંમેશાં નિયમિત અને ચુસ્ત રહ્યો છું. મારા હકની વસ્તુનો પણ કદી કશો મોહ રાખ્યો નથી એટલે અણહકનું લેવાની લાલચ તો હોય જ ક્યાંથી ? કોઈની દાદાગીરી સામે સરેન્ડર થવાનું સ્વભાવમાં નથી. એ જ રીતે યોગ્ય વ્યક્તિને મદદ કરવાનું સામર્થ્ય હોય ત્યારે મેદાન છોડીને ભાગી જવાનું પણ મારા સ્વભાવમાં નથી. ઘણા લોકો પોતાના અહંકારને છુપાવવા માટે નમ્રતાનું મહોરું પહેરતા હોય છે, મેં કદાચ મારી નમ્રતાને ઢાંકવા માટે અહંકારનું

મહોરુ પહેરી રાખ્યું છે. નમ્રતા પ્રદર્શનની ચીજ થોડી છે, યાર ? મને નજીકથી ઓળખનાર કોઈપણ વ્યક્તિ મને ક્યારેય જૂઠો, વિશ્વાસઘાતી, સ્વાર્થી કે લુચ્ચો નહીં જ કહી શકે ! હા, ક્યારેક એને હું અભિમાની અને કડવો જરૂર લાગ્યો હોઈશ; જેનો મને લેશ માત્ર અફસોસ નથી! મારી બે નબળાઈઓ છે, જે મને ક્યારેય છુપાવવા જેવી લાગી નથી. સાડી પહેરેલી જાણીતી કે અજાણી સુંદર સ્ત્રીને જોઈને હું મનોમન વારંવાર લોભાયો છું. એ જ રીતે હાર્મોનિયમ પર કે કી-બોર્ડ પર મસ્ત સૂરો પ્રગટાવતા કલાકારની ફરતી આંગળીઓ જોઈને હું હંમેશાં ઈર્ષાયો છું. (મારે હાર્મોનિયમ શીખવું હતું. એક ગુરુજીનું ટ્યૂશન પણ રાખ્યું હતું, પરંતુ સમયના અભાવે પ્રેક્ટિસ ન કરી શક્યો અને આજે પણ એ બાબતે હું ઠોઠ નિશાળિયો પુરવાર થયો છું એનો અત્યંત રંજ છે.) મોક્ષમાં જવાની મારી લાયકાત વિશે મને કશી જ ખબર નથી, પરંતુ મોક્ષમાં જવાની ઇચ્છા તો મને બિલકુલ નથી. કારણકે, સપોઝ, ત્યાં મને ન ફાવે તો પછી ક્યાં જવાનું ? ત્યાંથી પાછા વળવા માટેની રિટર્ન ટિકિટ મળતી હશે ખરી ? મોક્ષમાં જઈને ફસાઈ ગયા જેવું લાગે તો ? એના કરતાં અહીં પૃથ્વીલોકમાં આપણે શું ખોટા છીએ ? દિલના સાફ-સરળ માણસોની સંગત અને સોબત મને હંમેશાં ગમી છે. ઢોંગ કરવાનું કે ઢોંગ સહન કરવાનું સહેજે આવડતું નથી. સાચું કહું ? હવે કોઈ પણ ક્ષણે આ પૃથ્વીના રંગમંચ પરથી એક્ઝિટ લેવાની થાય તો મને કોઈ પણ બાબતે લેશમાત્ર અફસોસ થાય એવું નથી. સહેજ પણ કામચોરી કે દિલચોરી કર્યા વગર મારી દરેક ભૂમિકાનાં મારાં તમામ કર્તવ્ય મેં યથાશક્તિ નિભાવ્યાં છે. જેવી રીતે જન્મ મારા હાથમાં ન હતો એવી રીતે મરણ પણ મારા હાથમાં નથી એની ખબર પડી ત્યારથી હું મારી મરજી મુજબ જીવ્યો છું. અલબત્ત, જે સ્વજનોએ મારા પર વિશ્વાસ મૂક્યો હોય, જેમણે મને પ્રેમ અને આદર આપ્યા હોય એવાં સ્વજનો માટે ઘણી વખત રાજીખુશીથી મારી મરજી સાથે કોમ્પ્રોમાઇઝ કર્યું છે. એ કોમ્પ્રોમાઇઝમાં કદીય કોઈ લાલચ, ભય કે મજબૂરી નહોતાં. મને સુખી કે દુઃખી કરવાનો હક અન્ય કોઈને ન આપવો પડે એ કારણે કોઈની પાસેથી ક્યારેય કશી અપેક્ષા રાખી નથી. હા, કોઈ અંગત સ્વજન મારા વિશે કશી ગેરસમજ કરે ત્યારે હું થોડો દુઃખી થાઉં છું, પણ પછી 'એમાં મારી કશી ભૂલ કે કોઈ બદઈરાદો તો નહોતો ને ?' એનો તટસ્થ અભ્યાસ કરીને, એમાંથી તરત બહાર નીકળીને ફરીથી ખુમારીના માર્ગે ચાલી નીકળું છું. નિષ્ફળતાનો તો ઠીક મને બરબાદ થઈ જવાનો પણ ભય નથી, એટલે હું બીજા કોઈના જીવનમાં જરાય અવરોધરૂપ ન બનું અને મારા જીવનમાં કોઈની જરાય દખલગીરી ન હોય એ રીતે મારી મરજી મુજબ જીવી શક્યો છું. મારે એ કબૂલ કરવું જોઈએ કે મને આ રીતે પોતાની મરજી મુજબ જીવવાની પ્રેરણા મારા કઝીન, વડીલબંધુ સ્વ. પ્રબોધભાઈ કે. શાહ પાસેથી મળી છે. આજે તેઓ હયાત નથી, પરંતુ મને આવી જીવનદીક્ષા આપનાર તેઓ મારા મોટાભાઈ, મિત્ર તેમજ માર્ગદર્શક હતા. એ જ રીતે હું મારા પરિવારના તમામ સભ્યોનો પણ અત્યંત આભારી છું. એમણે સતત મારો તાપ વેઠ્યો છે, ખાસ કરીને લાઈફ-પાર્ટનર બીનાએ. પુત્ર, પુત્રવધૂ, પૌત્ર, બે દીકરી-જમાઈઓ સહિતનો હર્યોભર્યો પરિવાર છે. સિનિયર સિટીઝનનું સ્ટીકર લાગી ગયું છે. જોકે ૬૫મા વર્ષે તંદુરસ્તીમાં ક્યાંય ગોબો પડ્યો નથી. ડોક્ટરો, વકીલો, જજસાહેબો, સાહિત્યકારો, પત્રકારો, પ્રોફેસરો, રાજકીય નેતાઓ, પોલીસ અધિકારીઓ, વેપારીઓ, સામાજિક કાર્યકરો અને સમાજના વડીલો વગેરે સાથે નિઃસ્વાર્થ મૈત્રીભાવની મજાની જાહોજલાલી છે. વિદેશ-પ્રવાસનો બિલકુલ મોહ નથી, પણ ભારતમાં પ્રવાસ કરવાનો ભરપૂર શોખ છે અને એ શોખ આસાનીથી પૂરો કરી શકું છું. અનિવાર્ય હોય તો જ વિમાનનો પ્રવાસ કરું છું. ટ્રેનની લાંબી મુસાફરી સૌથી વધુ પ્રિય છે. શરૂશરૂમાં બાય રોડ સેલ્ફડ્રાઇવ સહિત પ્રવાસનું વ્યસન હતું, હવે સેલ્ફડ્રાઇવનો કંટાળો આવે છે. વાંચનનું વ્યસન પણ છે અને એ માટે અંગત લાઈબ્રેરીમાં ૧૦,૦૦૦ જેટલાં પુસ્તકો છે. સિગારેટ પીવાની લગભગ પચાસ વર્ષ જૂની આદત દસ મહિના અગાઉ સાવ આસાનીથી છોડી દીધી છે. બીજું શું જોઈએ ?અને છેલ્લે, મારી અઢળક નિષ્ફળતાઓનો અપયશ ઈશ્વરને ન આપવો પડે... એટલા માટે મારી કોઈ સફળતાનો યશ પણ ઈશ્વરને આપવા હું તૈયાર નથી!

❖ ❖ ❖ ❖


સંપર્ક : 9428568368
rohitshah.writergmail.com

# અતીતની બારીએથી....તપના પ્રકાર

**સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી – સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮**

કોવિદ-૧૯ કોરોનાની મહામારીના ચેપથી સંક્રમિતતાથી બચવા સમયોસમય સરકારો લૉકડાઉન જાહેર કરી 'ઘરે રહો સલામત રહો 'માસ્ક પહેરો,''સામાજીક અંતર રાખો' સલાહ આપતા આવ્યા છે. આવા કપરા સમયે આંતરિક જાગ્રતતા કેળવી કર્મ નિર્જરા અર્થે તપ કરવાની તક મળેલ છે. પ્રબુદ્ધ જીવનના અંકોમાં સ્વાધ્યાય-અભ્યાસ માટે સુશ્રી સુબોધિબેન મસાલીઆના 'તપ' વિષય ઉપરના લેખોની સૂચી નીચે મુજબની છે. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

| | |
|---|---|
| સપ્ટેમ્બર ૨૦૧૬ પ્રથમ અભ્યંતર તપ પ્રાયશ્ચિત | સુબોધિ મસાલીઆ |
| નવેમ્બર ૨૦૧૬ દ્વિતિય અભ્યંતર તપ-વિનય | સુબોધિ મસાલીઆ |
| ડિસેબ્બર ૨૦૧૬ ત્રીજું અભ્યંતર તપ- વૈયાવચ્ચ | સુબોધિ મસાલીઆ |
| જાન્યુઆરી ૨૦૧૭ પ્રથમ બાહ્યતપ અનસન | સુબોધિ મસાલીઆ |
| ફેબ્રુઆરી ૨૦૧૭ દ્વિતિય બાહ્યતપ ઊણોદરી | સુબોધિ મસાલીઆ |
| એપ્રિલ ૨૦૧૭ તૃતિય બાહ્યતપ-વૃતિસંક્ષેપ | સુબોધિ મસાલીઆ |
| મે ૨૦૧૭ ચતુર્થ બાહ્યતપ રસત્યાગ | સુબોધિ મસાલીઆ |
| જુન ૨૦૧૭ પાંચમો બાહ્યતપ કાય-કલેશ | સુબોધિ મસાલીઆ |
| જુલાઈ ૨૦૧૭ સંલીનતા - છઠ્ઠું બાહ્યતપ | સુબોધિ મસાલીઆ |
| સપ્ટેમ્બર ૨૦૧૭ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| ઑક્ટોબર ૨૦૧૭ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| નવેમ્બર ૨૦૧૭ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| ડિસેમ્બર ૨૦૧૭ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| જાન્યુઆરી ૨૦૧૮ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| ફેબ્રુઆરી ૨૦૧૮ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| માર્ચ ૨૦૧૮ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| મે ૨૦૧૮ અભ્યંતર તપ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| જુલાઈ ૨૦૧૮ સ્વાધ્યાય-ધ્યાન અને કાર્યોત્સર્ગ | સુબોધિ મસાલીઆ |
| ઓગસ્ટ ૨૦૧૮ ધ્યાનના પ્રકાર | સુબોધિ મસાલીઆ |
| સપ્ટેમ્બર ૨૦૧૮ ધ્યાનના પ્રકાર | સુબોધિ મસાલીઆ |
| ઑક્ટોબર ૨૦૧૮ વિનય તથા વૈયાવચ તપની અનુપ્રેક્ષા | સુબોધિ મસાલીઆ |
| નવેમ્બર ૨૦૧૮ સંલેખના વ્રત (અનસન) | સુબોધિ મસાલીઆ |
| ડિસેમ્બર ૨૦૧૮ અનસન તથા સલેખના તપની અનુપ્રેક્ષા | સુબોધિ મસાલીઆ |
| જાન્યુઆરી ૨૦૧૯ સંલેખના વર્ત વિષે શંકા અને સમાધાન | સુબોધિ મસાલીઆ |
| ફેબ્રુઆરી ૨૦૧૯ શુભ લેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભ ધ્યાન વિના સમતા નથી | સુબોધિ મસાલીઆ |



To

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of ever month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો આ મારો અંતિમ પત્ર હોય તો...

**શ્રી રોહિત શાહ**
સાહિત્યકાર અને પત્રકાર

'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રીએ જ્યારે મને 'જો મારો હોય અંતિમ પત્ર તો...' વિશે લેખ મોકલવા નોતર્યો ત્યારે એ વિષય જાણીને હું રાજી-રાજી થઈ થયો. એ રાજીપાના સોગંદ સાથે, ગીતા-ગ્રંથ પર હાથ મૂક્યા વગર પ્રતિજ્ઞા લઉં છું કે હું અહીં જે કાંઈ લખીશ તે માત્ર સત્ય જ લખીશ અને સત્ય સિવાય કશું જ નહીં લખું. મારો આ અંતિમ પત્ર હોવાની સભાનતા મને સત્યથી સહેજ પણ દૂર ન લઈ જાય એ માટે પણ હું એલર્ટ રહીશ.

મુંબઈથી પ્રગટ થતા ગુજરાતી દૈનિકપત્ર 'મિડ-ડે'માં, તા. ૨૭-૪-૨૦૧૪ના દિવસે શનિવારે મારી કોલમ 'નો-પ્રોબ્લેમ' અંતર્ગત, મેં મને પોતાને શ્રદ્ધાંજલિ આપતો લેખ 'સ્વ. રોહિત શાહને હાર્દિક શ્રદ્ધાંજલિ' લખ્યો હતો. આ રીતે મારા કાલ્પનિક મૃત્યુનો રોમાંચ મેં વારંવાર માણ્યો છે. મારું જીવન મને ખૂબ પ્રિય છે, છતાં મૃત્યુનો ભય મને કદી લાગ્યો નથી ! જેનું નિયંત્રણ મારા હાથમાં ન હોય એવી કોઈ બાબતનો ભય મને લાગતો નથી. મૃત્યુ અનિવાર્ય ઘટના છે અને વળી એનું નિયંત્રણ આપણા હાથમાં નથી હોતું, એટલે એનાથી ડરવાનું તો કોઈ કારણ જ નથી. સ્વમાનથી જીવવા માટે ખોટ ખાવાની જે ખુમારી હોવી જોઈએ એ મને મારા પિતાશ્રી ચીનુભાઈ તરફથી વારસામાં મળેલી અણમોલ ગિફ્ટ છે. લોકો કહે છે કે સચ્ચાઈથી જીવવાનું તલવારની ધાર પર ચાલવા જેવું અઘરું હોય છે. મારા અનુભવથી કહું તો સચ્ચાઈથી જીવવા જેટલું સહેલું અને સરળ કદાચ બીજું કશું નથી હોતું ! આપણને બાળપણથી સત્યનો માર્ગ મુશ્કેલ અને જોખમી હોવાનું કહેવામાં આવતું હોવાથી, આપણે દંભ અને જૂઠાણાનો 'પ્રેક્ટિકલ' માર્ગ અપનાવી લઈએ છીએ. એમ કરવાથી કદાચ તાત્કાલિક થોડુંક સારું અને સલામત લાગતું હશે, પણ આગળ જતાં એ જ બાબત ભારે ઉપદ્રવ કરનારી બની રહે છે. ખોટ ખાવાની ચોવીસ કેરેટની સજ્જતા સાથે આગળ વધનારને ખોટ તો ક્યારેય ખાવી જ નથી પડતી એવું હું અનુભવના આધારે કહી શકું છું.મારા જન્મ (૭ ડિસેમ્બર ૧૯૫૫)થી, મેં ઓલ્ડ એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી (૧૯૭૩) ત્યાં સુધીનાં મારાં ઘડતર, શિક્ષણ અને ઉછેર મારા વતન ટીંટોદણ (તા. વિજાપુર, જિ. મહેસાણા)માં મારાં બા-બાપુજી અને મારી બે બહેનોના સાંનિધ્યમાં થયાં. ત્યાર પછી કોલેજના અભ્યાસ માટે મોટાભાઈના સાંનિધ્યમાં અમદાવાદ આવ્યો અને અમદાવાદમાં જ સ્થિર થયો. બાળપણથી અધ્યાપક અને સાહિત્યકાર બનવાનું મારું ખ્વાબ અહીં સાકાર થયું. હું અમદાવાદ આવ્યો ત્યારે મને રેડિયો ઓન-ઓફ કરવાનું પણ નહોતું આવડતું. એ કારણે એક વ્યક્તિએ મારી મજાક ઉડાવી હતી. એ વ્યક્તિને ચેલેન્જ આપ્યા પછી માત્ર છ મહિનામાં મેં પ્રથમ વખત મારો રેડિયો કાર્યક્રમ આપ્યો હતો ! પડકારો ઝીલવાનું અને પરાક્રમો કરવાનું મારું બ્લડગ્રુપ છે. કોઈપણ કામમાં વિલંબ થાય એ મને ક્યારેય ગમતું નથી. એમ. એ. ભણતો હતો ત્યારે (૧૯૭૯માં) મારો પ્રથમ વાર્તાસંગ્રહ 'અતીતના આયનામાં' પ્રગટ થયો હતો. પ્રથમ કક્ષાનાં ગણાતાં તમામ ગુજરાતી ન્યૂઝપેપર અને વિવિધ સામયિકોમાં પારાવાર લખ્યું. મારાં ૩૦૦થી વધુ મૌલિક પુસ્તકો અને ૧૦૦થી વધુ સંપાદિત તથા અનુદિત પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. ઘણાં એવોર્ડ, પારિતોષિક અને સન્માન પણ મળ્યાં છે. મારાં તીખાં લખાણોને કારણે ત્રણેક વખત 'લાગણી દુભાયા'નાં ત્રાગાં સાથે મારી સામે નિષ્ફળ કાનૂની કાર્યવાહી પણ થઈ ચૂકી છે. **(વધુ માટે જુઓ અનુસંધાન પાનુ ૪૨)**

Postal Authority : if Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
Printed at : Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415
Editor : Dr. Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J. S. S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.